રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળા તથા
ઓપિનિયન પુરસ્કૃત શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળાના સંયુક્ત ઉપક્રમે
યોજાયેલ વર્ચ્યૂઅલ વ્યાખ્યાન




અમેરિકાસ્થિત સાહિત્ય-અભ્યાસી શ્રી મધુસુદનભાઈ કાપડિયા

## 'સૌ સૌના કર્ણઃ ઉમાશંકર, દર્શક, રવીન્દ્રનાથ અને બીજા'

તા. ૨૯-૦૮-૨૦૨૧ (દર્શક પુણ્યતિથિ)

વર્ષ: ૭૫ અંક : ૦૨ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧



શ્રી મોરારિબાપુ પ્રેરિત સૌ પ્રથમ રાષ્ટ્રીય વાલ્મીકિ-ઍવૉર્ડ
પદ્મશ્રી-સાહિત્યરત્ન શ્રી ગુણવંત શાહને...



# કોડિયું

વર્ષ : ૭૫ સપ્ટેમ્બર : ૨૦૨૧ અંક : ૦૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **દાનિશ સિદ્દીકીનો કેમેરા**<br>વિશાલ ભાદાણી | ...૫૧ |
| ૦૨ | **'દેડિયાપાડાનો વન અધિકાર સંઘર્ષ - ૩૨ વર્ષની કહાની': તૃપ્તિ પારેખ મહેતા**<br>મુનિ દવે | ...૫૪ |
| ૦૩ | **વૃદ્ધોનું મગજ વધુ તેજ: ઑલ્ડ ઈઝ ગોલ્ડ**<br>ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઑફ મેડિસીન | ...૫૭ |
| ૦૪ | **'પાલક' પ્રત્યે આવો પ્રેમ તો 'ગો-વંશ' જ વહાવી શકે ને!**<br>હીરજી ભીંગરાડિયા | ...૬૦ |
| ૦૫ | **ઈમાનદારીની રોટી**<br>મોરારિબાપુ | ...૬૪ |
| ૦૫ | **'સૌ સૌના કર્ણ': ઉમાશંકર, રવીન્દ્ર, દર્શક અને બીજા**<br>મધુસૂદન કાપડિયા | ...૬૫ |
| ૦૫ | **''વાલ્મીકિ પૃથ્વીના સૌથી પહેલા સત્યાગ્રહી છે'' : ગુણવંત શાહ**<br>ભદ્રાયુ વછરાજાની | ...૬૯ |
| ૦૬ | **સ્વપ્નો, ચિત્રો, રંગો, આગ: અમૃતા શેર-ગિલ**<br>સોનલ પરીખ | ...૭૩ |
| ૦૭ | **કર્મનિષ્ઠાની પરાકાષ્ઠા : લજ્જાકુમારી ગોસ્વામી**<br>સાધના પરમાર | ...૭૬ |
| ૦૮ | **સમાજોપયોગી લેખનકાર્યના પ્રણેતા: પ્રાણવન કાલરિયા**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૭૯ |
| ૦૯ | **'સાત'માંથી 'પાંચ' અને 'પાંચ'માંથી 'સાત'**<br>અચ્યુત મહેતા | ...૮૨ |
| ૧૦ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૮૩ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

### ધન્ય ઘડી પૂર્ણાવતારના અવતરણની ...

ઑગસ્ટ મહિનો એટલે તહેવારોની મોસમ. હૃદયમાં રાષ્ટ્રપ્રેમ જગાડતો સ્વાતંત્ર્ય દિન, મન અને દૃષ્ટિને નિર્મળ કરતો રક્ષાબંધન અને શ્રદ્ધા-પ્રેમથી ભીનો જન્માષ્ટમી. ઉમંગ, ભક્તિ અને ભાવની પવિત્ર હેલી- જાણે પૂર્ણિમાના દિવસે ઊછળતો દરિયો.

પણ પુરુષોમાં જેમ પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણ શ્રેષ્ઠ છે તેમ તહેવારોમાં ઉત્તમ અને પૂર્ણતાની અનુભૂતિ આપતો શ્રેષ્ઠ તહેવાર જન્માષ્ટમી છે. પૂર્ણાવતારના અવતરણથી વધુ ધન્ય ઘડી બીજી કઈ હોઈ શકે?

આજની ઘડી તે રળિયામણી...ના રાસગીતના બુંલદ અવાજે, ગુલાલ અને માટીની ભેગી ડમરી ઉડાડતા રાસે સૌ કોઈને જાગૃત કર્યા. મેં જોયું તો પંડિત સુખલાલજી લોકવિદ્યાલયના દરવાજે માઈધાર ગામના નાના-મોટા સૌ કોઈ કૃષ્ણભક્તિમાં રંગાઈને ધૂમ મચાવતા હતા.

લોકભારતીનું પ્રથમ દર્શન તે લોક-અભિમુખતા. વર્ષો પહેલા દર્શકદાદાએ આ વિસ્તારમાં કૃષ્ણજન્મોત્સવને લોકોત્સવ બનાવીને સંસ્કાર-ઘડતરની જબરી સુનામી આણેલી. લોકતત્ત્વ તો ગોપાલકૃષ્ણના ચરિત્રનું પણ પાયાનું તત્ત્વ છે. પાયામાં ગ્રામજીવન અને દૃષ્ટિ વિશ્વજીવન પર. ગોપાલન, દાણલીલા, ગોવર્ધનપૂજા અને નાગદમન તેમજ અસુરસંહારનો મહિમા આ દૃષ્ટિએ પણ વિચારવા જેવો છે. આ યુગના મોહન એટલે કે મહાત્મા ગાંધીએ પણ ગ્રામ અને વિશ્વ બંનેને નજરમાં રાખીને જ કામ કર્યું હતું. માઈધારની કૃષ્ણજન્મ ઉજવણી આ બધા વિચાર જગાડી ગઈ. આજે તો એમાં આધુનિક ઉપકરણોનો ઉમેરો થયો છે, પણ ભાવજગત સમૃદ્ધ અને સમરસ થયાના અનુભવે આંખો ભીની કરી દીધી.

નિર્ભય, નિસ્વાર્થ, સ્ફટિકમય, પવિત્ર એવી જડચેતન જગત પ્રત્યેની અસીમ અને અખૂટ ચાહત એટલે જ કૃષ્ણત્વ. મહાભારતના યુદ્ધની ભયાનકતા અને રાજકીય વિષ્ટિઓની કુટિલતા વચ્ચે પણ આ કૃષ્ણત્વ ઝંખવાયું નથી. ગીતાનું જ્ઞાન આ કૃષ્ણત્વથી; આ અસીમ, અખૂટ ચાહતના પુટથી ઝળહળે છે.

કૃષ્ણભક્તિ એટલે સર્વશ્રેષ્ઠ મૈત્રી. અકારણ, સ્વાર્થરહિત, ગણતરીઓ વિનાનો, કલ્યાણકારી અનુરાગ એ જ મૈત્રીનું ચરમ શિખર છે. કૃષ્ણએ જગતને, સૌને,પરસ્પરને ચાહવાનું શીખવ્યું. મનુષ્યજાતિને પ્રેમના બંધને બાંધવાનો આ કેવો પવિત્ર ફેવિકોલ છે!

જગતમાં જો આ પ્રેમની, ચાહતની સુનામી કોરોનાની મહામારીની જેમ ફેલાય તો તાલિબાન જન્મે જ નહીં.

— [signature]

## આદ્યતંત્રીઓની કલમે...

**પચ્ચીસીને પ્રભાતે...**

પચ્ચીસ વર્ષ થઈ ગયાં! હજુ તો ગઈ કાલની જ વાત. બુદ્ધજયંતી હતી. કાકાસાહેબના હાથે લોકભારતીનું ઉદઘાટન થવાનું હતું. અમે નક્કી કરેલું કે જાતમહેનતથી ઉદઘાટન કરવું, એટલે વહેલી સવારે કોદાળી-પાવડા લઈ અમે ખેતરે પહોંચી ગયા હતા. ઢેફાં ભાંગીને ઉદઘાટન કરવું હતું.

અમે અકિંચન જ હતા. આંબલાથી થોડી ગાયો અને થોડાં પુસ્તકો સિવાય કંઈ લાવ્યા નહોતા. એક છાપરું પણ નહોતું. ગામના લોકોએ ભલાઈથી ધર્મશાળા કાઢી આપેલી તેમાં અમે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ રહેતા. ભોંય ખાડાખૈયાવાળી. વર્ગનો ઓરડો અલગ નહીં. જ્યાં બેઠા ત્યાં નિશાળ. વિશાળ લીમડાનો ઓટલો એ જ અમારી પ્રાર્થનાભૂમિ અને ભોજનશાળા.

ધીમે ધીમે મકાન ઊભાં થયાં. ગૌશાળાના મકાનમાં વધારાની ગમાણમાં બિસ્તરા નાખ્યા, વિદ્યાર્થીઓએ જમાવ્યું. આખું પ્રાંગણ વેરાન હતું. એકબે ભૂત જેવા ખીજડા હતા ફક્ત. આજે એ જ જગ્યાએ નાના-મોટાં ત્રણેક હજાર વૃક્ષો લહેરાઈ રહ્યાં છે. આંબા, ચીકુ, સોનામહોર જેવા બોર, ટોપલે-ટોપલા લીંબુ, ફાલસા, શેતુર, જાંબુડા. ફૂલોનો પણ પાર નહીં. નર્સરીમાં ઈસ્માઈલદાદાના વારસા સમી ગુલાબની કંઈ કેટલીય જાત મહેકે છે. આજુબાજુનાં ગામડાંમાં અહીંના ફળ-ઝાડ, ફૂલ-છોડ, સંકર કપાસ-બાજરી, ટ્રોમ્બેની મગફળી, મેક્સિકોની જાતોમાંથી ઉપજેલા ઘઉં, નવા એરંડા, નવું જીરું પહોંચી ગયાં છે.

અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પણ કોઈ કેરી જેવા, કોઈ બોર જેવા, કોઈ ખાટા લીંબુ જેવા, કોઈ ખટમધુરા ફાલસા જેવા, તો કોઈ બોગનવેલિયા જેવા રુક્ષ અને નક્કર — ગુજરાતમાં ચારે બાજુ વિસ્તર્યાં છે અહીંના સેંકડો સ્નાતક-સ્નાતિકાઓ, તાલીમી મંત્રીઓ, તાલીમ પામેલા સરપંચો! દેશની મહાન સંસદમાં ને ગુજરાત ધારાસભામાં પણ અંગૂઠા ઠેરવીને બેઠા છે. તળાજા, ગીર, કચ્છની સૂકી ભોં, અને એનાથી ક્યાંય આઘા ધૂણી ધખાવીને બેઠેલા છે અહીંના તપસ્વીઓ.

વ્યક્તિજીવનનો એકાંગી વિકાસ થઈ શકતો નથી. થાય તો સમતોલનને અભાવે તૂટી પડે છે. રાષ્ટ્રજીવનનો પણ આ જ કાયદો છે. પુસ્તકિયું જ્ઞાન વધારો અને કર્મપ્રવણતા ન વધારો તો એ જ્ઞાનનો અપચો થઈ જશે. વ્યાપાર વધારો અને ખેતી વિકસાવો, પણ નાણાં ધીરનાર બેંકો ન આપો તો ગાડું ખોટકાઈ જાય.

લોકભારતીમાં અમે એક સમતોલ કેળવણી આપવા મથ્યા છીએ. ખેતી-રસાયણ વિજ્ઞાન ભણનાર શાકુન્તલ ન ભણે એવું નહીં. અને પ્લેટોથી માર્ક્સ સુધીનો રાજનીતિશાસ્ત્રનો વિકાસ ભણનારો, કમ્પોસ્ટના ખાડા ખાલી ન કરે એવું નહીં. કારીગરી અને માણસાઈનો સુમેળ જમાવવાનો છે.

સ્વામી વિવેકાનંદે બેલૂર આશ્રમ સ્થાપ્યો. ત્યારે કોઈકે કહ્યું, 'સ્વામીજી, તમારો સંન્યાસીનો આદર્શ શું છે?

સ્વામીજીએ કહ્યું, 'મારો સંન્યાસી વેદાંતની સૂક્ષ્મતમ ચર્ચા કરતો હશે, પણ બીજી જ પળે તેને કહેવામાં આવશે, તો શાક ઉતારી, ટોપલો માથે મૂકી, બજારમાં છેતરાયા વિના વેચી આવી શકશે.'

આ આદર્શથી અમે દૂર છીએ, છતાં તે જ આરાધ્ય છે.

એટલે અમે રોજ જપીએ છીએ 'અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયાઽમૃતમશ્નુતે' - અવિદ્યા એટલે ભૌતિક વિદ્યાઓની મદદથી મૃત્યુલોકને તરીને વિદ્યા એટલે કે અધ્યાત્મવિદ્યા વડે જીવનમાં શાંતિનો અનુભવ કરો.

**- મનુભાઈ પંચોળી 'દર્શક'(લોકભારતી રજતજયંતી વિશેષાંક, ૧૯૭૯)**

## દાનિશ સિદ્દીકીનો કેમેરા

વિશાલ ભાદાણી

એક તખ્ત પર યાતનાઓ ભજવાય તો શું દેખાય? ધ્રાસકો, ડૂમો, આંસુ, હીબકાં, હૈયાફાટ રુદન કે પછી દિવસો સુધીનો સુન્ન કરી દેનારો ખાલીપો ઓઢીને ખૂણો બની ગયેલો માણસ? આ યાતનાઓ એટલે બીજું કઈ નહીં પણ દુનિયાનો એક નાનકડો વર્ગ જે ઝાકમઝોળ માણે છે એની વિશાળ સમુદાય દ્વારા ચૂકવવામાં આવતી કિંમત!

કમલેશ્વરની જગવિખ્યાત નવલકથા 'કિતને પાકિસ્તાન'માં એક પાત્ર પીડિતોનાં આંસુઓ એકઠાં કરવાનું કામ કરે છે અને પછી એનું પૃથક્કરણ કરીને એ આંસુઓ કઈ પીડાનું પરિણામ છે એ જાણવાની કોશિશ કરે છે. દાનિશ પણ લગભગ આવું જ કામ કરતા. ઉત્તર કોરિયાના ભૂમિતિના આકારોમાં પીસાતી-સુખી વાતાવરણથી માંડીને મુંબઈના ભાડાના મકાન સુધી અને રોહિંગ્યા રેફ્યુજીઓથી માંડીને તાજેતરની અફઘાનિસ્તાન લડાઈ સુધી, તો નેપાળ ભૂકંપથી માંડીને કોરોના સુધીનો વ્યાપક પટ દાનિશના કેમેરામાં ઝૂમ થાય છે. કેન્દ્રમાં માણસ છે—એની લાચાર આંખો છે, કીકીના પાછલા પંડાલમાં આશા-નિરાશા વચ્ચે હાલક-ડોલક થતી જીવન નામની હોડી!

જેને ૨૦૧૮માં પુલિત્ઝર પ્રાઇઝ મળ્યું એવા ભારતીય ફોટો-જર્નાલિસ્ટ દાનિશ સિદ્દીકી હવે આપણી વચ્ચે નથી. એમની ઉંમર ૪૧ વર્ષ હતી. તાલિબાન દ્વારા જે ક્રોસફાયર થયું એમાં ૧૫ જુલાઈના રોજ દાનિશનો જીવ ગયો.

એક સભ્યતા તરીકે આપણી યાતનાઓ કેટલી પુખ્ત થઈ છે? સ્લો-મોશનમાં એને જોવી-જાણવી-સમજવી હોય તો દાનિશે પાડેલા ફોટોઝ સાથે મરસિયાં ગાવા પડે!! એમનો પ્રત્યેક ફોટો આપણી અંદર રહેલી વિચારશીલ વ્યક્તિને સજીવન કરે છે. એમના ફોટા National Geographic Magazine, New York Times, The Guardian, The Washington Post, Wall Street Journal, Time Magazine, Forbes, Newsweek, NPR, BBC, The Independent, The Telegraph, Gulf News, Libèration વગેરે અનેક પ્રખ્યાત સમાચારપત્રો, સામયિકો અને વેબ-પોર્ટલ્સમાં પ્રકાશિત—પ્રદર્શિત અને સન્માનિત થયા છે.

સ્કૂલમાંથી પ્રવાસમાં હિમાલય ગયેલા ત્યારે પહેલી વખત, પડોશીનો કેમેરા ઉછીનો લઈને પહેલી વખત ફોટોગ્રાફી કરનાર દાનિશ પછી ફિલ્મ સ્કૂલમાં સ્ટીલ-ફોટોગ્રાફીની તાલીમ મેળવે છે. અર્થશાસ્ત્રના સ્નાતક હોવાને લીધે સાંપ્રત જગતની પીડામાં અર્થકારણ કેવી ભૂમિકા ભજવે છે એની વિશેષ સમજણ દાનિશની ફોટોગ્રાફીમાં સ્પષ્ટ દેખાય છે. દાનિશ કહે છે કે, 'ફોટોગ્રાફીની મારી ૯૦% તાલીમ ફોટો-જર્નાલિસ્ટ તરીકેની નોકરી દરમિયાન થઈ.' Reuters નામની આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીમાં કામ કરતાં કરતાં દાનિશ દુનિયાભરમાં પીડાનું પૃથક્કરણ કરવા નીકળી પડતા. એમની આ કળા માટે એમને અમેરિકા, ઇંગ્લેન્ડ, ચાઇના અને ભારતમાં વિવિધ પારિતોષિક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. ચાલો, થોડાં ફોટોગ્રાફ્સ વિષે વાત કરીએઃ

**નોર્થ કોરિયા**

દાનિશના નોર્થ કોરિયાના ફોટા જોઈએ, ત્યારે ખ્યાલ આવે કે જ્યાં બધું જ એક સરખું હોય ત્યાં કેવા પ્રકારનું દમન થતું હશે. એ સમાજમાં જે પેઢીઓ ઉછરી રહી છે

એમનું આંતરવિશ્વ કેવું હશે. સહજ અને નાની-નાની માનવીય ઇચ્છાઓ અને અભીપ્સાઓ પર જ્યારે શિસ્ત નામનો હાથી બેસાડવામાં આવે, ત્યારે કેવો સમાજ બને એ જોવા માટે આ આખી સિરિઝ મહત્ત્વની છે. એક ફોટામાં મહિલા સૈનિકના હાથમાં આઇસ્ક્રીમનો નાનકડો કોન છે એ જોઈને જાત-જાતના વિચારો આપણી અંદર ધડ-ધડ ફૂટવા લાગે. તો વળી બીજામાં જેનું મોં ખૂલ્લું છે અને દાંત દેખાય છે એવા વિશાળ ડાયનોસોરના પૂતળાને બ્લર કરીને એની આગળ ઉભેલા એક સૈનિકને દાનીશ ફોકસ કરે છે. પણ ખરેખર પેલું પૂતળું કીમ યુંગની સત્તાનું પ્રતીક બનીને આપણી આંખોને ખૂંચવા લાગે. કતારબદ્ધ પરેડમાં ભાગ લેનાર યુવક-યુવતીઓની લાચારીને હળવેકથી કોતરવામાં દાનિશ સફળ રહે છે.

**રોહિંગ્યા રેફ્યુજી**

આવો, આ જુઓ. રોહિંગ્યા મુસલમાનોને મ્યાનમારમાંથી હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે જીવ બચાવવા સમુદ્રની વાટ પકડવા મજબૂર એવા ગરીબ અને લાચાર બંધુ-ભગિનીઓની કકળતી આંતરડીઓ ગણો. પોતાનું વતન છોડવા મજબૂર એક મહિલા હોડીમાં બેસતાં પહેલાં છેલ્લી વાર એ ધરતી પર ધ્રુસકા સાથે હાથ ફેરવે છે એ દૃશ્ય કેમેરામાં ભરતા દાનિશે શું અનુભવ્યું હશે એની કલ્પના કરો. જેને બિલકુલ ખબર નથી કે આ હોડીઓને અન્ય કોઈ દેશ પોતાના કિનારે આશરો આપશે એવા લોકો માસુમ બાળકોને માથે ઉપાડીને જઈ રહ્યા છે, એ વખતે એમના ચહેરા પર હતાશા અને અનામી સરનામે લખાયેલી ફરિયાદી ટપાલો આ બધા જ ફોટામાં કેન્દ્રસ્થાને છે. કદાચ મા-દીકરી અથવા તો સાસુ-વહુ હશે. ઢીંચણથી થોડે નીચેના પાણીમાં ઊભી છે અને એ દરિયાનાં મોજાં જાણે કે એમને બહાર ધકેલે છે. આ ફોટો જોતાં પહેલો વિચાર એ આવે છે કે શું એ દિવસે દરિયાના પાણીની ખારાશમાં વધારો નહીં થયો હોય...! અહીં કેદારનાથ સિંઘની કવિતાનો એક અંશ અસ્થાને નહીં ગણાયઃ

फिर डूब जाता है सूरज
कहीं से आती हैं
पानी पर तैरती हुई
लोगों के बोलने की तेज आवाजें
कहीं से उठता है धुआं
पेड़ों पर मंडराता हुआ
और पानी में घिरे हुए लोग
हो जाते हैं बेचैन
....
सिर्फ उनके अंदर
अरार की तरह
हर बार कुछ टूटता है
हर बार पानी में कुछ गिरता है
छपाक... छपाक...

આ બાજુ સેંકડો લોકો આકાશ સામે આશાભરી નજરે હાથ લંબાવીને કશુંક આવે એની રાહ જોઈ રહ્યા છે. હમણાં જ ફૂડ-પેકેટ્સ પડશે અને ઊકળતા પેટમાં કૈંક પડશે એવી અપેક્ષાએ લંબાવેલા હાથ અને એમાં હાથના પોંચાની આંગળીઓ વચ્ચેની જગ્યામાં દુનિયા આખીનું ડહાપણ દેખાય! એક વિચાર એવો પણ આવે કે એમાંથી જેમના હાથમાં ફૂડ પેકેટ નહીં આવે એ શું કરશે?

**ઈસ્ટર બોમ્બિંગ – શ્રીલંકા**

૨૧, એપ્રિલ ૨૦૧૯ના રોજ શ્રીલંકામાં ત્રણ ચર્ચ અને ત્રણ હોટેલમાં એમ છ આતંકી હુમલા થયા જેમાં આત્મઘાતી બોમ્બિંગમાં કુલ ૨૬૭ લોકો મૃત્યુ પામ્યાં અને ૫૦૦ જેટલાં ઘાયલ થયાં. દાનિશનો કેમેરા આવી ભયંકર ઘટનાને સાવ જુદી રીતે જુએ છે. એક પણ ફોટોમાં ચર્ચ કે હોટેલનો કાટમાળ નથી કે નથી લોહી-લુહાણ કણસતા લોકો! તો શું છે? દાનિશ આ હુમલામાં જે બાળકો મૃત્યુ પામ્યાં તેમના રૂમનો ખાલીપો આપણી આંખમાં આંજે છે. હુમલાની અગાલી રાત્રે બાળક જે પથારી પર સૂતું હતું એ પથારીઓ

હજુ વાળી જ નથી. શાળાની ખાલી બેંચ પર બેઠેલો ખાલીપો. એ સિવાય મૃત લોકો જ્યાં કામ કરતાં હતાં, એ જગ્યાઓ—એક સિલાઈનું મશીન, એક રિક્ષા અને મિસ્ત્રીનો વર્કશોપ. આ બધું જ સાવ નિર્જન.

**કોવિડ—૧૯**

તમને યાદ હશે કે બીજી લહેર દરમિયાન આંતરરાષ્ટ્રીય મીડિયામાં એક ફોટો ખૂબ જ વાયરલ થયેલો જેમાં વિશાળ મેદાનમાં સેંકડો ચિતાઓ સળગે છે. એ ફોટો દાનિશે લીધેલો. આ સિવાય પીપીઈ કીટ પહેરલ એક વ્યક્તિ ખુલ્લા મેદાનમાં જરા ઝૂકેલી અને હતાશ ઊભેલી—કદાચ એ સ્વાસ્થ્યકર્મી હશે અને એણે પોતાનું કોઈ સ્વજન ગુમાવ્યું હશે. લોકો માલ-સામાનના ટેમ્પો અને વાહનમાં બેસીને પોતાના વતન તરફ ભાગી રહ્યાં હતાં અને પોલીસ એમને રોકી રહી છે એવો એક ફોટો તંત્ર, માનવીય વલણો અને મહામારીનો ત્રિકોણ દર્શાવે છે. છેલ્લી ઘડીએ પોતાના સ્વજનનું મોં જોવા માટે તલસતી મહિલાનું આક્રંદ સ્ટીલ-ફોટામાંથી પણ સંભળાય છે. એક ફોટામાં પ્લાસ્ટિક કિટમાં દોરડાથી બાંધેલ મૃતદેહ પડ્યો છે અને ધૂળની ડમરી વચ્ચે જે.સી.બી. દેખાય છે! આ ફોટા જોતા એક વિચાર આવે છે કે એ મૃત વ્યક્તિ અને એનાં સ્વજનો કેટલાં કમનસીબ હશે જેમને મૃત્યુ નામની ઘટનાની પરંપરાગત ‘ઊજવણી’ કરવાનું ન મળ્યું!

આ સિવાય દાનિશના કેમેરાએ મુંબઈ, કાશ્મીર, મોસુલ, સ્વિત્ઝરલૅન્ડ, હોંગકોંગ, વગેરેની પીડાને જગત સામે મૂકી છે.

ઉપરોક્ત જે ફોટા વિષે વાત કરી છે એ અને એ સિવાયના એવા જ અન્ય ફોટા જોવા હોય તો નીચે આપેલ દાનિશની ઓફિશ્યલ વેબસાઈટ પર જોઈ શકાય. છેલ્લો સવાલ એક જ છેઃ માનવીય પીડાનું પૃથક્કરણ કરનાર દાનિશનો કેમેરા હવે કોણ ઉપાડશે?

https://www.danishsiddiqui.net/new-page

**સંબંધ**

‘જો, રેશમા, લગ્ન બાદ તારે નામ બદલવું પડશે.’ રાહુલ બોલ્યો.

‘પણ શા માટે, રાહુલ? એવું શું કામ? તારો પરિવાર કે મારો પરિવાર આ સંબંધને ઈચ્છતા નથી. આપણે આ શહેર છોડીને બીજા શહેરમાં જઈએ છીએ, ત્યાં આપણું નવું ઘર હશે. આપણી જ દુનિયા હશે. પછી શા માટે તું એવું ઈચ્છે છે કે, મારે નામ બદલવું જોઈએ?!’

પછી એકધારું રાહુલ સામે જોયું ને બોલી, ‘રાહુલ, તેં મને પ્રેમ કર્યો હતો કે મારા નામને? તને ખબર હતી હું મુસ્લિમ છું, છતાં તું આ સંબંધમાં આગળ વધ્યો. મેં તને ચેતવ્યો હતો. ત્યારે તેં જ કહેલું કે મારે ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી.’

રેશમા આગળ બોલે તે પહેલાં જ રાહુલે તેની વાત કાપી નાખી બોલી ઊઠ્યો, ‘હા, એ બધું બરાબર છે, છતાં પણ!’

‘શું છતાં પણ?’ રેશમા બોલી. પછી રાહુલનો હાથ તેના હાથમાં લઈને બોલી, ‘હું તને કહું કે, તું તારું નામ જે છે રાહુલ તેને બદલે રહીમ રાખી દે!’

‘રેશમા...’ રાહુલે રાડ પાડી.

‘ચિલ્લા મત. પહેલાં તું ચોખ્ખો થા, પછી મારી પાસે આવજે.’ રેશમા તેનો હાથ છોડાવી રૂમમાંથી બહાર નીકળી ગઈ. રાહુલ આશ્ચર્યચકિત થઈને જોતો રહ્યો.

-ફિરોઝ હસ્નાણી (firoz1010817@gmail.com)

## 'દેડિયાપાડાનો વન અધિકાર સંઘર્ષ - ૩૨ વર્ષની કહાની': તૃપ્તિ પારેખ મહેતા

મુનિ દવે

આ પુસ્તક બહુ રસપૂર્વક વાંચી ગયો. આર્ચ (ARCH – Action Research In Community Health and Development) સંસ્થાએ કરેલાં કામોનું બહુ સરસ દસ્તાવેજીકરણ થયું છે. તેમની ધીરજ, નિષ્ફળતા પચાવવાની શક્તિ, લીધેલાં કામોમાં વર્ષો સુધી મંડ્યા રહેવાની ધગશ, દરેક કાયદાનો ઊંડાણથી અભ્યાસ, સરકારી યોજનાઓની આટીઘૂંટી સમજવી, એ બધું અભિનંદનને પાત્ર છે. આદિવાસીઓ તેમની માણસ તરીકેની સહજ જીવન જીવવા માટેની લઘુતમ જરૂરિયાતો સાથે જીવી શકે તેવાં કામોમાં જે અવરોધો આવે છે તે નિરાશા, ઉશ્કેરાટ, ગુસ્સો, જગાડે તેવાં છે.

આ અવરોધો વિવિધ પ્રકારના છે, જેવા કેઃ

- સરકારી અધિકારીઓની વ્યક્તિગત અસંવેદનશીલતા અને નફ્ફટાઈ
- ક્યારેક તેમના રાજકારણી સાહેબોને કારણે દેખાતી બેફિકરાઈ
- જંગલખાતાની અને તેમની સાથે ભળેલા પોલિસખાતાની જોહુકમી
- અત્યંત ગરીબ, અધભૂખ્યા, અભણ, દબાયેલા, કોઈ પ્રકારની સગવડોથી વંચિત, આદિવાસીઓ, કાયદાઓ અને અધિકારોથી અજાણ, સરકારી અધિકારીઓ સામે બોલવાની હિંમતનો સદંતર અભાવ
- વિવિધ કાયદાઓ અને તેનું અર્થઘટન (તૃપ્તિબહેને તે માટે LL.B. કર્યું.)
- સરકારની વિવિધ યોજનાઓને સમજવી અને તેનું અમલીકરણ આ સરકારી તંત્ર પાસે કરાવવું
- સ્વાર્થી રાજકારણીઓ
- સરકાર પોતાના હિત માટે જંગલને રીંછનું અભયારણ્ય જાહેર કરી દે અને જ્યારે જરૂર પડે ત્યારે અભયારણ્યનો વિસ્તાર વધારી દે
- માંડ ગાડી પાટે ચડે, નિયમાનુસાર કામ કરવાની તૈયારી થાય ત્યાં જે તે સક્રિય અને મદદ કરવા ઇચ્છુક અધિકારીની બદલી થઈ જાય અથવા કરાવી દેવામાં આવે
- બહુ ઓછા અધિકારીઓને નિયમસર કામ કરવામાં રસ હોય અથવા પોતાના માણસો પાસે કામ કરાવવાની આવડત હોય
- સરકારી તંત્રની ગોકળગાયની ગતિએ થતી કામગીરી
- સરકારી ખાતાઓ દ્વારા ચાલતી ગેરકાયદે પ્રવૃતિઓ(આદિવાસી પોતાના જંગલમાંથી બેચાર વાંસ લે તો ગુનો બને અને સરકાર મિલોને બધા વાંસ કાપી જવાની છૂટ આપી પૈસા કમાય)
- હાઈકોર્ટનો ચૂકાદો સરકાર ધરાર ન સ્વીકારે
- તે વિસ્તારના ધારાસભ્ય કે સંસદ સભ્ય તરફથી ભાગ્યે જ કોઈ મદદ મળે.(પાંચ વર્ષને અંતે પોતાના વિસ્તારના વિકાસમાં આ બધાં કામો કદાચ ગણાવતાં હશે અને તેનો જશ પણ લેતાં હશે)
- દરેક વખતે આદિવાસીઓની મુશ્કેલી સમજી શકે તેટલા સંવેદનશીલ કોર્ટના જજો ન હોય
- નવો કાયદો બને તો વર્ષો સુધી તેના નિયમો ન બને એટલે કાયદાનો અમલ ન થાય
- સરકારી અને ઔદ્યોગિક કાર્યોમાં અવરોધ ઊભો કરવાના ગુના રૂપે આ કર્મશીલોને જેલ થાય, માર પડે કે હત્યાની ધમકી અપાય અથવા રાજ્ય કે કેન્દ્ર સરકારને ઉથલાવી દેવાની સાઝીશ કરવાનો આક્ષેપ મૂકી રાષ્ટ્રદ્રોહ

જેવા આરોપસર કોઈ અદાલતી કાર્યવાહી વગર મહિનાઓ સુધી જેલમાં પૂરી દેવાય.

એવું લાગે કે જાણે આ કર્મશીલો સાપ-સીડીની રમતમાં હોય. મહામહેનતે ૯૮ નંબરના ખાનામાં પહોંચે ત્યારે ત્યાં સરકારી(રાજકારણીઓ, અધિકારીઓ, કોર્ટ, સમગ્ર તંત્ર) નીંભરતાનો સાપ મોઢું ખોલીને બેઠો હોય, જે ૨ નંબરના ખાનામાં પહોંચાડી દે. આથી ફરી એકડેએકથી શરૂઆત કરવાની.

આ કામોની વિશેષતા એ છે કે એ સંપૂર્ણપણે અહિંસક આંદોલન હતું. ધરણાં અને સરઘસોમાં ૧૦૦, ૫૦૦ કે ૧૦૦૦ આદિવાસીઓ આવે તેમ છતાં આટલાં વર્ષોમાં ક્યારેય એક કાંકરીચાળો સુદ્ધાં નથી થયો. જે કોઈ ફરિયાદ કે અરજી થાય તેમાં શક્ય તેટલું વાસ્તવિક સત્ય પકડી રાખવાનું. કોઈ વાત વધારીને કે કાલ્પનિક નહીં કહેવાની કે લખવાની. કોઈ સરકારી વ્યક્તિ કે અધિકારીનો દ્વેષ નહીં કરવાનો. કોઈ વ્યક્તિ સામે કોઈ પ્રકારની વૈરવૃત્તિ નહીં રાખવાની. ભાષા એકદમ સભ્ય રાખવાની.

**૩૦ વર્ષની લડત પછી સંસદે વન અધિકાર કાયદો બનાવ્યો અને આદિવાસીઓને તેમના અધિકારો મળ્યા. પણ કોઈ રાજ્ય સરકારો કે જંગલખાતાના અધિકારીઓ તેને અમલમાં મૂકવા માટે તૈયાર નહોતા...**

૧૯૮૦ની સાલ સુધી – એટલે કે આઝાદીનાં ૩૦ વર્ષ બાદ પણ દેડિયાપાડા વિસ્તારના આદિવાસીઓની હાલત કેવી હતી? જે આદિવાસીઓ એ જમીન પર ચાર-પાંચ પેઢીઓથી વસેલા હતા તેમની પાસે એ જંગલની જમીનનો કે ઉપજનો પોતાના જીવનનિર્વાહ માટે(પેટ ભરવા થોડી જમીન પર ખેતી કરવી, કંદમૂળ કે જંગલી ફળોનો ખાવા માટે ઉપયોગ કરવો, વાંસ, કે અન્ય લાકડાનો ઉપયોગ પોતાનું ઘર બનાવવા કરવો, ટીમરુંનાં પાન ભેગાં કરી બે પૈસા રળવા) ઉપયોગ કરવાનો અધિકાર નહોતો. જ્યારે આવું કરતા જંગલના ગાર્ડ જોઈ જાય તો ઢોરમાર મારે, તેમના બળદો ઉપાડી જાય, લાંચ માટે તેમની પાસેથી પૈસા ઉપરાંત મરઘાં કે બકરાં લઈ જાય, તેમનાં ખેતરોને ખોદી નાખી તેમાં વૃક્ષો વાવી જાય. આ કારણે કોઈ પેન્ટ શર્ટ પહેરેલો માણસ દૂરથી આવતો દેખાય તો લોકો ઘર છોડી જંગલમાં સંતાઈ જાય. સરદાર સરોવર બનાવતી વખતે ઘણું જંગલ ડૂબમાં ગયેલું હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે બૂમરાણ થયેલી. આથી સરકારે બાજુના જંગલને રીંછોનું અભયારણ્ય જાહેર કરી દીધું. એટલે ત્યાં રસ્તાઓ ના બને, વીજળીના તારો ન નંખાય. તેની જમીનમાં ખેતી ન થઈ શકે, આથી કિસાન તરીકેના કોઈ લાભો એ આદિવાસીઓને ન મળ્યા. તે દિવસોમાં કોઈ આદિવાસીની હિંમત નહોતી કે જંગલના ગાર્ડ કે અધિકારીઓ સામે આંખ મેળવી વાત કરી શકે.

૩૦ વર્ષો સુધી આર્ચ અને તેવી ગાંધીવિચાર આધારિત સંસ્થાઓએ ગુજરાતમાં અને દેશભરમાં આદિવાસીઓના હકો માટે જે લડત ચલાવી તેને કારણે અને પછીથી સંસદે વન અધિકાર કાયદો બનાવ્યો અને આદિવાસીઓને તેમના અધિકારો મળ્યા. પણ કોઈ રાજ્ય સરકારો કે જંગલખાતાના અધિકારીઓ તેને અમલમાં મૂકવા માટે તૈયાર નહોતા. તેની સામે સતત લડવું પડ્યું. કેટલીયે વાર અદાલતોનો આશરો લેવો પડ્યો. ધરણાં અને રેલીઓ કરવા પડ્યાં. ધરપકડો વહોરવી પડી. (ને આજના સમયમાં આવા ઘણાં કર્મશીલોને અર્બન નક્સલ કે માઓવાદીનું બિરુદ મેળવી UAPA કાયદા હેઠળ જેલમાં રહેવું પડ્યું છે) ૨૦૧૮માં, એટલે કે ૩૦ વર્ષ પછી આજે આ આદિવાસીઓ પાસે કાયદેસર પોતાની જમીનો છે. તેમની પાસે કિસાન ક્રેડિટ કાર્ડ છે. જંગલના વાંસ પર તેમનો અધિકાર છે. સરકારની રાહ જોયા વગર તેમણે જાતે રસ્તાઓ બનાવી લીધા છે. હવે ફોરેસ્ટ ઓફિસરને આદિવાસી સ્ત્રી કહી શકે છે કે “સાહેબ, તમારે તો નોકરી છે. તમે તો કામ કરશો કે નહીં કરો, દર મહિને તમને તો પગાર મળી જશે પણ અમારી પાસે બેઠો પગાર થોડો આવવાનો છે? અમે તો ખેતી અને મજૂરી કરીશું ત્યારે અમારાં છોકરાંવને ખવડાવી શકીશું.” હવે જંગલખાતું જો

તેમના બળદો ઉપાડી જાય તો ૫૦ લોકોનું ટોળું જઈને છોડાવી લાવે છે અને જંગલના ગાર્ડ બિચારા થઈને જોઈ રહે છે. હવે ત્યાંની બનાવેલી આદિવાસી ગ્રામસભા વાંસ અને ટીમરુ પાનનાં વેંચાણ માટે લાખોના સોદા જાતે કરે છે. હવે તેમના યુવાન છોકરા-છોકરીઓ અંગ્રેજી અને કમ્પ્યુટર શીખે છે. આ જાગૃતિ કોઈ રાજકીય પક્ષોને ગમતી નથી એટલે બધી ગેરસરકારી સંસ્થાઓ(NGOs) પર દબાણ વધારે છે. ગુજરાતમાં નક્સલવાદ આવ્યો નથી તેનું મુખ્ય કારણ આ દ્રષ્ટિ છે જે આદિવાસીઓના શિક્ષણ, આરોગ્ય અને તેમના જીવન જીવવાના અધિકારો માટે વરસોથી કામ કરે છે.

આ સાથે બીજી એક વાત પણ વિચારવા જેવી લાગે છે.

હમણાં એક પુસ્તક ધ્યાન પર આવ્યું. ‘The paradox of rural development in India’ – Suresh Suratvala. મુ. જ્યોતિભાઈ દેસાઈએ એ પુસ્તક વિશે વિગતવાર લખ્યું છે અને તેમનું પુસ્તક(વિકાસનું ભૂત ત્યજી માનવ બનીએ) તૈયાર થવામાં છે.

એ પુસ્તકમાં એક મહત્ત્વનો મુદ્દો સુરેશભાઈએ રજૂ કર્યો છેઃ છેવાડાના માણસોનો આર્થિક વિકાસ થાય, તેમના હાથમાં પૈસો આવે તેની સાથે જે બદીઓ આવે છે અને તે જાણ્યા પછી એ વિચાર આવે કે શું આને વિકાસ કહેવો? ગરીબ, ભોળો, નિષ્પાપ માણસ પૈસો હાથમાં આવતો શહેરી લોકો જેવો સ્વાર્થી, જમીનથી અળગો, લોભી, શરીર શ્રમથી દૂર થઈ જાય અને ઘણાં વચેટિયાઓ, વ્યાજખોરો એ સમાજમાં આવી જાય તેને અટકાવવાનો કોઈ ઉપાય ખરો? લોકોનો વિકાસ કરવામાં આપણાથી કઈ ભૂલો થઈ?

અંતમાં આ મુદ્દા વિષે કંઈક લખ્યું હોત તો કરેલાં અને થયેલાં કામોની સફળતા માપવાનો વધુ એક આધાર મળી શકત.(જેમ વિનોબાજીએ કહ્યું છે કે “તમે કેટલા કૂવા બનાવ્યા, કેટલા લોકોને રોજગારી અપાવી તેના આંકડા આપો છો એ સારી બાબતો છે પણ એથી લોકોમાં સંતોષ વધ્યો? તેનું માપ કાઢ્યું? જો સંતોષ ના વધ્યો તો આ બધાથી શું ફાયદો થશે?”)

આપણો અનુભવ છે કે પૈસો વધવાની સાથે આપણો અસંતોષ વધતો જાય છે.(મેનેજમેન્ટમાં એને Creative Tension જેવું રૂપકડું નામ આપ્યું છે) હવે એ આદિવાસીઓને પણ શહેરના લોકોની જેમ જીવવાનું મન થશે, તેમનાં જેવી સુખ સગવડો, સાધનો જોઈશે. અને એવું થાય તે સ્વાભાવિક જ છે. સુરેશભાઈએ પૂછેલો આ બહુ અગત્યનો અને ગંભીર પ્રશ્ન છે, જેનો ઉકેલ કદાચ કોઈ પાસે નથી. પણ એ વિષે ચર્ચા તો ચાલુ કરવી જોઈએ.

આજકાલ જ્યારે વિકાસનો અર્થ મોટા ફ્લાયઓવરો, બુલેટ ટ્રેન, વિશાળ હાઈવે, ઊંચાં પૂતળાં વગેરે થઈ ગયો છે ત્યારે આપણે તૃપ્તિબહેન(Mob: 94275 91540, email: truptiparekh1@hotmail.com)નો આભાર માનીએ કે આપણા જેવા શહેરના લોકોને માટે અજાણ્યા એવા ભારતનો અને તેમાં એક બિનસરકારી સંસ્થા દ્વારા થતાં આવાં ‘વિકાસ’ કાર્યોનો પરિચય કરાવ્યો. આ વિકાસનો અર્થ સમજવાની આપણને જરૂર છે. આર્ચ સંસ્થાના બંધ થયેલા માસિક ‘ખોજ’ની ખોટ થોડીક પૂરાઈ.

**હરિનો સાથ**

નથી તું એકલો, હરિએ સાથ દીધો છે;
માત સો વૃક્ષો શીળો છાયડો ઢોળે,
તાત સો વાયરો ભેટી રહ્યો છે તને.
ભાંડુઓ શાં ફૂલો શોભા સુગંધે ભર્યાં,
ડાળે ઝૂલતાં વાતો કરી રહ્યાં;
ખળખળ વહે જળ નદીતણાં,
બાળકો શાં કલરવ કરી રહ્યાં.
ક્યાં છો એકલો? પ્રભુએ સાથ દીધો છે.

- ભાદ્રેશ ભટ્ટ

## ૦૩. વિજ્ઞાન અને ટૅક્નોલૉજી

### વૃદ્ધોનું મગજ વધુ તેજઃ ઑલ્ડ ઈઝ ગોલ્ડ

ન્યૂ ઈંગ્લૅન્ડ જર્નલ ઑફ મેડિસીન

જ્યૉર્જ વૉશિંગ્ટન યુનિવર્સિટીની કૉલેજ ઑફ મેડિસીન કહે છે કે વૃદ્ધ વ્યક્તિનું મગજ આપણે ધારીએ છીએ તેના કરતાં ઘણું વધારે સ્થિતિસ્થાપક હોય છે. આ ઉંમરે ડાબા અને જમણા મગજ વચ્ચે સૌથી વધારે સંવાદિતા હોય છે અને તેથી વ્યક્તિની સર્જનાત્મક શક્યતાઓ વધી જાય છે. તેથી જ આપણે જોઈએ છીએ કે ૬૦ વર્ષની આસપાસની ઉંમરે માણસ સર્જનાત્મક પ્રવૃત્તિ શરૂ કરે તેવું બને છે.

અલબત્ત, એ ઉંમરે મગજની કાર્યશક્તિ યુવાનીમાં હોય તેના કરતાં ઘટી ગઈ હોય છે. પણ સ્થિતિસ્થાપકતા વધી ગઈ હોય છે તેથી તેની યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વધી જાય છે અને એના નકારાત્મક થવાની શક્યતા ઘટી જાય છે. ૭૦ વર્ષની ઉંમરે માણસ બૌદ્ધિક પ્રવૃત્તિઓના શિખરે પહોંચે છે કારણ કે એ વખતે તેનું મગજ પૂર્ણ શક્તિથી કામ કરતું થાય છે.

સમય સાથે મગજમાં રહેલી મ્યેલિન શિથનું પ્રમાણ વધે છે. આ પદાર્થ ન્યુરોન વચ્ચેના સંદેશવ્યવહારને ઝડપી બનાવે છે. આને લીધે વૃદ્ધત્વમાં બૌદ્ધિક ક્ષમતામાં અનેકગણો વધારો થાય છે. આનું સૌથી વધારે પ્રમાણ ૬૦થી ૮૦ વર્ષ દરમ્યાન થાય છે. રસપ્રદ વાત એ છે કે ૬૦ વર્ષ વટાવ્યા પછી માણસ એક જ સમયે મગજના બંને ગોળાર્ધનો ઉપયોગ કરી શકે છે. તેને લીધે જટિલ સમસ્યાઓ ઉકેલવાની તેની ક્ષમતા વધે છે. 'ઘરડા ગાડાં વાળે' કહેવત અમસ્તી તો નહીં પડી હોય!

મોન્ટ્રિયલના પ્રો. મોકી યુરી માને છે કે વૃદ્ધ વ્યક્તિનું મગજ શક્તિ ઓછી વેડફે છે. નકામી બાબતો પર ધ્યાન આપતું નથી અને સમસ્યાઉકેલના યોગ્ય વિકલ્પોને જ પકડે છે. આની ચકાસણી માટે તેમણે જુદા જુદા વયજૂથની વ્યક્તિઓ લઈને પ્રયોગ કર્યો. યુવાનો વધુ પ્રમાણમાં કન્ફ્યુઝ્ડ' થયા અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો વધુ પ્રમાણમાં 'રાઈટ ડિસિઝન'પર આવ્યા.

હવે જોઈએ ૬૦થી ૮૦ની ઉંમરનાઓનાં મગજનાં લક્ષણો.

૧. મોટી ઉંમરે મગજનાં ન્યૂરોન્સ મરવા લાગે છે એમ બધા ભલે કહે, ખરું જોતાં એ મરતાં નથી, પણ માનસિક કસરતના અભાવે કનેક્શન ખોઈ બેસે છે. માટે બૌદ્ધિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવી.

૨. બેધ્યાનપણું અને ભૂલકણાપણું વૃદ્ધોમાં સામાન્ય છે. એનું કારણ માહિતીનો ભરાવો હોય છે. માટે નકામી બિનઉપયોગી બાબતો મગજમાં ભરવી નહીં.

૩. ૬૦ વર્ષની ઉંમરે વ્યક્તિ એક જ સમયે મગજના બંને ગોળાર્ધનો ઉપયોગ કરી શકે છે. યુવાનો એક સમયે એક જ ગોળાર્ધ વાપરી શકે છે.

૪. તંદુરસ્ત આહારવિહાર, પ્રવૃત્ત રહેવાની ટેવ, પૂરતાં શારીરિક કામો અને પૂરતી બૌદ્ધિક પ્રવૃત્તિઓ ચાલુ હોય એવી વ્યક્તિના મગજની ક્ષમતા ઉંમર સાથે ઘટતી નથી, વધે છે અને ૬૦, ૭૦, ૮૦, ૯૦ વર્ષે વધતી જાય છે.

**જો તમે ૬૦ કે ૭૦ કે ૮૦ વર્ષના હો તો ગૌરવનો અનુભવ કરો – તમે જિંદગીના શ્રેષ્ઠ માનસિક તબક્કામાં છો...**

માટે વૃદ્ધત્વથી ગભરાઓ નહીં. બૌદ્ધિક વિકાસ માટે પ્રયત્નશીલ રહો. નવું શીખતા રહો, સંગીત સાંભળો, ગાઓ, વાદ્યો શીખો, ચિત્રો બનાવો. નૃત્ય શીખો - સરસ કસરત થશે. જિંદગીમાં રસ લો, મિત્રો સાથે મળો-હળો,

ભવિષ્યની યોજનાઓ બનાવો, થઈ શકે તેટલો પ્રવાસ કરો. ખરીદી કરવા જાઓ, કાફે-કૉન્સર્ટ માણો. પોતાને એકલા ન પાડો. એ તો કોઈ પણ ઉંમરે નુકસાનકારક છે. મનમાં વિચાર એવો રાખો કે આગળ બધું વધારે સુંદર છે.

આટલું જરૂર જાણોઃ

અમેરિકામાં થયેલા એક અભ્યાસ અનુસાર

- માણસની સૌથી વધુ ઉત્પાદક વય ૬૦થી ૭૦ વર્ષ છે.
- બીજા નંબરની ઉત્પાદક વય ૭૦થી ૮૦ વર્ષ છે.
- ત્રીજા નંબરની ઉત્પાદક વય ૫૦થી ૬૦ વર્ષ છે.
- ત્યાર પહેલાં માણસ શિખરે પહોંચ્યો હોતો નથી.
- નોબેલ વિજેતાઓની સરેરાશ ઉંમર ૬૨ વર્ષ છે.
- વિશ્વની સૌથી મોટી ૧૦૦ કંપનીઓના પ્રમુખોની સરેરાશ ઉંમર ૬૩ વર્ષ છે.
- વિશ્વનાં સૌથી મોટાં ૧૦૦ ચર્ચોના વડાઓની સરેરાશ ઉંમર ૭૧ વર્ષ છે.

આ તારણો સાબિત કરે છે કે માણસની ૬૦થી ૮૦ વર્ષની ઉંમર એ સૌથી ઉત્પાદક વર્ષો છે. આ અભ્યાસ 'ન્યૂ ઈંગ્લૅન્ડ જર્નલ ઑફ મેડિસીન'માં ડૉક્ટરોની ટીમ દ્વારા પ્રકાશિત થયો હતો. એમણે સંશોધનો પરથી તારણ મેળવ્યું છે કે ૬૦ની ઉંમરે માણસ માનસિક વિકાસના શિખરે હોય છે અને એ સ્થિતિ ૮૦ વર્ષ સુધી ટકી શકે છે.

એટલે, જો તમે ૬૦ કે ૭૦ કે ૮૦ વર્ષના હો તો ગૌરવનો અનુભવ કરો – તમે જિંદગીના શ્રેષ્ઠ માનસિક તબક્કામાં છો.

- સ્રોતઃ ઈન્ટરનેટ

### ઑલિમ્પિક અને માનવમૂલ્યો

રમત સાથે જોડાયેલાં હોય છે ખેલદિલી અને બંધુત્વનાં મૂલ્યો. આ મૂલ્યોને ઉજાગર કરતી ટૉકિયો ઑલિમ્પિકની બે ઘટનાઓ યાદ કરીએઃ

ઈટલીનો ગિયાન્માર્કો ટમ્બેરી અને કતારનો મુસા એસા બર્શિમ હાઇ જમ્પ ફાઈનલમાં પહોંચી ગયા હતા. બન્ને એ ૨.૩૭ મીટર ઊંચો કૂદકો માર્યો હતો. ઑલિમ્પિક્સ આયોજકોએ બન્નેને ફરી ત્રણ વખત કૂદવા કહ્યું. પણ બેમાંથી કોઈ પહેલાંના માનાંકને વટાવી શક્યું નહીં.

ફરી એક પ્રયત્ન કરવાની છૂટ અપાઈ, પણ ટમ્બેરીને પગમાં સખત વાગ્યું હતું તેથી તેણે પોતાનું નામ પાછું ખેંચી લીધું. હવે બર્શિમનો કોઈ હરીફ ન રહ્યો અને તે એકલો જ સુવર્ણચંદ્રકનો હકદાર બની ગયો. પણ તેણે અધિકારીને કહ્યું કે 'જો હું આ છેલ્લો પ્રયત્ન કરવા ન માગું તો?' અધિકારીએ નિયમો તપાસ્યા અને જણાવ્યું, 'તો સુવર્ણચંદ્રક તમારા બે વચ્ચે વહેંચાશે.' હવે બર્શિમને વધુ વિચારવાપણું નહોતું. એણે પોતાનું નામ પાછું ખેંચ્યું. તેનો ઈટાલિયન હરીફ ટમ્બેરી આનંદનો ચિત્કાર કરતો દોડ્યો અને બર્શિમને ભેટી પડ્યો.

બન્ને રમતવીરો, આયોજકો અને દર્શકો–કોઈની આંખો પછી કોરી ન રહી.

આવી જ માનવીય સંવેદના ટૉકિયો ઑલિમ્પિકની વૅઈટલિફ્ટિંગ સિલ્વર મેડલિસ્ટ મીરાબાઈ ચાનુએ બતાવી. મીરાબાઈનું ગામ નોંગ્પોક કાક્ચિંગ તેની ઈમ્ફાલની સ્પૉર્ટ એકેડમીથી ૩૦ કિલોમીટર દૂર હતું. ગામથી ઈમ્ફાલ જવા માટે વાહન મેળવવું ખૂબ મુશ્કેલ રહેતું. મીરાબાઈનો પરિવાર એટલો સમૃદ્ધ નહીં કે ખાનગી વાહનમાં જઈ-આવી શકાય. એટલે મીરાંબાઈ ઈમ્ફાલ રેતી લઈ જતી ટ્રકોમાં લિફ્ટ લેતી. ટ્રક ડ્રાઈવરો આ 'રમતનું ભણવા જતી' વિદ્યાર્થિનીને કોઈ ચાર્જ લીધા વિના ઈમ્ફાલ પહોંચાડતા.

એમની આ અમૂલ્ય મદદને મીરાબાઈ ભૂલી નહોતી. ઑલિમ્પિક મેડલ મળ્યા પછી ભારત આવીને તેણે પહેલું કામ આ ડ્રાઈવરોને શોધવાનું કર્યું. એનડીટીવીના અહેવાલ મુજબ તેણે લગભગ દોઢસો ટ્રક ડ્રાઈવરોને આમંત્રણ આપી જમાડ્યા અને શર્ટ અને મણિપુરી સ્કાર્ફની ભેટ આપી, 'મારી સફળતામાં તમારો પણ હિસ્સો છે.'

## હૈયે હરખ ન માય : 'કોડિયું' પ્રકાશનનો અમૃત મહોત્સવ

વિદ્વાનો કહે છે કે વિચાર કદી મરતો નથી, વ્યક્તિનું અવસાન થાય છે પણ તેના વિચારો તો કબરથી માંડીને વીડિયો સુધી વાયરલ થતાં રહે છે. આપણા ઋષિવર્ય પૂજ્ય નાનાભાઈ ભટ્ટ દ્વારા પ્રજ્વલિત થયેલ 'કોડિયું' આ વર્ષે ૭૫મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. 'નાનો પણ રાઈનો દાણો' રૂઢિપ્રયોગને સાર્થક કરે તેવી રીતે મૂર્ધન્ય સાહિત્યકાર, ઇતિહાસવિદ્, કેળવણીકાર અને ગામડાંઓના વકીલ પૂજ્ય મનુભાઈ પંચોળી – દર્શકદાદાએ એક નમૂનેદાર સામાયિક તરીકે આ 'કોડિયું'નો ગુજરાતમાં પ્રકાશ પાથર્યો છે. આ 'અમૃત મહોત્સવ' પ્રસંગે વર્ષ દરમિયાન (ઑગસ્ટ-'૨૧થી જુલાઈ-'૨૨) 'કોડિયું' સંપાદકમંડળે ચાર વિશેષાંકો પ્રગટ કરવાનો મનોરથ સેવ્યો છે. આપણા આદરણીય વત્સલ દાદાઓએ દર્શાવેલાં જીવનમૂલ્યોને ધ્યાને લઈ ચાર પાયાનાં ક્ષેત્રો પસંદ કર્યાં છે. દરેક વિશેષાંક 'કોડિયું' કદનો અને ૧૦૦ પાનાંનો બનશે. દરેક વિશેષાંકના સંપાદક તરીકે અભ્યાસુ, અનુભવી અને કર્મઠ એવા વિચારકોમાંથી પસંદ કરેલ છે.

### 'કોડિયું' અમૃત મહોત્સવ વિશેષાંકો

૧. **'સ્વાધ્યાય' (પ્રકાશન તારીખ ૧૫/૧૦/૨૦૨૧ - સંપાદક – શ્રી મનસુખભાઈ સલ્લા, સૌજન્ય : રવિકૃપા ટ્રસ્ટ)** આશ્રમી શિક્ષણ-પ્રણાલીથી લઈને ફિનલૅન્ડની શિક્ષણ-પ્રણાલીને આવરી લેતી સમગ્ર શિક્ષણયાત્રા.

૨. **'સર્વોદય' (પ્રકાશન તારીખ ૧૫/૦૧/૨૦૨૨ - સંપાદક – શ્રી. ભદ્રાયુભાઈ વચ્છરાજાની, સૌજન્ય : સર્વોદય સહકારી પ્રકાશન સંઘ)** સમગ્ર જડ-ચેતન જગતના અસ્તિત્વને ટકાઉ ઉત્કર્ષ તરફ દોરી જતી ગાંધી-વિનોબાની અધ્યાત્મના મોણથી બંધાયેલી સમપોષિત વિચારધારાની એકવીસમી સદીના સંદર્ભે વિસ્તૃત છણાવટ.

૩. **'સૌંદર્ય' (પ્રકાશન તારીખ ૧૫/૦૪/૨૦૨૨ - સંપાદક – શ્રી. મહેન્દ્રભાઈ ચોટલિયા, સૌજન્ય : લોકભારતી ગ્રામવિદ્યાપીઠ)** સમગ્ર બ્રહ્માંડથી લઈને પૃથ્વીલોક પર કણ-કણમાં રહેલા સૌંદર્યને જોવા, સમજવા, રક્ષવા માણવા અને સર્વાંશે પામવા માટેની સૌંદર્યાનુભૂતિ.

૪. **'સમરસ' (પ્રકાશન તારીખ ૧૫/૦૭/૨૨ - સંપાદક – શ્રી. સુદર્શનભાઈ આયંગાર, સૌજન્ય : શુભેચ્છકોની ભાગીદારી અપેક્ષિત છે)** વિકેન્દ્રીકરણ, રિસાઈકલિંગ, પુનઃપ્રાપ્ય ઊર્જા અને સંસ્કૃતિ તથા પ્રકૃતિને સમપોષિત વિકાસની વિભાવના સમજાવતું, સર્વોદયી-રાજ્યની સ્થાપના કરાવતું દર્શન.

- આ સંદર્ભે શક્ય તેટલા વધારે 'કોડિયું' વાર્ષિક લવાજમો (રૂ.૧૫૦) ભરાય તેવો યજ્ઞાર્થે આગ્રહ છે.
- ચારેય વિશેષાંકોનો સેટ આગોતરા ગ્રાહકોને રૂ. ૩૦૦ (ટપાલ ખર્ચ અલગ)માં મળશે ત્યાર પછી નકલની ઉપલબ્ધતા પ્રમાણે રૂ. ૪૦૦માં સેટ મળશે. લવાજમ નીચેની વિગતે ભરી શકાશે.

  Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.૫૬૦૧૬૦૦૧૭૨૮,

  IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh
- શુભેચ્છકોને આ વિશેષાંકોના પ્રકાશનના થનારા કુલ ત્રણેક લાખના ખર્ચમાં આર્થિક સહયોગ કરવા 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામના ચેકથી કે ઉપર પ્રમાણેથી ઓનલાઈન મદદ કરવા ભાવભર્યું નિમત્રણ છે.

## 'પાલક' પ્રત્યે આવો પ્રેમ તો 'ગો-વંશ' જ વહાવી શકે ને!

હીરજી ભીંગરાડિયા

---

સરકસમાં વાઘ-સિંહ જેવા ખુંખાર પ્રાણીઓને એનો રિંગમાસ્ટર કહે તેમ હુકમ-પાલન કરતાં અને હાથી જેવા મહાકાય પ્રાણીને ટેબલ પર ચડી, પાછલા બે પગ પર ઊભા થઈ, સૂંઢ અને આગલા બે પગથી સલામી દેતા કરી દેવાય છે. પણ એ અભિનય તો વીજળીના ચાબુક-મારના ભયથી થતો રહેતો હોય છે. એક બીજો પ્રકાર, ડર વિનાની તાલીમથી પણ પ્રાણીઓ વશમાં વર્તતાં હોય છે. જેમ કે માકડું મદારી કહે તેવા જુદા જુદા ખેલ કરતું આપણે ભાળીએ છીએ, એ તાલીમ આપ્યાનું જ પરિણામ છે. એવું જ સાંતીડે ચાલતા બળદોને 'હાલ્ય' કહીએ ત્યાં હાલતાં થાય અને 'વળ્ય' કહીએ ત્યાં એક બાજુ વળી જાય, 'ધર' કહી, રાશ જરા નીચી કરીએ એટલે ગાડાની ધૂંસરી કાંધ પર ધરી લે છે, પણ એ ય બધું એને એ જાતની તાલીમ દીધા પછીના જવાબ રૂપેનું હોય છે. જ્યારે ત્રીજી રીત પરસ્પરના પ્રેમની અભિવ્યક્તિ છે. જેમાં પાલક અને પશુ વચ્ચેના પ્રેમની, વફાદારીની અને લાગણીના સંબંધની, અને એ પણ કોઈ જાતની ખાસ તાલીમ આપ્યા વિના, ડર તો નહીં જ, પણ પાલક અને પશુના એકબીજાના રોજ-બ-રોજના સહવાસ, એને મળતું વાતાવરણ અને પાલક તથા પશુઓના અંદરોઅંદરના સહેજે વહેંચાતા રહેતા નિર્વ્યાજ પ્રેમની અસર આપણે ત્યાં કઈ કક્ષા સુધી થઈ શકતી હોય છે તેની વાત કરવી છે.

રિંગમાસ્ટર આ ડરાવનારા ચાબુક વિના જાય તો હિંસક પ્રાણીઓ એને જ ફાડી ખાય! હાથીએ રિંગમાસ્ટરને કચડી દીધાના દાખલાય છે. જ્યારે તાલીમ અપાયાથી વશ વર્તતાં પ્રાણીઓ પણ માલિકને ચાહતાં તો નથી જ, દોરી ન બાંધે તો માંકડું નાસી જ જાય! પણ એવી તાલીમમાં થોડોકેય પ્રાણીપ્રેમ ભળે છે તો બળદ પાલકને કે તેના ઘરને ભૂલતો નથી. ગો-વંશમાં પ્રેમ પારખવાનું મનોબળ વિશેષ છે. છતાંય તાલીમ પામેલ બળદ પણ કોઈવાર પાલકને વગાડી દે છે ખરા. તાલીમની એ મર્યાદા છે. પણ જ્યાં કેવળ 'પ્રેમ' એકબીજાને જોડી રાખતો હોય ત્યાં કેવા આશ્ચર્યકારક કિસ્સાઓ બને છે, એ મારે તમને કહેવા છે. પણ એ પહેલાં સરખામણી કરવાનું ફાવે એ દૃષ્ટિએ ઇઝરાઇલ દેશની કે જ્યાં અમે તાજેતરમાં જઈ આવ્યા ત્યાંના ગો-પાલનની વાત કરીએ.

સાચું કહેજો હો, આપણો કોઈ દેશવાસી ગાય વિયાણા ભેળું જ એના બચલાને એની 'મા'થી કાયમ માટે દૂર હડસેલી દેવા જેટલો નિર્દયી બની શકે ખરો? જ્યારે ઇઝરાઇલમાં અમે જોયું કે ગાય વિયાણી તો તાજા જન્મેલા એના બચ્ચા પર એની માની નજર ન પડે તેમ દૂર ખસેડી લે છે. બસ, એવી જ જડબેસલાક પ્રથા! એ લોકો ગણાય છે પાછા પૂરા જાણકાર! તાજી વિયાયેલી ગાયનું શરૂઆતનું દૂધ 'ખીરુ' એ બચ્ચા માટે હોય છે, રોગપ્રતિકારક શક્તિ બક્ષનારું. એટલે શરૂઆતના ૩ દિવસ બચ્ચાને ખીરુ પાવું ફરજિયાત, પણ ગાયના આંચળ મોઢામાં લેવરાવી-ધવરાવીને નહીં, અલગ જગ્યાએ ટોટી દ્વારા ચુસાવીને. વાછરડું ધાવે અને એની માતાના વાત્સલ્ય-ભાવ-સ્નેહ-પ્રેમના પ્રતિસાદ રૂપી ગાય 'પારહો' મૂકે, અડાણ માહ્યલાં દૂધ-દ્વાર ખૂલે અને અમીની સરવાણીઓ ફૂટી આપમેળે વાછરુંના મોંમાં વહેવા માંડે! અરે, ક્યારેક તો વાછરું ધાવ્યે ન પહોંચે એટલા જોરથી ધાવણનો પ્રવાહ વહી આવે કે વાછરુંના મોં પાસેથી છલકાઈને જમીન પર પડવા માંડે, એવું વિરલ દશ્ય તો આપણા દેશમાં જ જોવા મળે!

ઇઝરાઇલમાં મોટે ભાગે એચ.એફ. બ્રીડની 'કાઉ'ને પહેલેથી ટેવ જ એવી પડાય છે કે ગાયને પિંજરામાં ખડી કરી દેવાની, આઘી-પાછી ન થઈ શકે તેમ જકડીને લૉક કરી દેવાની, અડાણ પર દૂધ-દોહન મશીન ચોંટાડી દેવાનું અને પછી દબાવવાની સ્વીચ, કે જેથી દોહણિયું(કૃત્રિમ મૂઠ્ઠી) માંડે આંચળ પર એવી હલચલ મચાવવા કે પારહો-બારહો વાળવાની વાત કોરાણે રહી-આંચળના દ્વાર પરાણે જાય ખૂલી, અને 'કાઉ'ની મરજી હોય કે ન હોય, દોહણિયું એકવાર આંચળે ચોંટી ગયું, પછી આઉમાંનો હાજર જથ્થો બધો વેક્યુમ-પ્રેસરથી ખેંચી લીધા પછી જ આંચળનો છુટકારો કરે, બોલો!

ત્યાં અમે જોયું કે ગૌશાળાની બધી જ ગાયોને ખાણદાણ અને ચારો ખાવા હોય એટલા ખવરાવે, દિવસમાં ત્રણ-ત્રણ ને પાંચ-પાંચ વાર નવરાવે, પણ એની ગોવાળી કરનાર કોઈ જણ એના બરડે, માથે કે ડિલે હાથ ફેરવી સ્નેહભર્યા બે બુચકારા મોઢેથી બોલી, વહાલ વરસાવવા નહીં-એની પાસેથી વધુમાં વધુ દૂધ કેમ કઢાવી શકાય એવી જ એક માત્ર દાનતથી એ બધા કારહા અને કાર્યક્રમો કરવામાં આવી રહ્યા હોય છે. અને પરિણામે ત્યાંના 'કાઉ' જનાવરોની દૂધ આપવાની ક્ષમતા અધધ... આપણા માન્યામાં ન આવે એવડી હો! ૬૦-૭૦થી માંડી ૮૦ અને ૮૫ લિટર ૨૪ કલાકમાં એક એચ.એફ. કાઉ દૂધ દેતી હોય એવી મોટાભાગની ગાયો ભાળી. અને ૨૦-૨૫ લિટરથી ઓછું દૂધ કરનારી ગાયો એમને પોસાણ બહારની ગાયો બની જાય છે ભાઈ! અને આ ગાયોને પછી હવે માત્ર ગૌશાળામાંથી જ નહીં, એની જિંદગીમાંથી જ અપાઈ જાય છે મુક્તિ! કતલખાનું જ એનો અંતિમ વિસામો બની રહેતું હોય છે. એનું દૂધ પીનારા જ એને ખાઈ જવાના! મિત્રો, એમની ગૌશાળાનું યુનિટ વાયેબલ બને છે, એનું સૌથી મોટું કારણ બસ એ જ જણાયું કે એમને જેમ આપણે ઉછરતાં, ઓછું દૂધ આપતા, ઘરડા-બુઢ્ઢા કે બિનઉપયોગી વાછરડા પાછળ સેવા કે ખર્ચ કરવાના થતાં હોય છે એવા એમને થતાં નથી. ઉલટાના એવાં પશુઓ ખોરાકી માધ્યમ બની રહે છે તે વધારામાં.

આપણામાં અને એનામાં ફેર એક જ કે ત્યાંની 'કાઉ' જીવતું પ્રાણી હોવા છતાં એની સાથે જે વ્યવહાર કરવામાં આવે છે તે 'જીવતા જીવ' તરીકેનો નહીં, દૂધ આપનાર જાણે કે એક યંત્ર હોય તેવો કરવામાં આવે છે. અને આપણે જેમ રસોડાનું કોઈ વાસણ કે ખેતીકામનું કોઈ સાંતીડું જૂનું થઈ, બરાબર કામ આપતું બંધ થતાં જેમ ભંગારી કે કબાડીમાં કૂટવટાવ કરી વાળીએ છીએ; બસ, એમ જ ઓછા ઉપયોગી પશુઓને રદ-બાતલ કરી દેવાય છે. જ્યાં માણસો અને પશુઓને એટલો ભેળહારો જ નથી, પશુઓએ પાલક તરફથી પ્રેમ ભાળ્યો જ નથી, જે પશુઓમાં પોતાના બચ્ચાં માટેય સ્નેહ-પ્રેમ વરસાવતી ગ્રંથિને જ કુંઠિત કરી દેવામાં આવી છે, તે પશુ તેના પાલકને પ્રેમ કેમ આપી શકે, કહો!

**વાછરડું ધાવે અને એની માતાના વાત્સલ્યભાવ-સ્નેહ-પ્રેમના પ્રતિસાદ રૂપી ગાય 'પારહો' મૂકે, ને વાછરુંના મોં પાસેથી છલકાઈને દૂધ જમીન પર પડવા માંડે, એવું વિરલ દૃશ્ય તો આપણા દેશમાં જ જોવા મળે...!**

જ્યારે આપણે ત્યાં ગાય, વાછરું, બળદ કે કોઈપણ પાલતુ પશુ કુટુંબના સભ્ય હોય એટલો પાલકનો પ્રેમ પામતા હોય છે. કેટલાક 'કરડુ' પાલકોને બાદ કરતા મોટાભાગનાને પોતાનું પાલતુ પશુ હૈયાનો હાર હોય છે. એના દુઃખે દુઃખી અને એના સુખે સુખી રહેતા હોય છે. આપણે ત્યાંના ભારતીય ગોવંશમાં અને એમાંયે અમને અનુભવ છે એવા ગીર ગો-વંશમાં ખાસ પ્રકારની કોઈ તાલીમ આપ્યા વિના કે કોઈ પ્રકારનો ભય-બીક દેખાડ્યા વિના પણ પાલક સાથેના સહજ સહવાસ અને રોજ-બ-રોજના વાતાવરણ-વ્યવહારમાંથી જ પશુઓ પ્રેમ પારખી લેતાં હોય છે અને પાલક સાથે એનું દિલ જોડી દેતા હોય છે. અરે! આપણાં સુખ-દુઃખને એનાં સુખ-દુઃખ સમજવા લાગતાં હોય છે. એ તો એમને રજૂ

કરવાની ભાષા પ્રકૃતિએ આપી નથી એટલે શું કરે બિચારાં? છતાં એનાથી થઈ શકે એ રીતના હાવભાવ અને વર્તન પ્રસંગ આવ્યે એ દેખાડીને જ રહેતાં હોય છે.

આ રહ્યા કેટલાક બોલતા પૂરાવા :

(૧) વાછરુને ગોળ કુંડાળે ફરતાં ભાળ્યાં: અમારે નાનાભાઈ વજુનો નાનો દીકરો ખુશ અમદાવાદમાં ગૌશાળા ચલાવે છે. અમે થોડા દિ' પહેલાં એની મુલાકાતે ગયા હતા. તો માળો મને કહે, 'બાપા! તમારે નાટક જોવું છે?' હું તો વિચારતો હતો કે આ ધોળા દિવસે કેવું નાટક કરવાનો હશે? ત્યાં તો એ રેલિંગ ટપીને વાછરુંના વાડામાં કૂદ્યો અને મને કહે 'બાપા, આ બાજુ જુઓ!' મેં એની તરફ નજર કરી તો ખુશ બે હાથ ઊંચા કરી વાડામાં ગોળ ગોળ દોડવા માંડ્યો તો વાછરું બધાં તેની પાછળ દોડવા માંડ્યા. એક ચક્કર મારી ઊભો રહી ગયો તો તેની ફરતે બધા ઊભા રહી ગયા! ખરું નાટક કર્યું પાલક અને પશુ બચ્ચાંઓએ! છોકરો કરે એમ ગાયનાં બચ્ચાં પણ કરે? ખરું કહેવાયને?! આને નર્યા પ્રેમસિવાય બીજું શું કહીશું, કહો!

(૨) ધાવણો વાછરડો પાલકની સાથે વાડીમાં રખડે: પંચવટી બાગમાં ગયા વરસે શ્યામલી ગાય વિયાણી. એનો વાછરડો ગાયની ગોવાળી કરનાર અમરશીભાઈની સાથે એવો હળી ગયો કે વાછરડો ગાયને ધાવતો હોય અને અમરશીભાઈ ડેલા બહાર નીકળી વાડીમાં હાલતા થાય એટલે વાછરડો ધાવવાનું પડતું કરી અમરશીભાઈની વાંહોવાંહ દોડતો થઈ જાય, અરે! પાછો વાળી એને બાંધી ન દઈએ તો એ જ્યાં જાય ત્યાં પાછળ પાછળ ફર્યા કરે! શું આપી દીધું હશે અમરશીભાઈએ એવડા નાનકુડા વાછરડાને - પ્રેમ જ કે બીજું કાંઈ?

(૩) આખું ટોળું એના ગોવાળની આજ્ઞાને અનુસરે: માલપરામાં અમારા 'પંચવટી' મકાનના દરવાજા આગળથી ગાયોનું મોટું ટોળું સવારે સીમમાં ચરવા જવા અને સાંજે ચરીને પાછું ફરતાં એમ દિવસમાં બે વખત પસાર થાય છે. હાજર હોઉં ત્યારે હું જોયા કરું છું કે ભીમો માલધારી ખભે ડંગોરો લઈ આગળ હાલ્યો જતો હોય અને એની પાછળ ગાયોનું આખું ટોળું કે જેમાં અંદર દૂઝણી ગાયો હોય, ગાભણી ગાયો હોય, કેટલીય વોડકીઓ હોય, અધવધડિયાં વાછરું અને ઘરડી-બુઢ્ઢી ગાયો પણ હોય અને ઝપટે ચડ્યા એના ઉકરડામાં માથા ભરાવી ધૂળની ડમરીઓ ઉડાડતો આવતો અને ભ્હાં... ભ્હાં... જેવી ત્રાડુ દેતો ખૂંટડોય ભેળો ભલેને હોય, બધા જ એની પાછળ પાછળ જાણે શિક્ષકની પાછળ નિહાળિયાનું ટોળું ડાહ્યું-ડમરું થઈ હાલ્યું જતું હોય તેમ ગાયોનું આખું વૃન્દ ચાલ્યું જતું ને આવતું ભળાયા કરે છે. ભીમો ઊભો રહે તો ટોળું આખું ઊભું રહે અને એના એક જ ડચકારે પાછું આખું ટોળું હાલતું થાય, બોલો! પશુઓને ભીમા તરફથી મળતા સ્નેહ-પ્રેમનો જ આ પ્રતાપ ગણાય કે બીજુ કાંઈ?!

(૪) ગોવાળની ભેરે દોડી આવી ગાયો: હું લોકભારતીમાં ભણતો હતો(૧૯૬૨-૬૫) ત્યારે ત્યાંની ગૌશાળામાં બનુબાપુ નામે ગોવાળ હતા. એક દિવસ બપોર વચાળે ગાયોનું ટોળું ચોરવડલાના બીડમાં ઘાસ ચરી ધરાઈને લીમડાને છાંયડે બેઠું બેઠું વાગોળતું હતું અને બનુબાપુ દૂર બીજા લીમડાને છાંયડે લાકડીને ટેકો દઈ ઊભા હતા, એવે ટાણે અમે ૩-૪ નિહાળિયા ત્યાં જઈ ચડ્યા અને બાપુ સાથે બખાળે વળગ્યા, 'અરે બાપુ! એકલા એકલા આટલી બધી ગાયોને લઈને ચોરવડલાના બીડમાં ચરાવવા જાઓ છે તે એક-બેને કોઈક લઈ જાશે તો સંસ્થાને શું જવાબ દેશો?' બાપુ હતા પૂરા મોજમાં. 'અરે, મારી ગવતરીને કોઈ હાથ તો અડાડી જુએ?' અમે કહ્યું, 'પછી તમે શું કરી લ્યો, હેં?' તો કહે, 'શું કરી લઉં એની ખબર તો ઈ ટાણે પડે...!' એવો બાપુનો લવો પૂરો ન વળ્યો ત્યાં અમારી સાથે એક 'ડુટલો' કરીને આદિવાસી પહેલવાન છોકરો હતો તેણે માળે બાપુને ઓચિંતાના પાછળથી આવી બાથ ભરીને એવા ઊંચા કરીને તોળી લીધા કે ડુટલાની બાથમાંથી છૂટવા બાપુ બોલવાનું બંધ કરી, હાથ-પગ હલાવી હવામાં હાવલાં મારવા મંડી ગયા! અને આઘેના લીમડે બેઠેલી ગાયોને

'ગોવાળને કંઈક મુશ્કેલી ઊભી થઈ છે' એવો અણસારો આવી ગયો. અને માળી ફટોફટ ઊભી થઈ, પૂંછડાં ઊંચાં લઈ, ઠારથી જે હડી કાઢી કે ડુટલાએ અને અમારે બધાને બાપુને બાથમાંથી હેઠા મૂકી, ગાયોથી બચવા ભાગીને જે જડ્યો તે લીમડે સડસડાટ ચડી જવું પડ્યું. કોણે શીખવ્યું હતું એના ગોવાળ-માલિકનું રક્ષણ કરવાનું આ ગાયોને, કહો! ગાયોને મળતા બાપુના પ્રેમનો જ આ બદલો ગણાય ને?

(૫) અમારી 'ગોરી' ગાય કરજ ચૂકાવવા પાછી આવીઃ આવું ન કરવું જોઈએ, પણ સંજોગવશાત્ અમારે કરવું પડ્યું. પંચવટી બાગમાં ધીરે ધીરે કરતા ઢોરાંની સંખ્યા એટલી બધી વધી પડી કે વાડીમાં કામ કરનાર ભાગિયાને ઊભી મોલાતની જરૂરી માવજત કરવી કે આ બધાં ટોળાંએક ઢોરાંની ગોવાળી કરવી? એમને તાણ્યો પંથ પડવા માંડ્યો છે એવું નજરે ચડતાં ૮-૧૦ નાનાંમોટાં ઢોરાંને જરૂરી રકમ ભરી ઢસાની મહાજન-પાંજરાપોળમાં મૂકી આવ્યા. તેમને બેએક મહિના ઢસામાં રાખ્યા પછી તેમણે છાપરિયાળી-જેસર મહાજનમાં મોકલી દીધેલાં અને અંદાજે બારેક મહિના વીતી ગયા હશે! ને માળું, એક દિવસ સવારમાં વાડીએ દરવાજામાં દાખલ થતાં પહેલાં જ બહારના ઢોરવાડામાં નજર જતાં એક અજાણી ગાય નજરે ચડી. જીપ ઊભી રાખી નીરખીને જોયું તો 'અલ્યા! આ તો મહાજનમાં વરસ દિ' પહેલાં મોકલી દીધી હતી એ, આપણી 'ગોરી' જ પાછી આવી લાગે છે!' એવું મનમાં બોલાઈ ગયું. દરવાજામાં જઈ, ભાગિયાને પૂછ્યું તો કહે 'રાત્રિ દરમ્યાન વાડાની વાડ્ય ટપીને એની મેળે અંદર આવી ગઈ છે.' અમે એ ગાયને હવે જાકારો ન દીધો. રાખી લીધી. એ ગાય ગાભણી નીકળી અને સમય પૂર્ણ થતાં વિયાણી. ત્રણ મહિના દૂધ દોહ્યું અને એક દિ' ઓચિંતાનો રાત્રિ દરમ્યાન એવો તાવ ચડ્યો અને શરીર ગાંઠો ગાંઠોવાળું થઈ ગયું. સવારે પશુ ડોક્ટરને લાવું લાવું એ પહેલાં પ્રાણ તજી ગઈ. અમે તો નિષ્ઠુર બની એને મહાજનમાં મૂકી આવેલા છતાં એ ગાય અમને ભૂલી નહીં, ગાળો મળતાં ટોળામાંથી સરકી જઈ, વાડીએ આવી ગઈ, વિયાણી, દૂધ આપ્યું. સમજાતું નથી કે ૬૦ કિ.મી. દૂર આવેલી વાડીની ભાળ એણે કેમ કાઢી હશે? એને વાડીએ આવવાનો રસ્તો કેમ સૂઝ્યો હશે? પણ કર્તા તો કુદરત છે ને! એને ઉપરવાળાની ભેર મળી ગઈ હશે એમ જ સમજવું રહ્યું. પણ અમે કરેલાં અપકારનો બદલો એણે ઉપકારથી વાળ્યો. આ છે ગીર-ગો-વંશની વફાદારી!

આપણા દેશવાસીઓના લોહીના સંસ્કાર જ એવા છે કે આપણે પશુ-પક્ષીઓ પ્રત્યે પણ દયા અને પ્રેમની લાગણીથી જ વર્તીએ. અને એમાંય ગાયને તો આપણે માતાનું બિરૂદ આપી પૂજનીય ગણીએ છીએ. જો કે સમય બદલાતાં હવે 'શ્રમ'નો મહિમા ઘટ્યો છે, એનો વા ખેડૂતોમાં પણ વાયો છે. ખેડૂતો પંડ્ય મહેનતથી બચવા ખેતીકાર્યોમાં બળદને બદલે યંત્રોથી કામ લેતા થઈ જતાં ગાયોને પેટે જન્મતા નર વાછરડાંને બિનઉપયોગી બનાવવા માંડ્યા છીએ, ગામડાં અને શહેરોની બજારોમાં એ રેઢિયાર થઈ રખડતાં થઈ ગયા છે, ભૂંડ અને રોઝડાંની જેમ ખેતર-વાડીઓમાં એના પણ રખોપાં રાખવાના માથાના દુખાવા શરૂ થઈ ગયા હોવા છતાં તેને કસાઈખાને મોકલી નિકાલ કરવાનો વિચાર સુદ્ધાં આપણા દિલને આંચકો આપનારો બને છે. રસ્તો બીજો જે કોઈ લેવો પડે તે શોધીએ, બાકી તેને મૃત્યુદંડ દેવાનું તો કરી જ શકીશું નહીં. ઇઝરાઇલ જેવા નિર્ણયો આપણે કોઈ સંજોગોમાં લઈ શકીએ નહીં. કારણ કે આપણી અને પશુ-પક્ષીઓની લાગણીઓ પરસ્પર એકબીજાની સાથે જોડાએલી, અંદરોઅંદર વણાયેલી છે. આપણે ગાયને માત્ર દૂધ આપનારું મશીન નહીં, પણ માતાને સ્થાને બેસાડેલ છે. આપણા લોહીમાં 'જીવો અને જીવવા દો' મંત્રનો અવાજ ગુંજી રહ્યો છે. ગોપાલનનો વ્યવસાય કદાચ ઓછો વાયેબલ બને તો મંજૂર, બાકી 'કતલ' કરવાનો આદેશ આપણું હૈયુ નહીં ઝીલી શકે! ઉપાય કોઈ બીજો જ શોધવો પડશે...

(પંચવટીબાગ, માલપરા)

## ઈમાનદારીની રોટી

મોરારિબાપુ

બાપ! વાત એક ફક્કડ અને મસ્ત મહાત્માની છે. પૂરા પરિવ્રાજક. ઠેકઠેકાણે ફરતા રહે, ભિક્ષા કરીને ખાય અને હરિસ્મરણમાં મસ્ત રહે. એક વખત ફરતાં ફરતાં એક નાનાં ગામમાં જઈ પહોંચ્યા છે. નાનકડાં ઝૂંપડામાં વૃદ્ધ માતાજી છે તેને ત્યાં ભિક્ષા લેવા જાય છે. સાધુ આવ્યા છે તેનો માને હરખ છે. વૃદ્ધ માતાજી એમને એક રોટી આપે છે. રોટી સ્વીકારી ને સાધુએ પૂછ્યું કે, 'મા, તું ઝૂંપડીમાં રહે છે, તું દુઃખ નહીં લગાડતી પરંતુ મારું એક વ્રત છે. જેની પોતાની કમાઈની રોટી હોય તેને ત્યાં જ હું ભિક્ષા કરું છું. ભૂખ લાગી હતી, એટલે જે ભિક્ષા આપી તે લઈ લીધી છે, પરંતુ આ રોટી તારી પોતાની કમાઈની જ છે ને? પૂછી લઉં, જેથી મારું વ્રત ન તૂટે.'

'મને ક્ષમા કરો, બાબા.' કહી માતાજીએ રોટી પછી લઈ લીધી છે. આંખમાં આંસુ આવી ગયાં છે. 'બાબા, હું તો કોઈ વ્રત નથી કરતી, અમારું એવું શું ગજું કે અમે કઠોર વ્રત કરીએ, પરંતુ મારે લીધે તમારું વ્રત તૂટે એ પણ મને સ્વીકાર્ય નથી. હું એવા અપરાધમાં નથી પડવા માંગતી.'

'અરે મા!' મહાત્માને સમજાયું નહીં. 'કેમ? તું આટલી નાની ઝૂંપડીમાં રહે છે, તારી સાદાઈ, તારી જીવવાની સ્થિતિ કહે છે કે તારા જીવનમાં બેઈમાની ન હોય, તો રોટી પાછી કેમ લઈ લે છે ? મહેરબાની કરીને તારી વાત મને જરા વિગતથી સમજાવ.'

માજી કહે 'બાબા, માફી માંગું છું પણ એ રોટીમાં થોડી બેઈમાની આવી ગઈ છે! જે ઘઉંમાંથી આ રોટી બનાવી છે તે જ્યારે હું સાફ કરતી હતી, ત્યારે મારા ઘરમાં અજવાળું નહોતું, એથી પાડોશીના ઘરમાં જઈ ઘઉં સાફ કર્યા છે. તેની બારીમાંથી રોશની આવતી હતી, તેના ઘરમાં થોડો પ્રકાશ હતો ત્યાં જઈ ઘઉં સાફ કર્યા અને સાથે સાથે મારું થોડું કામ પણ કરી લીધું છે! બીજાના અજવાળામાં મેં મારું કામ પૂરું કર્યું છે, એટલે બાબા, આ મારી પૂરી ઈમાનદારીની રોટી નથી!

મારાં ભાઈ-બહેનો, એક સમયે હિન્દુસ્તાન જીવતું હતું આવી ઈમાનદારી પર, આજની વાત છોડો. 'અયોધ્યાકાંડ' કહે છે કે બીજાના હક્કનું ન છીનવો. ભગવાન રામે કહ્યું મારા ભરતને રાજ્ય મળી જાય. ભરતજી કહે રામને મળે. દશરથજીએ તો છોડી જ દીધું હતું. લખન તો સાવધાન છે, શત્રુઘ્ન મૌન છે, જાનકી વનમાં જવા તૈયાર છે. રાજ્યના સંગમાં નહીં, રામના સંગમાં રહેવું છે, એને. શું અર્થ છે આનો? તમારા હક્કનું લો. જે બેઈમાનીથી પ્રાપ્ત કરે છે તેનાં ઘરમાં સાધન તો બહુ પ્રાપ્ત થાય છે, પણ સુખ નથી મળતું. ભજનને ડેવલપ થવા દો, આપોઆપ જીવનમાં સાદાઈ આવશે અને સુખ આવશે.

સંકલનઃ જયદેવ માંકડ

(માનસ-રામેશ્વરમ, ૧૯૯૬)

> તપ કરવાનું હું નથી કહેતો. ધોતિયું પહેરતા હો તો લંગોટી પહેરવા માંડો એમ હું નથી કહેતો. આવા તપનો પ્રભાવ પાડી લોકો પાસે આપણી વાત મનાવી લેવામાં હું નથી માનતો.
>
> આપણે તો આપણા વિચાર સમજાવી લોકો પાસે કામ કરાવવું છે. તેમ છતાં આપણા આચારની લોકમાનસ પર અસર પડતી જ હોય છે. આપણા વર્તનમાં સભ્યતા હોય, આપણામાં પ્રામાણિકતા હોય, આપણા હિસાબકિતાબમાં ચોખ્ખાઈ હોય... આ બધા કંઈ સંત-મહાત્માના જ ગુણો નથી, પણ સામાન્ય નાગરિકના ગુણ છે. આ ગુણો આપણામાં હોવા જ જોઈએ. આમાં તપનો કોઈ સવાલ નથી.
>
> - જયપ્રકાશ નારાયણ

## ૦૫. અભિવ્યક્તિ

**'સૌ સૌના કર્ણ': ઉમાશંકર, રવીન્દ્ર, દર્શક અને બીજા**

મધુસૂદન કાપડિયા

---

(દર્શક વ્યાખ્યાનમાળા-મણકો ૧૮ અને ઓપિનિયન પુરસ્કૃત દર્શક વ્યાખ્યાનમાળાના મણકો-૫ માટે તા.૨૯-૦૮-૨૦૨૧ના રોજ આપેલ વર્ચ્યૂઅલ વ્યાખ્યાન)

સૌ સૌના કર્ણ – ચાર કવિઓએ મહાભારતના કર્ણને કઈ દૃષ્ટિએ જોયો છે, કર્ણના પાત્રનું એમનું શું દર્શન છે, તેની થોડી ચર્ચા અહીં કરીશું.

**સુન્દરમઃ**

સુન્દરમનો થોડો ટૂંકો પરિચય આપવો જોઈએ. ઉમાશંકર, સુન્દરમ અને શ્રીધરાણી ત્રણે ગાંધીયુગના સમર્થ સમકાલીન કવિઓ. દુર્ભાગ્યે શ્રીધરાણીએ બાર વર્ષ અમેરિકામાં નિર્વાસન કર્યું અને કવિતા ગુમાવી. સુન્દરમે નિરંજન ભગતના શબ્દોમાં કહું તો 'પોંડિચેરીમાં પલાયન' કર્યું અને કવિતા ગુમાવી. પોંડિચેરી પૂર્વે સુન્દરમે કેટકેટલાં ઉત્કૃષ્ટ કાવ્યો આપ્યાં છે. સુન્દરમના ત્રણ મુખ્ય કાવ્યસંગ્રહોઃ 'કાવ્યમંગલા', 'વસુધા' અને 'યાત્રા'. 'કાવ્યમંગલા'માંથી સૌથી પહેલું કાવ્ય યાદ આવે 'બુદ્ધનાં ચક્ષુ'. સુન્દરમે યુવાન વયે લખેલું આ કાવ્ય એમનાં જ નહીં, સમગ્ર ગુજરાતી કાવ્યસાહિત્યનાં ઉત્તમોત્તમ કાવ્યોમાંનું એક છે. એની ચાર પંક્તિઓ ઠાકોર કહે છે તેમ આખા કાવ્યસંગ્રહો કરતાં વધારે મૂલ્યવાન છેઃ

પ્રભો, જન્મે જન્મે કર ધરી, કંઈ શસ્ત્ર ઊતર્યા,
નખાગ્રે, દંતાગ્રે, દમન કરિયું શબ્દછળથી,
સજ્યું કે કોદણ્ડ, ગ્રહી પરશુ, ચક્રે ચિત ધર્યું,
તમે આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યા.

આની આલોચના કરવાની લક્ઝરી તો મને ન જ પોષાય. એનું લાઘવ, એનું દર્શન અને અવતારલીલામાં ભગવાન બુદ્ધનું વિશિષ્ટ અર્પણ.

અને 'કાવ્યમંગલા'નું 'બાનો ફોટોગ્રાફ'. આવું સાવ બોલચાલની ભાષાનું કાવ્ય એકદમ વ્યવહારનું સંવેદનાહીન લાગે તેવું કાવ્ય અંતે કેવા કરુણમાં પરિણમે છે. મને હંમેશાં આ કાવ્યનો ઉલ્લેખ કરું ત્યારે મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આત્મીય મિત્ર ડૉ. ભરત શાહ યાદ આવી જાય. એમનું એ અત્યંત પ્રિય કાવ્ય હતું.

'વસુધા'માં સૌથી પહેલું યાદ આવે '૧૩-૭ની લોકલ'. 'બુદ્ધનાં ચક્ષુ' ને 'બાનો ફોટોગ્રાફ' પછી જેમાં સુંદરમે એ બે કાવ્યો જેવી અને જેટલી કાવ્યસિદ્ધિ પ્રાપ્ત કરી છે તે '૧૩-૭ની લોકલ'. અહા, શું તેની ચિત્રાત્મકતા છે! બ.ક.ઠા.ની જેમ જ મેઘાણીએ 'જન્મભૂમિ'ના 'કલમ અને કિતાબ' વિભાગમાં એનું મિતાક્ષરી પણ માર્મિક વિવરણ કર્યું. આવું ગામડાં ગામના લોકલ રેલવે સ્ટેશનનું સુરેખ વર્ણન અનુષ્ટુપ છંદમાં હોય એ પણ ભારી વિલક્ષણ છે, પણ કાવ્યનો અંત અનુષ્ટુપની ભવ્યતાને સાર્થક કરે છે.

સુન્દરમના 'ઘણ ઊઠાવ' કાવ્યને પણ યાદ કરવું રહ્યું. ના, આટલો લાંબો કવિપરિચય આપવાનો અવકાશ છે જ નહીં. બે વાત કરું. એક સુન્દરમનાં શૃંગારકાવ્યોઃ 'તે રમ્ય રાત્રે,' 'છાતીએ છૂંદણા', 'મને આકર્ષ્યો છે' વગેરે કાવ્યોના શૃંગારની લાલી ગુજરાતી કાવ્યસાહિત્યમાં વિરલ છે.

અને બીજી વાત પોંડિચેરીની. ઠાકોરની શૈલીને અનુસરીને કહું તો મારો અધીત મત છે કે પોંડિચેરી ગયા પછી કવિ સુન્દરમ અને વિવેચક સુન્દરમનું અવસાન થયું. સુન્દરમનાં મેં ઉલ્લેખ કર્યા તે ઉત્તમ કાવ્યો અને બીજાં પણ ઉત્કૃષ્ટ કાવ્યો, તેમનો ઉત્કટ શૃંગાર, સંભોગશૃંગાર અને કવિ તરીકે અકાળ અવસાન—આ વિશે સાંભળવામાં રસ હોય તો વિપુલભાઈ, રામભાઈ જરૂર ગોઠવજો. મને બોલવું

ગમશે. પણ હું સુન્દરમના 'કર્ણ' તરફ વળું. સુન્દરમનું 'કર્ણ' દીર્ઘ ખંડકાવ્ય છે. કર્ણના જીવનના બધા જ મુખ્ય પ્રસંગોને કવિએ આવરી લીધા છે. જન્મતાવેંત કુંતીએ કરેલો ત્યાગ, 'સૂતપુત્ર વરશે ન દ્રૌપદી', 'ના કૃપા ગુરુની છન્નક્ષત્રને', કર્ણ-કૃષ્ણ મિલન, ઈન્દ્ર ઉપરથી કવચ-કુંડળ દાનમાં માગી લે છે, કર્ણ-કુંતી મિલન, મહાભારત યુદ્ધમાં પરશુરામ અને બ્રાહ્મણના બે શાપ એના ઉપર ભમતા હતા ત્યારે અર્જુન સાથેનો ઘોર સંગ્રામ અને એમાં કર્ણનો વધ. આમાં ક્યાંક ક્યાંક કાવ્યત્વના ચમકારા જરૂર છે પણ ઘણુંખરું કાવ્ય તત્ત્વ કરતાં કથાતત્ત્વ વધારે બલવાન છે. છતાં સુન્દરમનું 'કર્ણ' બધાં કર્ણકાવ્યોમાં મોખરે આવે તેવું છે, તે કાવ્યના અંતથી. છેલ્લે જ્યારે કર્ણનો વધ થાય છે તે ખંડકની છેલ્લી પંક્તિ ઉત્કૃષ્ટ છે અને કાવ્યનો છેલ્લો ખંડક તો કાવ્યાત્મકતાથી અદ્ભુત બન્યો છે. સાંભળો, કર્ણવધના ખંડકની છેલ્લી પંક્તિ. કવિની આ ઉક્તિ છે, પાત્રોક્તિ નથીઃ 'કર્ણના વધકારુણ્યે પીગળ્યું વ્યોમ, ના ધરા' આ પંક્તિનો લય વિરલ અને ઉત્કૃષ્ટ છે. કર્ણનું સંધ્યાકાળે મૃત્યુ થાય છે. સંધ્યાનો સમય છે એટલે 'પીગળ્યું વ્યોમ' એ શબ્દો સાર્થ છે. પણ કર્ણ સૂર્યનો પુત્ર છે, એના મૃત્યુની વેદના સૂર્ય અનુભવે છે એથી પણ 'પીગળ્યું વ્યોમ'ની વ્યંજના સાર્થક છે. પણ ત્યાર પછીનું વર્ણન છે, 'ન ધરા'. વ્યોમ તો પીગળ્યું, વ્યોમે તો વ્યથા અનુભવી, સૂર્યને તો મૃત્યુનો શોક થયો, પણ ધરાએ વ્યથા ન અનુભવી, મનુષ્યને મૃત્યુનો શોક ન થયો. ધરાની આ નિષ્ઠુરતાથી, કઠોરતાથી, મનુષ્યની આ નિર્દયતાથી કવિએ જે આઘાત અનુભવ્યો છે, જે સ્તબ્ધતા અનુભવી છે તે 'ન ધરા' એવા બે સાદા અને ટૂંકા શબ્દો દ્વારા તો પ્રગટ થાય જ છે, પણ 'વ્યોમ' પછી અને 'ના' પૂર્વે લયમાં જે વિરામ રચાય છે, જે મૌન સર્જાય છે, તેમાં આ આઘાત અને સ્તબ્ધતા સવિશેષ પ્રતીત થાય છે.

અને છેલ્લો ખંડ મેં કહ્યું તેમ કાવ્યનો ઉત્તમાંશ છે. એ આ કાવ્યને શિખરે પહોંચાડે છે. કર્ણના પાત્રને, કર્ણના ચારિત્ર્યને જે ઊંચાઈ મળે છે, જે ગરિમા પ્રાપ્ત થાય છે એ અદ્ભુત છે. કર્ણની મર્યાદાઓનું શું? સુન્દરમ પાસે એનું પણ નિરાકરણ છે અને એ પણ આ કાવ્યની શ્રેષ્ઠતાનો અંશ છે. દસમો અને છેલ્લો ખંડ કર્ણના ઉદ્બોધન રૂપે લખાયો છે. શરૂઆતની બે જ પંક્તિઓમાં કવિ ખૂબ સુંદર રીતે કર્ણના જીવનની મહાન કરુણતાને વ્યક્ત કરે છેઃ

શ્યામળાં બિંદુ બે વચ્ચે લીટી શું તીવ્ર તેજની,
તારી આયુઃ કથા, કર્ણ! દૈવી કો ભર્ગથી ભરી.

શ્યામળાં બે બિંદુ-અજાણ્યો જન્મ અને અસહાય મૃત્યુ, પણ કેવું સમગ્ર તેજસ્વી જીવન. મર્યાદાઓ? જુઓ કવિની ઉક્તિઃ

આકાશમાં સૂર્યના તેજને ક્યારેક કાળાં વાદળો,
એની નિર્મળી પાવક દ્યુતિને આવરે,
તેમ તાહરાં કર્મો કૃષ્ણ, જે કૃષ્ણ ઉચ્ચર્યા,
હશે, એ કૂટ કાલે, ત્યાં કોને મેશ નથી અડી?

આ પ્રથમ પંક્તિનો શ્લેષ જોયો? તાહરાં કર્મો કૃષ્ણ-કાળાં કર્મો, કબૂલ, જે કૃષ્ણ ઊચ્ચર્યા-પણ એ ઉચ્ચારનાર કૃષ્ણે ઓછાં કાળાં કર્મો કર્યાં છે? યુધિષ્ઠિરને 'નરો વા કુંજરો વા'ની સલાહ કોણ આપે છે, ભીમને દુર્યોધનના સાથળ પર પ્રહાર કરવાની સલાહ કોણ આપે છે? અને બીજાં અનેક. પણ છેલ્લી પંક્તિ,

હશે, એ કૂટ કાલે, ત્યાં કોને મેશ નથી અડી?

જગતમાં સર્વાંગ સંપૂર્ણ કોણ છે? સૌને કંઈક ને કંઈક મર્યાદાઓ હોય છે. આ પંક્તિની શરૂઆતનો સાવ બે અક્ષરનો સાદો તળપદો શબ્દ 'હશે' આ એક શબ્દમાં અંગ્રેજીમાં કહે છે તેમ it speaks volumes—અનેક ગ્રંથો જેટલો મુખર. આ ટૂંકા શબ્દમાં જે ક્ષમાપના સંભવી છે. આ પંક્તિમાં જે વૈશ્વિક કારુણ્ય છે તે અદ્ભુત છે.

**રવીન્દ્રનાથઃ કર્ણકુંતી સંવાદઃ**

રવીન્દ્રનાથ કર્ણ અને કુંતીનું મિલન સંધ્યાકાળે—સૂર્યાસ્ત સમયે યોજે છે. મૂળ મહાભારતમાં તો કર્ણ નિયમિત સવારે સૂર્યપ્રાર્થના કરે છે, એમ નિરુપાયું છે. અલબત્ત, સંધ્યા શબ્દના સંસ્કૃતમાં બે અર્થ છેઃ સંધ્યા એટલે સંધિકાળ -

morning twilight અને evening twilight. પણ રવીન્દ્રનાથ સંધ્યાનો અર્થ સૂર્યાસ્તનો સમય કરે છે. રવીન્દ્રનાથ તો સંસ્કૃતના વિદ્વાન હતા. એ આવી ભૂલ ન કરે, તો એમનું પ્રયોજન શું હશે? હા, સૂર્યાસ્તના સમયનો એમણે કાવ્યાત્મક ઉપયોગ જરૂર કર્યો છે.

કર્ણ પ્રાર્થના પૂરી કર્યા પછી કુંતીને જુએ છે. એ કહે છે કે, 'પુણ્ય જાહ્નવીને તીરે સંધ્યાસૂર્યની વંદના કરી રહ્યો છું. રાધાના પેટે જન્મેલો અધિરથ સૂતનો પુત્ર કર્ણ તે હું જ. હવે માતા, તમે કોણ છો?' અહીં રવીન્દ્રનાથ સંધ્યાકાળ એટલે સૂર્યનો સમય એનો કુંતીના પાત્રના ગૌરવ માટે ઘણો કાવ્યાત્મક ઉપયોગ કરે છે. કુંતી કહે છે, 'બેટા, ઘડી ધીરજ ધર. પહેલાં સૂર્યદેવને અસ્ત થવા દે, સંધ્યાનો અંધકાર ગાઢ થવા દે, પછી તને કહું.' કુંતીને વાત તો લજ્જાસ્પદ કહેવાની છે, સૂર્યના પ્રકાશમાં કેવી રીતે કહી શકાય? પણ કુંતી ઉમેરે છે, 'હું કુંતી છું.' અને તરત જ કર્ણ આશ્ચર્યચકિત થઈને કહે છે કે 'તુમિ કુંતી! અર્જુનજનની!'

કુંતીઃ હું જ અર્જુનની માતા. પણ એ મનમાં આણીને બેટા, તું દ્વેષ ન રાખીશ.

કર્ણઃ આર્યે! તમને પ્રણામ કરું છું. તમે રાજમાતા છો, અહીં એકલાં કેમ? આ તો રણભૂમિ છે.'

કુંતીઃ પુત્ર, મારે એક ભિક્ષા માગવાની છે, પાછી ન ઠેલતો.

કર્ણઃ ભિક્ષા? અને તે મારી પાસે? મારું પૌરુષ અને મારો ધર્મ, એ સિવાય જે કહેશો તે તમારે ચરણે ધરી દઈશ.

કુંતીઃ હું તો તને લેવા આવી છું.

કર્ણઃ ક્યાં લઈ જશો મને?

કુંતીઃ મારી તરસી છાતીમાં, માના ખોળામાં.

કર્ણઃ હે ભગવતી, તમે પાંચ પાંચ પુત્રે ધન્ય થયાં છો. મને ક્યાં સ્થાન આપશો?

કુંતીઃ સૌથી ઊંચે, મારા બધા પુત્રો કરતાં પહેલો હું તને બેસાડીશ. તું જ્યેષ્ઠ પુત્ર છે.

કર્ણઃ કયા અધિકારના ગુમાનથી હું ત્યાં આવું? જેઓ સાધનસંપત્તિથી વંચિત થયા છે તેમના માતૃસ્નેહરૂપી ધનમાં કેવી રીતે ભાગ પડાવવો, મને કહો. માતાનું હૃદય કંઈ જુગટામાં મુકાતું નથી, બાહુબળથી જિતાતું નથી, એ તો વિધાતાનું દાન છે.

કુંતીઃ મારા દીકરા, એક વાર તું વિધાતાનો દીધો અધિકાર લઈને જ આ ખોળામાં આવ્યો હતો, તે જ અધિકારપૂર્વક ગૌરવ સાથે તું પાછો આવ, કશો પણ વિચાર કર્યા વિના ચાલ્યો આવ, બધા ભાઈઓની વચમાં, મારા, આ માતાના ખોળામાં, તારું પોતાનું સ્થાન લઈ લે.

માતૃહૃદયની આ તીવ્ર સંવેદના કોને ન સ્પર્શે? કર્ણની હૃદયતંત્રીના એક એક તાર રણઝણી ઊઠે છે. કર્ણ કહે છે, 'હે દેવી, તમારી વાણી જાણે સ્વપ્નમાં સાંભળતો હોઉં એમ લાગે છે. જુઓ ચોમેર અંધકાર વ્યાપી ગયો છે, બધી દિશાઓ દેખાતી બંધ થઈ ગઈ છે, ભાગીરથી શબ્દહીન છે. તમે મને કયા માયાઘેર્યા લોકમાં, વિસ્મૃત ઘરમાં, ચેતનાના પરોઢમાં લઈ ગયાં છો? જાણે મારો અસ્ફુટ શૈશવકાળ ન આવ્યો હોય, જાણે મારી જનનીના ગર્ભનો અંધકાર મને આજે ઘેરી ન લેતો હોય, એવું લાગે છે. હે રાજમાતા, સાચું હોય કે સ્વપ્ન હોય, પણ હે સ્નેહમયી, આવો, તમારો જમણો હાથ ક્ષણભર માટે મારે લલાટે અને ચિબુકે લગાડો... દેવી, ફરી વાર કહો કે હું તમારો પુત્ર છું.'

કુંતીઃ દીકરા મારા...

આ તો રવીન્દ્રવાણી. અણુએ અણુને સ્પર્શી રહે.

પણ... પણ... પણ... ભૂતકાળને કેમ ભૂંસી દેવો?

કર્ણઃ તો શા માટે તમે મને અનાત્મીય, અજ્ઞાત અને માતૃહીન સંસારમાં કુલ-શીલ-માન વગરના અગૌરવમાં દૂર ફેંકી દીધો હતો? શા માટે મને અવજ્ઞાના સ્રોતમાં વહેતો મૂકી દીધો હતો? માતા, કેમ જવાબ નથી દેતાં? તમારી લજ્જા અંધકારના થરને ભેદીને મારાં સર્વ અંગોને નીરવે સ્પર્શ કરે છે, મારી આંખોને ઢાંકી દે છે. તો જવા દો, જવા દો, તમે મને શા માટે ત્યજી દીધો એ ન કહેશો... પણ મને કહો તો ખરાં કે આજે કેમ મને પાછો ગોદમાં લેવા આવ્યાં

છો?

કુંતીઃ હે વત્સ, તારી આ નિર્ભર્ત્સના સેંકડો વજ્રોની પેઠે મારા આ હૃદયના સેંકડો ટુકડા કરી નાખો. મેં તારો ત્યાગ કર્યો હતો તેના શાપથી તો પાંચ પાંચ પુત્રો છાતીએ હોવા છતાં મારું ચિત્ત સદા પુત્રહીણું રહ્યું છે... તું આ કુમાતાને ક્ષમા કર.

કર્ણઃ માતા, ચરણરજ આપો, ચરણરજ આપો. મારાં અશ્રુ લો.

કુંતીઃ તને મારી છાતીસરસો લેવાના સુખની આશાએ હું તારે આંગણે નથી આવી. તને તારા અધિકારના સ્થાને પાછો લઈ જવા આવી છું. તું સૂતપુત્ર નથી. રાજાનો પુત્ર છે. હે વત્સ, બધાં અપમાનોને દૂર કરી દઈને જ્યાં તારા પાંચ ભાઈઓ છે ત્યાં ચાલ્યો આવ.

કર્ણઃ માતા, હું સૂતપુત્ર છું. રાધા મારી માતા છે, એના કરતા અધિક ગૌરવ મારે કશું નથી.

કુંતીઃ હે વત્સ, તારું રાજ્ય તારા બાહુબળથી પાછું જીતી લે. યુધિષ્ઠિર શુભ્ર ચામર ઢોળશે, ભીમ છત્ર ધરશે, વીર ધનંજય તારા રથનો સારથિ બનશે, પુરોહિત ધૌમ્ય વેદમંત્રો ઉચ્ચારશે. શત્રુઓને જીતીને ભાઈઓની સાથે નિઃસપત્ન(જેને કોઈ પ્રતિસ્પર્ધી નથી તેવો-કર્ણ) રાજ્યમાં અખંડ પ્રતાપપૂર્વક તું રત્નસિંહાસન ઉપર વિરાજમાન રહેશે.

કર્ણ કઠોર શબ્દોમાં આ નિમંત્રણનો અસ્વીકાર કરે છે. કુંતી ઊંડો ખેદ અનુભવે છેઃ જે શિશુને મેં અસહાય અવસ્થામાં છોડી દીધો હતો, તે ક્યારે બળ અને વીર્ય પ્રાપ્ત કરીને કોણ જાણે ક્યાંથી પાછો આવશે અને પોતાની માતાના પેટનાં સંતાનોને પોતાને ક્રૂર હાથે અસ્ત્ર લઈને મારશે! આ તે કેવો અભિશાપ!'

કર્ણના ગૌરવાન્વિત છતાં વેદનાંકિત શબ્દોથી રવીન્દ્રનાથ કાવ્યનો અંત આણે છે. આ તો રવીન્દ્રવાણી. તેને કોઈ ટીકાટિપ્પણની જરૂર નથી. તમારામાંથી મોટા ભાગના લોકોએ આ ન વાંચ્યું હોય તેથી શબ્દશઃ રજૂ કરું છું. મૂળ બંગાળી અને તેનો અનુવાદ 'એકોત્તરશતી' નામના ગ્રંથમાં છે અને આ કાવ્યનો ઉત્તમ અનુવાદ નગીનદાસ પારેખે કર્યો છે.

કર્ણઃ માતા, ભય પામશો નહીં. હું તમને કહું છું કે પાંડવોનો વિજય થશે. આજે, આ રાત્રિના અંધકારપટ પર, નક્ષત્રના પ્રકાશમાં, મેં યુદ્ધનું ઘોર પરિણામ વાંચી લીધું છે... જે પક્ષનો પરાજય થવાનો છે તે પક્ષને છોડી દેવાની મને હાકલ કરશો નહીં. પાંડવસંતાનો ભલે વિજયી થતાં, હું તો નિષ્ફળ અને હતાશના પક્ષમાં જ રહીશ. મારા જન્મની રાત્રિએ તમે મને ધરતી ઉપર નામ અને ઘર વગરનો નાખી ગયાં હતાં, તે જ પ્રમાણે આજે પણ હે માતા, મને નિર્મમતાપૂર્વક દીપ્તિ અને કીર્તિહીન પરાભવમાં છોડી દો. માત્ર, મને એટલો આશીર્વાદ આપતા જાઓ કે જય, યશ કે રાજ્યના લોભમાં પડીને હું વીરની સદ્ગતિથી ભ્રષ્ટ ન થાઉં.

(ક્રમશઃ)

દિલ્હીમાં પહેલીવાર મળીને છૂટા પડતાં પહેલાં માઉન્ટબેટને પંડિત નહેરુને કહ્યું, 'મિસ્ટર નહેરુ, મને બ્રિટિશ રાજ સંકેલનાર છેલ્લો વાઈસરૉય ન ગણશો પણ નૂતન ભારતના માર્ગ પર ઊભેલો પહેલો અંગ્રેજ ગણજો.'

નહેરુએ ધ્યાનથી માઉન્ટબેટન તરફ જોયું અને સસ્મિત બોલ્યા, 'હવે મને સમજાય છે કે તમારો ચાર્મ ખતરનાક છે એમ બધા શાથી કહે છે!'

તમે ડરી ડરીને નરમ થઈ ગયા છો. તમને તકરાર-ટંટો આવડતાં નથી, એ ગુણ છે; પણ તેથી અન્યાયની સામે થવાની ચીડ પણ આપણામાં ન રહે એટલા સુંવાળા ન થઈ જવું જોઈએ. આંખમાં ખુમારી આવવા દો, ને ન્યાયને ખાતર અને અન્યાયની સામે લડતા શીખો.

- સરદાર પટેલ, બારડોલી સત્યાગ્રહ, ૧૯૨૮.

## ૦૫. અભિવ્યક્તિ

### "વાલ્મીકિ પૃથ્વીના સૌથી પહેલા સત્યાગ્રહી છે" : ગુણવંત શાહ

ભદ્રાયુ વછરાજાની

---

જેમના શ્વાસે શ્વાસે રામકથા છે અને જેઓ સત્ય-પ્રેમ-કરુણાનો સંદેશ વિશ્વભરમાં ચરિતાર્થ કરે છે, તે શ્રી મોરારિબાપુ માટે સાહિત્ય-સંગીત-સંસ્કૃતિ પ્રેમવર્ષાનાં ક્ષેત્રો છે. કોઈ રાષ્ટ્રીય યુનિવર્સીટીએ કે કોઈ રાષ્ટ્રીય અકાદમીએ જેટલું પ્રદાન સંગીત-સાહિત્ય કે સંસ્કૃતિનાં પરિમાર્જન માટે કરવું જોઈએ; તેથી અધિકતમ અછોવાના આ ત્રણેય ક્ષેત્રોને શ્રી મોરારિબાપુએ કર્યાં છે અને અવિરત કરી રહ્યા છે, તે સર્વસ્વીકૃત રાષ્ટ્ર-ઘટના છે. બાપુને સતત સતત સુ-સંસ્કૃત વિચારો આવ્યા જ કરે છે અને તેઓ તે વિચારોને ચરિતાર્થ કરીને વિશ્વભરની દિગ્ગજ હસ્તીઓને પોતાના પ્રિય તલગાજરડા ગામે નોતરે છે અને તેમની ભાવ-વંદના કરે છે. વર્ષભર આવા વિવિધ ઉપક્રમો ચાલતા જ રહે છે. જીવનનું એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં બાપુએ પોતાનું તુલસીદલ અર્પિત ન કર્યું હોય !! સત્યને શોધી કાઢીને તેને પ્રેમ કરવો અને પછી સમસ્ત કરુણા તેના માટે વહેતી રાખવી એ જેમનો જીવનપથ છે તે શ્રી મોરારિબાપુ દ્વારા આ વર્ષે ૨૦૨૧થી તુલસી-જયંતી અવસરે તુલસી અને વાલ્મીકિ ઍવૉર્ડ આપવાનો મનોરથ ઘોષિત થયો અને પ્રથમ વાલ્મીકિ ઍવૉર્ડ ગુર્જર સાહિત્યના મનીષી શ્રી ગુણવંત શાહને એનાયત થયો.

શ્રી બાપુ લોકભારતી અને તેની ભગિની સંસ્થાઓ અને આ સંસ્થાઓના પરમ-ગુરુ-સ્થાપકો પ્રત્યે વિશેષ લાગણીથી જોડાયેલા છે, તો શ્રી ગુણવંત શાહ શિક્ષણના મશાલચી છે. વળી ગુણવંતભાઈને તો "દર્શક ઍવૉર્ડ" શ્રી બાપુના કરકમલો દ્વારા અહીં જ એનાયત થયાની ઘડી લોકભારતીના પરિસરને હજુ પણ યાદ છે.

સમગ્ર ગુજરાત અને પ્રત્યેક ગુજરાતી જેમના નામ માત્રથી ગૌરવાન્વિત છે, એવા ગુજરાતના ગુણવંતી ટહુકા સમાન આદરણીય પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહને શ્રી બાપુ "વિચારયજ્ઞના આચાર્ય" કહે છે અને ગુણવંતભાઈ પૂજ્ય બાપુને આ 'સદીના સમર્થ લોકશિક્ષક' તરીકે આદર આપે છે. ગુણવંતભાઈ અને બાપુ વચ્ચે સંવેગોની એક સમાન વેવલેન્થ જે વર્ષોથી દિનપ્રતિદિન દૃઢ થતી જય છે. બાપુ વ્યાસપીઠ પરથી 'આપણા ગુણવંતભાઈ' એમ કહીને અવારનાર તેઓનું સ્મરણ કરે છે, તો ગુણવંતભાઈ લગભગ દર ત્રીજા લેખમાં બાપુનો સહજભાવે ઉલ્લેખ કરતા આવ્યા છે. કોઈ ગત ભવના ઋણાનુબંધને કારણે આવું દર્શન થતું હશે એવું મને લાગે છે.

ગુણવંત શાહ વીર નર્મદ પછીના બીજા ગુજરાતી સાહિત્યકાર છે કે જે કલમને ખોળે માથું મૂકીને જીવે છે. છેલ્લાં પચાસ વર્ષોથી ગુણવંતભાઈ લખતા રહ્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિ પછીના ત્રણ દસકાથી તેઓ ચિંતન, મનન અને લેખનમાં રમમાણ છે. ગુણવંતભાઈ ધારદાર લેખક છે, પણ સંવેદનશીલ છે. ગુણવંતભાઈ પ્રભાવક વક્તા છે પણ લાગણીશીલ છે. તેઓશ્રી સંવેદનાની શાહીથી લખે છે અને લાગણીની વાણીથી વ્યક્ત થાય છે. તેઓને ભારતગૌરવ સમાન 'પદ્મશ્રી' પ્રાપ્ત થયેલ છે તો ગુજરાતનો સર્વોચ્ચ સૌ પ્રથમ 'સાહિત્યરત્ન ઍવૉર્ડ' પણ ગુણવંતભાઈને એનાયત થયેલ છે. 'રણજિતરામ સુવર્ણચંદ્રક' થી લઈને અનેક માન સન્માન મેળવાનર શ્રી ગુણવંત શાહ રોકડું કહેવા ટેવાયેલા છે. તેઓએ ક્યારેય ક્રિપણને કર્ણ કહીને પોતાની જીભ કે કલમને અભડાવી નથી. હા, તેઓ જયારે ખલેલ પામે છે ત્યારે ખલેલથી સમાજને પણ ઢંઢોળી નાખે છે. પણ સમાજને ઢંઢોળવા માટે એ પોરબંદરથી સાબરમતી સુધીની 'પંચશીલ

પદયાત્રા' કરે છે, તો નરસિંહભૂમિ જૂનાગઢથી નર્મદભૂમિ સુરત સુધીની 'માતૃભાષા વંદનાયાત્રા' પણ કરે છે.

ગુણવંત શાહ એટલે કૃષ્ણનું જીવન સંગીત, ગુણવંત શાહ એટલે માનવતાનું મહાકાવ્ય રામાયણ, ગુણવંત શાહ એટલે માનવતાનું મહાકાવ્ય મહાભારત, ગુણવંત શાહ એટલે પ્રિયજનને પ્રેમપત્ર, ગુણવંત શાહ એટલે ગાંધીના ચશ્મા-ગાંધીના ચપ્પલ-ગાંધીની લાકડી અને ગાંધીની ઘડિયાળ.

ગાંધી તો ગુણવંતભાઈને તેમના માતા તરફથી વારસામાં મળ્યા છે. પૂ. રવિશંકર મહારાજ સાથે પૂરા છ મહિના ભૂદાન પદયાત્રામાં ગામડે ગામડે જવાનું સદ્‌ભાગ્ય ગુણવંતભાઈને સાંપડ્યું છે. ગુણવંતભાઈ ભલે 'શાહ' કહેવાતા હોય પણ આમ તેઓ જન્મે પાટીદાર છે અને એટલે તેમની અભિવ્યક્તિમાં સરદાર પટેલ જેટલી આખાબોલાઈ હાજર હોય છે. ગુણવંતભાઈ આખાબોલા ખરા, પણ ચોખ્ખાબોલા એટલા જ. ગુજરાતી સાહિત્ય જગતનું આ મોરપિચ્છ આજે ચોર્યાશી વર્ષે પણ highest paid writer છે અને always in high demand orator છે.

તુલસી-વાલ્મીકિ-ઍવૉર્ડ અર્પણનો સમારોહ કૈલાસ ગુરુકુળ, મહુવાના આદિ શંકરાચાર્ય સભાખંડમાં યોજાયો. અલબત્ત, શ્રી ગુણવંતભાઈ પ્રત્યક્ષ ઉપસ્થિત ન રહ્યા અને તેમનાં વતીથી શ્રી મોરારિબાપુ પ્રેરિત સૌ પ્રથમ વાલ્મીકિ ઍવૉર્ડ ગુણવંતભાઈનાં આત્મીય સ્વજન બારડોલીના ડો. પ્રજ્ઞા કલાર્થીએ સ્વીકાર્યો. વર્ચ્યૂઅલી તેઓશ્રી જોડાયા અને તેઓએ મનનીય વક્તવ્ય પણ આપ્યું. ગુણવંતભાઈને સાંભળવા એક લ્હાવો છે ત્યારે આવો, આપણે તેઓના હૃદયની શબ્દ-ઊર્મિઓને ઝીલવાનો પ્રયત્ન કરીએ.

....''આદરણીય મોરારિબાપુને પ્રણામ...

આજે મારા જીવનનો યાદગાર દિવસ છે, જ્યારે આદરણીય બાપુની કૃપાથી મને વાલ્મીકિ ઍવૉર્ડ મળી રહ્યો છે. મારા મનમાં ઋષિ વાલ્મીકિ માટે જે આદર છે એ એટલો બધો મોટો છે કે હું વિચારી પણ નહોતો શકતો કે એમની સાથે જોડાયેલો ઍવૉર્ડ મારા જેવા સામાન્ય માણસને પણ મળશે. મેં રામાયણનું ભાષ્ય લખ્યું છે, એ રામાયણના ભાષ્યમાં મેં વાલ્મીકિ માટે ઘણું બધું લખ્યું છે. આજે હું ગર્વથી કહી શકું છું કે મારું નામ વાલ્મીકિ ઍવૉર્ડ સાથે જોડાઈ જાય એ મારા માટે મોટામાં મોટું સન્માન છે. એનાથી મોટું કોઈ સન્માન મારા માટે હોઈ જ ન શકે. આ ઍવૉર્ડ મેળવવો એ બહુ મહત્ત્વ રાખે છે. અને એના માટે હું આદરણીય બાપુનો અનુગ્રહિત છું અને ઉપકૃત છું.

વાલ્મીકિ તમસા નદીના કાંઠે સ્નાન કરવા માટે ગયા અને જ્યારે વ્યાધે પ્રેમમગ્ન એવા ક્રૌંચ પક્ષી યુગલને તીર માર્યું અને તેમાં ક્રૌંચી તીરથી મરી ગઈ અને ક્રૌંચ યુગલ પડી ગયું ત્યારે જે ચિત્કાર થયો એ ચિત્કારથી વાલ્મીકિ ઋષિ બહુ દુઃખી થયા. તેઓ એટલા દુઃખી થયા કે એના મુખમાંથી એક શાપ નીકળી ગયો, "હે નિષાદ, તને જીવનમાં ક્યારેય શાંતિ નહીં મળે, કારણ કે એક પ્રેમમગ્ન યુગલ ક્રૌંચનો તેં વધ કર્યો છે એટલે તને કોઈ દિવસ શાંતિ નહીં મળે." ઋષિના મુખથી આવો શાપ તો નીકળી ગયો પછી ઋષિ જ્યારે પોતાના આશ્રમે પાછા ફર્યા ત્યારે એના મનમાં, હૃદયમાં એ પીડા કાયમ રહી અને એમનાં મુખમાંથી જે શ્લોક નીકળી ગયો, એ શ્લોક તો છંદબદ્ધ છે, એ છંદબદ્ધ શ્લોક રામાયણનો પ્રારંભ બની ગયો અને મહાકવિ વાલ્મીકિએ રામાયણ લખવાની શરૂઆત કરી. બ્રહ્માજી આશ્રમે આવ્યા. એણે કહ્યું કે "હે ઋષિવર્ય, તમે જે રામાયણનો પ્રારંભ કર્યો છે, એને છોડતા નહીં કારણ કે એ મોટું મહાકાવ્ય બનશે.'' ઋષિ વાલ્મીકિને એટલું કહીને બ્રહ્માજી જતા રહ્યા. પછી નારદઋષિનું આગમન થયું. નારદઋષિ દેવર્ષિ હતા. બધું જાણતા હતા. તો નારદજીએ આવીને વાલ્મીકિને કહ્યું, "હે ઋષિવર્ય, તમારા મોમાંથી જે શ્લોક સહજરૂપથી નીકળી પડયો છે એ સહજરૂપ શ્લોક રામાયણ જેવા મહાકાવ્યનો પ્રારંભ છે એવું સમજજો.'' વાલ્મીકિજીએ કહ્યું, ''હું મહાકાવ્ય કેવી રીતે લખી શકું? કોઈ એવો પુરુષ છે, જે મહાકાવ્યને લાયક હોય? જેના

ઉપર મહાકાવ્ય લખાય?'' તો નારદ બોલ્યા, 'હા આયોધ્યામાં રામનો જન્મ થઈ ગયો છે જે એવા મહાપુરુષ છે કે જે તમારા મહાકાવ્યને સાર્થક કરશે.'' ઋષિ વાલ્મીકિએ કહ્યું: હું લખું કે આવું થયું, તેવું થયું અને એ વાત પછી ન બની તો હું સત્યભ્રષ્ટ બની જઈશ.'' આ વાત રવીન્દ્રનાથ ટાગોરે નારદના મુખમાં રાખી છે અને ગુરુદેવ ટાગોરે લખ્યું છે કે, નારદજીએ તો ત્યાં સુધી કહી દીધું કે, હે ઋષિ, જે તમે લખશો તે જ સત્ય હશે. જે ઘટના બનશે એ સત્ય ન પણ હોઈ શકે, પણ તમે જે લખશો તે જ સત્ય હશે એટલે તમારી મનોભૂમિને જ રામની જન્મભૂમિ સમજો કારણ કે એ જન્મભૂમિ વધારે વાસ્તવિક હશે. અયોધ્યાને નહીં તમારી મનોભૂમિને જન્મભૂમિ સમજો. ત્યારે વાલ્મીકિએ મહાકાવ્ય લખવાનો પ્રારંભ કર્યો અને આપણને રામાયણ જેવું મહાકાવ્ય મળ્યું.

હું જ્યારે રામાયણનું ભાષ્ય લખતો હતો ત્યારે પળ પળ એવી પ્રતીતિ થતી હતી કે મારા મનનું સ્નાન થઈ રહ્યું છે અને પ્રત્યેક શબ્દ લખતી વખતે હું શુદ્ધ થાઉ છું, પ્રસન્ન થાઉં છું અને સ્નાનથી તાજગીનો અનુભવ કરું છું. તો મહાકવિ વાલ્મીકિ માટે જે શ્લોક છે તેમાં કહેવામાં આવ્યું છે કે "વાલ્મીકિ તો સિંહની જેમ વનચર્યા કરે છે અને વીર છે.'' એક બાજુ ઋષિ વાલ્મીકિને વીરની ઉપમા અપાઈ, વનમાં નિર્ભયતાથી ફરવાવાળા સિંહની ઉપમા અપાઈ અને બીજી બાજુ કહેવામાં આવ્યું કે, વાલ્મીકિ તો જીવનરૂપી શાખા પર બેસીને રામગાન કરવાવાળા કોકિલ છે. તો એક વ્યક્તિમાં સિંહનો નિવાસ હોય શકે તો પછી એમાં કોકિલનો નિવાસ કેવી રીતે હોય શકે?

સુરતમાં પણ એવી ઘટના બની. અમારા જે કવિ હતા, સુરતના; જેની સ્કૂલમાં હું ભણ્યો છું, જે સ્કૂલમાં વીર નર્મદે નોકરી કરી હતી, એ જ સ્કૂલનો હું વિદ્યાર્થી છું. તો નર્મદને વીર નર્મદ કેમ કહેવામાં આવ્યા? કારણ કે નર્મદ કવિ હતા તો પણ વીર હતા, વાલ્મીકિ કવિ હતા તો પણ વીર હતા. કવિનું સંમિલન કોમળતાથી થાય છે. કવિ કોમળ હોય છે, કવિ સંવેદનશીલ હોય છે તે વીર નથી હોતા, તો વાલ્મીકિ પછી સુરતના નર્મદને વીર કહેવામાં આવ્યા.

વાલ્મીકિ વીર પુરુષ હતા તેનું એક જ ઉદાહરણ હું તમને આપું. નૈમિષારણ્યમાં જ્યારે યજ્ઞ થઈ રહ્યો હતો ત્યારે બ્રહ્માએ જઈને શ્રી રામને પૂછ્યું કે, આ યજ્ઞમાં પત્નીની ઉપસ્થિતિ આવશ્યક છે તમારી સાથે બેસવા માટે, તો આપણે શું કરીશું? તો રામે ઘણું વિચારીને જવાબ આપ્યો કે, ''સીતાની સુવર્ણમય પ્રતિમા મારી સાથે બેસાડવામાં આવે. હું હજી પણ સીતાનો પતિ છું અને એની સુવર્ણ પ્રતિમા મારી સાથે રાખી દો, એટલું પૂરતું છે...'' રામ પત્નીવ્રત હતા અને રામે જે કર્યું તે એવું કાર્ય કર્યું કે નૈમિષારણ્યનું આખું વાતાવરણ રામમય થઈ ગયું. ત્યાં વાલ્મીકિ આવ્યા અને સીતાને લઈને આવ્યા! વાલ્મીકિની પાછળ સીતા ધરતી તરફ જોતાં જોતાં ક્ષોભજનક વાતાવરણમાં આવી રહ્યા હતાં. અયોધ્યાના બધા નગરજનો ઉપસ્થિત હતા, અયોધ્યાની માતાઓ ઉપસ્થિત હતી, અયોધ્યાના બધા સ્વજનો ઉપસ્થિત હતા ત્યારે વાલ્મીકિએ રામને સંબોધિત કરીને કહ્યું, "હે રામ, જ્યારે તમે સીતાનો ત્યાગ કર્યો હતો ત્યારે આપની દોલાચલ ચિત્તવૃત્તિ હતી.'' :: દોલાચલ ચિત્તવૃત્તિ એ મહાકવિ કાલિદાસનો શબ્દ પ્રયોગ છે, જેને ઇંગ્લીશમાં આપણે કહીએ to be or not to be(hamlet) :: તો રામની દોલાચલ વૃત્તિ માટે એટલા શબ્દો કહીને વાલ્મીકિએ કહ્યું કે, મારી હજાર વર્ષની તપશ્ચર્યા ભૂલી જવા તૈયાર છું. એ તપશ્ચર્યા નષ્ટ થઈ જાય જો હું ખોટું બોલીશ. હું જીવનમાં ક્યારેય ખોટું નથી બોલ્યો એટલે મારી વાત સાંભળો. વાલ્મીકિએ કહ્યું, "હે રામ, સીતા તમારી પત્ની છે. હું એને ઓળખું છું, હું બધું જાણીને બોલું છું કે લવકુશ છે એ પણ બંને તમારા પુત્રો છે. જો મારી વાત ખોટી નીકળી તો મારી હજારો વર્ષની તપશ્ચર્યા નષ્ટ થઈ જશે. અને મને કોઈ દુઃખ નહીં થાય, એટલા વિશ્વાસથી હું તમને કહું છું કે સીતા પવિત્ર છે અને તેને ગ્રહણ કરો.''

રામ સાંભળતા રહ્યા, અયોધ્યાવાસી પણ ત્યાં બેઠા

હતા. બધાએ વાલ્મીકિના આ શબ્દો સાંભળ્યા. હું સત્યાગ્રહીના રૂપમાં વાલ્મિકીને "પૃથ્વીના સૌથી પહેલાં સત્યાગ્રહી" સમજું છું, કારણ કે સત્યનો પક્ષ લેવો, સત્યના માટે પોતાનું જીવન દાવ પર લગાવી દેવું, પોતાની તપશ્ચર્યા દાવ પર લગાવવી એ જ તો કવિકર્મ છે, ક્રાંતદર્શિકા છે. તો વાલ્મીકિએ કહ્યું, "જો મારું વચન ખોટું છે તો મારી તપશ્ચર્યા નષ્ટ થઈ જાય એવી હું કામના કરું છું..." તો રામને મોટો પ્રભાવ ઋષિની વાણીમાં મળ્યો અને રામે સીતાનો સ્વીકાર કરવાનો નિશ્ચય કર્યો. ત્યારે સીતાજીએ પૃથ્વી માતાને પ્રાર્થના કરી કે, "જો મેં કોઈ દિવસ પરપુરુષનું ચિંતન પણ ન કર્યું હોય, મેં કોઈ દિવસ એવું વિચાર્યું પણ ન હોય તો હે પૃથ્વી મા, તમે તમારી ગોદમાં મને સમાવી લો." અને સીતા પૃથ્વીની ગોદમાં ચાલ્યા ગયા ને બધા જોતા રહી ગયા.

આપણે ત્યાં જ્યારે તકરાર થાય ત્યારે બંને બાજુ બોલવાવાળા ઘણા લોકો મળે કે તમે પણ સાચા છો, પણ સામેવાળા ખોટા નથી. મારા ગામમાં એક ઝીણાભાઈ નામના વડીલ રહેતા હતા. બે વ્યક્તિઓ જ્યારે વાદવિવાદ પર ચડે ત્યારે એ હંમેશાં કહેતા કે, તમે કહેતા હતા એ સાચું છે પણ એ કહેતા હતા એ પણ ખોટું નથી... એવી વાત વાલ્મીકિએ ન કરી. વાલ્મીકિએ કહ્યું, હું સાચું બોલું છું. રામ, તમે સીતા સાથે અન્યાય કર્યો છે.

અન્યાય સામે પોતાનું જીવન દાવ પર લગાવી દેનાર, પોતાની તપશ્ચર્યાને દાવ પર લગાવી દેનાર કોઈ ઋષિ હોય તો એ વાલ્મીકિ છે. અને વાલ્મીકિના નામ સાથે જોડાયેલ ઍવૉર્ડ આજે આદરણીય મોરારિબાપુ તરફથી મને મળે છે એ મારા માટે મોટું સૌભાગ્ય છે. જીવનભર હું આ પ્રસંગ નહીં ભૂલી શકું, કારણ કે એક મોટામાં મોટા મહાકવિ વાલ્મીકિની સાથે જોડાયેલો આ ઍવૉર્ડ મારા માટે ઘણો મૂલ્યવાન છે અને હું જીવનભર એને સ્મરણમાં રાખીશ અને વાલ્મીકિ જે સત્યપ્રતિજ્ઞ હતા તેના માટે હું આદર પ્રગટ કરી છું અને વાલ્મીકિ ઍવૉર્ડનો સ્વીકાર કરું છું."

આપણે તો ધન્ય થઈએ કારણ કે રામમય શ્રી મોરારિબાપુ જે સમયમાં હોય અને શ્રી ગુણવંતભાઈ જેવા સાહિત્ય-રત્નની શબ્દ-હૂંફ જે કાળમાં હોય તેમાં આપણે શ્વસી રહ્યા છીએ તેથી મોટું ભાગ્ય બીજું કયું હોઈ શકે?

હિન્દુઓમાં ત્રણ પ્રકારે અંતિમ વિધિ કરવામાં આવે છેઃ અગ્નિદાહ, જલદાહ અને ભૂમિદાહ. અગ્નિદાહનું પ્રમાણ વધારે છે. પ્રાચીન સમયમાં ભારતમાં ૯૦ ટકા જમીન પર જંગલ હતું ત્યારે અગ્નિદાહ અયોગ્ય ન હતો. આજે એક વ્યક્તિના અગ્નિદાહ પાછળ આશરે ૪૦૦ કિલો લાકડાનો વપરાશ થાય છે, તે યોગ્ય નથી. વિદ્યુત સ્મશાનમાં એક નાના ગામને કે કારખાનાને ચાલે તેટલી વીજળીનો વ્યય થાય છે. હિંદુ પછાત જાતિઓમાં મૃતદેહને દફનાવવામાં આવે છે. તમામ જાતિઓમાં બાળમરણનો ભૂમિસંસ્કાર જ થાય છે. સાધુ—સંતો—મહંતો તથા શહીદોની સમાધિ કે ખાંભી એક પ્રકારનું દફન જ છે, જે શાસ્ત્રોકત છે. ઋગ્વેદ, અથર્વવેદ અને ગરુડ પુરાણના અમુક શ્લોકોમાં 'ભૂમિદાહ'નું સમર્થન છે.

ભૂમિદાહ એટલે કે દફન કરનારા પશ્ચિમના દેશોમાં ગ્રીન બરિયલ કાઉન્સિલ છે, જે ઓછામાં ઓછા પર્યાવરણ નુકસાન સાથે મૃતદેહની અંતિમક્રિયા કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આપે છે. ઉપરાંત ઇકો ફ્રેન્ડલી મૃતદેહનાશક યંત્ર હોય છે, જેમાં મૃતદેહને ૧૯૬ સે. તાપમાને પ્રવાહી નાઇટ્રોજનની મદદથી થીજવી શૂન્યાવકાશમાં સુકવી બરડ બનાવી ભૂકો કરી નાઇટ્રોજન અને ફોસ્ફરસયુક્ત કુદરતી ખાતરમાં ફેરવવામાં આવે છે. આ ખાતરથી મૃત્યુ પછી પણ સ્વજનની યાદમાં વૃક્ષ વાવી શકાય છે અને પર્યાવરણને પણ જાળવી શકાય છે.

## સ્વપ્નો, ચિત્રો, રંગો, આગઃ અમૃતા શેર-ગિલ

સોનલ પરીખ

'પહેલાં હું ચિત્રનું સ્વપ્ન જોઉં છું અને પછી હું સ્વપ્નને ચીતરું છું.' આવી નાજુક વાત કરનાર વિન્સેન્ટ વાન ગૉગનું જીવન એક દુઃસ્વપ્ન જેવું હતું. વાસ્તવ સાથે માથા પછાડતો વાન ગૉગ અકિંચન અને ચસકેલ કલાકાર તરીકે અકાળે મૃત્યુ પામ્યો. અમૃતા શેર-ગિલનું જીવન પણ ઉગ્ર અને જલદ આગની જ્વાળા સમું જ હતું.

માત્ર ૨૯ વર્ષ જીવેલી અમૃતા શેર-ગિલ પછીની પેઢીઓ માટે ભવ્ય અખૂટ કલાવારસો મૂકી ગઈ. એના ચિત્રોની કિંમત કરોડોમાં અંકાય છે. ટૂંકા અજંપ જીવન અને ભવ્ય કલાકૃતિઓ વડે હંમેશાં આંતરરાષ્ટ્રીય ચર્ચામાં રહેલી અમૃતા શેર-ગિલનું એક પેઇન્ટિંગ 'ઇન ધ લેડીઝ એન્ક્લોઝર' તાજેતરમાં સેફ્રોનેટ ઑક્શન હાઉસે ૩૭.૮ કરોડ રૂપિયામાં વેચ્યું. આથી એ બીજા નંબરનું સૌથી મોંઘું ભારતીય પેઇન્ટિંગ બન્યું છે(પહેલા નંબરનું વી. એસ. ગાયતોંડેનું પેઇન્ટિંગ ૩૯.૯૮ કરોડમાં થોડા મહિના પહેલાં વેચાયું હતું).

અમૃતા શેર-ગિલની ચિત્રશૈલીએ કલાકારોની એકથી વધારે પેઢીઓને પ્રભાવિત કરી છે. તેના પર પુસ્તકો લખાયાં છે, ટપાલ ટિકિટ નીકળી છે, સલમાન રશદીની એક નવલકથા 'ધ મૂર્સ લાસ્ટ સાય'નું પાત્ર તેનાથી પ્રેરિત છે, રાજધાની દિલ્હીમાં અમૃતા શેર-ગિલના નામનો એક માર્ગ છે. ભારત સરકારે અમૃતાનાં પેઇન્ટિંગ્સને 'રાષ્ટ્રિય કલાનિધિ' ઘોષિત કરી નેશનલ ગેલેરી ઑફ મૉર્ડન આર્ટમાં સાચવ્યાં છે. લાહોર અને પેરિસનાં મ્યુઝિયમોમાં પણ તેનાં ચિત્રો છે.

૧૯૧૩ની ૩૦મી જાન્યુઆરીએ ડાન્યૂબ નદીને કાંઠે, બુડાપેસ્ટના એક સુંદર-શાંત ઘરમાં, સંસ્કૃત-ફારસીના વિદ્વાન ઉમરાવસિંહ શેર-ગિલ અને હંગેરિયન-યહૂદી ઑપેરા ગાયિકા મેરી એન્ટોઇનેટને ત્યાં અમૃતાનો જન્મ થયો. ૧૯૨૧માં શેર-ગિલ પરિવાર ભારત આવી સિમલામાં વસ્યો. અમૃતાના પેઇન્ટિંગની શરૂઆત સિમલામાં જ થઈ. આઠેક વર્ષની અમૃતા નોકરોને મૉડેલ બનાવી ચિત્રો દોરતી. બુદ્ધિ અને મિજાજ એવાં કે કૉન્વેન્ટ સ્કૂલમાં તે પોતાને 'એથેઈસ્ટ' ગણાવતી. બહેન ઇન્દિરા સાથે તે પિયાનો શીખતી અને સિમલાના ગેઇટી થિયેટરમાં યોજાતા મ્યુઝિક કૉન્સર્ટ્સમાં ભાગ લેતી.

ઉદ્યોગપતિ મામા અર્વિન બેકેટે અમૃતાની કલાને પારખી, કલાશિક્ષણ આપવા મા તેને ઇટલી લઈ ગઈ, પણ અમૃતાને ત્યાં મજા ન આવી. તે પાછી ભારત આવી. બેચાર વર્ષ પછી ફરી યુરોપ ગઈ અને પેરિસની પ્રખ્યાત આર્ટ સ્કૂલમાં પેઇન્ટિંગ શીખી. પેરિસમાં તેના 'યંગ ગર્લ્સ' પેઇન્ટિંગને ગોલ્ડ મેડલ મળ્યો ત્યારે તે માત્ર ૧૯ વર્ષની હતી. ત્યાં કરેલું 'ટ્રેડિશનલ વુમન' આજે પણ સીમાચિહ્નરૂપ ગણાય છે. પેરિસમાં તેણે ઘણાં ન્યૂડ પેઇન્ટિંગ અને સેલ્ફ પોટ્રેટ્સ બનાવ્યાં. ભરપૂર પ્રશંસા અને પ્રસિદ્ધિ મળતાં ગયાં. પેરિસના ગ્રાન્ડ સલૂનમાં ચૂંટાનારી તે પ્રથમ અને સૌથી નાની ઉંમરની એશિયન હતી.

આ બધું છતાં તે ભારત આવવા ઝંખતીઃ 'ધેર લે માય ડેસ્ટિની એઝ અ પેઇન્ટર.' પોતાના અપાશ્ચાત્ય, અપરિચિત મૌલિક સ્વની શોધ તેને ભારત જવા પ્રેરતી હતી. તેણે માને લખ્યું, 'હું પેઇન્ટિંગ શીખું છું, છતાં કોઈ મને એ શીખવે છે એમ નથી. મારી અંદર, બહારના પ્રભાવોથી અલગ એક મુક્ત અને આગવી ચિત્રશૈલી જીવે છે.' વિવેચકો તેના પેઇન્ટિંગ પર હંગેરિયન પેઇન્ટર્સ અને પૉસ્ટ ઇમ્પ્રેશનિઝમનો પ્રભાવ જોતા. તેના એક પ્રોફેસર કહેતાં કે 'અમૃતાના પેઇન્ટિંગમાં જે રંગસમૃદ્ધિ છે તે પશ્ચિમની દેણ નથી. અમૃતાની કલાપ્રતિભા તેનો સાચો ઉન્મેષ પૂર્વમાં જ પ્રાપ્ત

કરી શકશે.' અને ૧૯૩૪માં પેરિસના ઠંડા, ભૂખરા સ્ટુડિયોઝને છોડી તે ભારત આવી – સૂર્યપ્રકાશિત ધરતી, ઘેરા રંગો અને ઘઉંવર્ણ નમ્રલોકોના દેશમાં. અહીં તેને પત્રકાર માલ્કમ મગેરિજ મળ્યો. બન્ને થોડું સાથે રહ્યાં. તેણે માલ્કમનું પેઇન્ટિંગ પણ બનાવ્યું જે અત્યારે દિલ્હીની આર્ટ ગેલેરીમાં છે.

સિમલાના મકાનના ઉદ્યાનમાં એક તરફ અમૃતાએ સ્ટુડિયો બનાવ્યો હતો. ૧૯૩૫માં તેણે સિમલાની ફાઇન આર્ટ્સ સોસાયટીમાં થનારા ચિત્રપ્રદર્શન માટે ૧૦ ચિત્રો મોકલ્યાં. તેમણે પાંચ પાછાં મોકલ્યાં જે ખરેખર તો વધારે સારાં હતાં. જે પાંચ સ્વીકાર્યાં હતાં એમાંના એકને ગોલ્ડ મેડલ મળ્યો, જે પાછું એ પાંચમાં છેલ્લા ક્રમે આવે. અમૃતાને આખી વાતનો એટલો કંટાળો આવ્યો કે તેણે એ મેડલ 'વધુ યોગ્ય વ્યક્તિના લાભાર્થે' પાછો મોકલ્યો. દિલ્હીમાં યોજાયેલા એક પ્રદર્શનમાં પણ આવો જ અનુભવ થયો. કલાપ્રદર્શનોની 'મિડિયોક્રસી'થી ત્રાસીને તેણે પ્રદર્શનમાં ચિત્રો મોકલવા બંધ કર્યાં.

**'હું પેઇન્ટિંગ શીખું છું, છતાં કોઈ મને એ શીખવે છે એમ નથી. મારી અંદર, બહારના પ્રભાવોથી અલગ એક મુક્ત અને આગવી ચિત્રશૈલી જીવે છે.'**

પોતાના ખોવાયેલા મૂળને તલાશવા તેણે ભારતીય પરિધાન અને પ્રસાધન અપનાવ્યાં. ભારતના લોકજીવનને ખૂબ નજીકથી જોયું. મોગલ અને પહાડી શૈલી તેમ જ અજંતાનાં ગુફાચિત્રોથી પ્રભાવિત થઈ. કોચીન અને ત્રાવણકોર પણ ગઈ. પદ્મનાભપુરમના મહેલના મધ્યકાલીન ચિત્રો તેને ખૂબ ગમ્યાં. આ બધાની અસર ચિત્રોમાં આવતી. તેણે લખ્યું, 'હું વ્યક્તિવાદી છું. સંતો અને ગરીબોના આ દેશનું આકલન અને આલેખન મારી પોતાની શૈલીથી કરું છું. મારી શૈલી પરંપરાગત અર્થમાં ભારતીય ન કહેવાય, પણ તેનો આત્મા ભારતીય છે.' ત્રિવેન્દ્રમમાં તેણે પહેલી વાર કથકલી જોયું, 'અજબ છે. કલાત્મક પણ.' રવીન્દ્રનાથ ટાગોર અને અવનીન્દ્રનાથ ટાગોરનાં ચિત્રોથી તે પ્રભાવિત થઈ હતી. વિષય પરત્વે રવીન્દ્રનાથની અને રંગછટા પરત્વે અવનીન્દ્રનાથની કંઈક અસર તેણે ઝીલી પણ છે.

૧૯૩૭માં તેણે દક્ષિણ ભારતમાં ત્રણ ચિત્રો બનાવ્યાં – 'બ્રાઇડલ ટૉયલેટ્સ', 'બ્રહ્મચારીઝ' અને 'સાઉથ ઇન્ડિયન વિલેજર્સ ગોઈંગ ટુ માર્કેટ.' એ જ વર્ષે તેને 'થ્રી ગર્લ્સ' માટે બોમ્બે આર્ટ સોસાયટીએ ગોલ્ડ મેડલ આપ્યો. શરણાગતિ અને નિયતિના સ્વીકારના ભાવવાળી, ઢળેલી આંખોવાળી ત્રણ છોકરીઓના ચહેરા અને બેસવાની રીત ઘણું કહી જાય છે. એણે લખ્યું, 'મને મારું લક્ષ્ય મળી ગયું છે. ગરીબ, ગ્રામીણ ભારતીયોની મૌન, ધૈર્યપૂર્ણ, એકલવાઈ છબિને, તેમનાં શ્યામલ છાયાચિત્રો સમાં શરીરો દ્વારા ચિત્રિત કરવી.'

૧૯૩૮માં વિક્ટર એગન સાથે લગ્ન કરવા તે હંગેરી ગઈ. જતાં પહેલાં લખ્યું, 'હંગેરી જઈને હું શિલ્પ શીખીશ. મને નથી લાગતું કે હું યુરોપમાં ચિત્રો કરીશ. હું ભારતમાં જ ચિત્રો કરી શકું. બીજે ક્યાંય હું એટલી સહજ, સ્વાભાવિક કે આત્મવિશ્વાસપૂર્ણ નથી રહી શકતી. યુરોપ પિકાસો, મેટિસ અને બ્રાકનું છે, ને ભારત મારું.'

૧૦૩૯માં તે પતિ વિક્ટર સાથે ભારત આવી. યુરોપના આકાશમાં યુદ્ધના વાદળ ઘેરાવા માંડ્યાં હતાં. બન્ને ઉત્તર પ્રદેશના સરાયામાં જઈને રહ્યા. સરાયા તેની ચેતના પર અજબ અસર કરતું. અમૃતા ખૂબ કામ કરતી. 'સમય નથી.' એ વારંવાર કહેતી. એક જાતનો અજંપો તેને ઘેરતો હતો. એ કાળના ભારતમાં તેના જેવી આધુનિક, પ્રતિભાશાળી અને કંઈક નિરંકુશ જીવન જીવતી સ્ત્રીનો સ્વીકાર થવો મુશ્કેલ હતો. પેરિસની કલાકાર મિત્ર મેરી લુઈ ઉપરાંત અનેક સ્ત્રીપુરુષો સાથેના તેના અંતરંગ સંબંધો વગોવાતા હતા. તે ખૂબ સુંદર હતી, આત્મવિશ્વાસસભર હતી અને પોતાની જાતને ખૂબ ચાહતી. તેની શિત્રશૈલીમાં પૂર્વ અને પશ્ચિમનું અત્યંત મૌલિક સંયોજન હતું.

૧૯૪૧ના સપ્ટેમ્બરમાં પતિ-પત્ની લાહોર ગયાં. ત્રણ મહિના પછી ત્યાં તેના ચિત્રોનું પહેલું મોટું પ્રદર્શન ભરાવાનું હતું, પણ એ પહેલાં તે માંદી પડી, કોમામાં ચાલી ગઈ બે

દિવસમાં તેનું મૃત્યુ થયું. તેનું મૃત્યુ આજ સુધી અફવાઓમાં વીંટળાયેલું એક રહસ્ય જ રહ્યું છે.

જો કે અમૃતા નસીબદાર હતી કે વિવાદાસ્પદ બનવા છતાં તે પ્રસિદ્ધિ પણ પામી. કોલકાતામાં પ્રોગ્રેસિવ આર્ટ મુવમેન્ટ શરૂ થઈ તેનાં વર્ષો પહેલાં તેણે કલાને 'એન એક્ટ ઑફ એસ્થેટિક રિબેલિયન' કહી હતી. એક મિત્રને તેણે લખ્યું હતું, 'હું સર્જનમાં ડૂબી ગઈ છું. નવા રસ્તે સંઘર્ષ કરી રહી છું. હજી અધૂરી છું, પણ અધૂરાપણું મને દુઃખી કરતું નથી.' કેન્વાસ અને તૈલી રંગો વડે સ્થિર પરિપક્વ હાથે તેણે અદ્ભુત સુંદર ચિત્રો બનાવ્યાં છે, પણ દરેક સાચા કલાકારોની જેમ તેને સંપૂર્ણતાનું વળગણ હતું. તેનાં ચિત્રો વેચાતાં, પણ ઓછાં. તે એ વેચવા પ્રયત્ન કરતી, પણ હૈદરાબાદના નવાબ સાલારજંગને તેમાં રસ ન પડ્યો અને મૈસુરના નવાબની પ્રથમ પસંદગી રાજા રવિ વર્મા(૧૮૪૮-૧૯૦૬) હતા.

અમૃતાનાં ચિત્રો ભારતીય સંસ્કૃતિ માટે એટલાં મહત્ત્વનાં ગણાયાં કે જ્યારે પણ લીલામ થાય, સરકાર આગ્રહ રાખે કે દેશની કલા દેશમાં જ રહેવી જોઈએ. દસેક ચિત્રો જ બહાર વેચાયાં છે. ૨૦૦૬માં તેનું ચિત્ર 'વિલેજ સીન' ૬.૯ કરોડમાં વેચાયું હતું. ૨૦૧૮માં 'ધ લિટલ ગર્લ ઇન બ્લ્યૂ' ૧૮.૬૯ કરોડમાં વેચાયું. એ અમૃતાની પિતરાઈ બહેન બબીતનું પોટ્રેટ હતું. ૧૯૩૪માં અમૃતાએ એ બનાવ્યું ત્યારે બબીત આઠ વર્ષની હતી. યુનેસ્કોએ વર્ષ ૨૦૧૩ને અમૃતા શેર-ગિલ ઇન્ટરનેશનલ ઇયર ઘોષિત કર્યું હતું.

પોતાના સમયથી બહુ આગળ, નિર્ભય મુક્તતા સાથે એ જીવી. તેનો પરિવાર બ્રિટીશ રાજ સાથે ઘરોબો ધરાવતો હતો, પણ અમૃતાને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ, પંડિત નહેરુ અને મહાત્મા ગાંધી પ્રત્યે આકર્ષણ હતું.

અમૃતા ભારતની ફ્રિડા કાહલો(૧૯૦૭-૧૯૫૪) ગણાતી. ફ્રિડા મેક્સિકન પેઇન્ટર હતી. બન્ને ન્યૂડ ચિત્રો અને સેલ્ફ પોટ્રેટ માટે જાણીતાં હતાં. ફ્રિડા પણ પ્રમાણમાં નાની ઉંમરે મૃત્યુ પામી હતી અને અનેક સ્ત્રી-પુરુષો સાથે અંતરંગ સંબંધ ધરાવતી હતી. કલા અને પોતાની જાત પ્રત્યેનું ઉગ્ર વળગણ બન્નેમાં સમાન હતું.

અમૃતાના મૃત્યુ પછી ૩૧ વર્ષે ૧૯૭૨માં કલાવિવેચક રિચર્ડ બાર્થોલોમ્યૂએ લખ્યું હતું, 'અમૃતાના જીવનનાં છેલ્લાં વર્ષો ભવ્ય અભિવ્યક્તિ અને વિકટ સંજોગોનાં હતાં. કલાકાર તરીકે તે અદ્ભુત હતી. ઓગણત્રીસ વર્ષની જિંદગીમાં આ કક્ષાએ ભાગ્યે જ પહોંચી શકાય. પણ તેણે જે શિખરો સર કરવા ધાર્યું હતું ત્યાં તે પહોંચી હતી? આપણને એની ખબર પડવાની નથી. તેનામાં કેટલાં શિસ્ત, આત્મવિશ્વાસ, ધૈર્ય, કલાભૂખ, વ્યાકુળતા, ઝંખના ને પીડા સળગતાં હશે તેની આપણે તો કલ્પના જ કરવાની રહે છે.'

**કોઈ વાન ગૉગ ચિત્રો દોરતાં પાગલ થઈ જાય છે, કોઈ અમૃતા પોતાના અજંપ સ્વને રંગ અને રેખાઓમાં તલાશતી અકાળ મૃત્યુને વરે છે—માણસો કલાકાર કેમ બનતા હશે?**

કોઈ વાન ગૉગ ચિત્રો દોરતાં પાગલ થઈ જાય છે, કોઈ અમૃતા પોતાના અજંપ સ્વને રંગ અને રેખાઓમાં તલાશતી અકાળ મૃત્યુને વરે છે—માણસો કલાકાર કેમ બનતા હશે? પાબ્લો પિકાસો કહે છે, કલા માણસના આત્મા પરથી રોજિંદાપણાની ધૂળને ધોઈ નાખે છે...

વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની લાગણી ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી

- લિન યુટાં

...અને તેમણે શાંત ગંભીરતાથી કહ્યું, 'શું તમને જે કહ્યું તે કહેનાર હું હતો? અને હું કહી રહ્યો હતો, ત્યારે જ શું હું સાંભળી પણ રહ્યો ન હતો?'

- ખલિલ જિબ્રાન

## કર્મનિષ્ઠાની પરાકાષ્ઠા : લજ્જાકુમારી ગોસ્વામી

સાધના પરમાર

આપણો ભારત દેશ પુરુષપ્રધાન દેશ હોવા છતાં ઘણી બધી સ્ત્રીઓ પોતાના વ્યક્તિગત સંઘર્ષના બળે આગળ વધી છે અને સમાજમાં, રાજ્યમાં, દેશમાં નામના પ્રાપ્ત કરી છે, જેમાં ઇન્દિરા ગાંધીથી લઈને સાનિયા મિર્ઝા અને એવી તો ઘણી પ્રતિભાઓના નામ નજર સમક્ષ આવી જાય. જેમાંનું એક વ્યક્તિત્વ જે ચરોતરના નાનકડા ગામમાંથી ઊભરી આવી, આંખે વળગે એવું એટલે કે લજ્જાકુમારી ગોસ્વામી.

લજ્જાકુમારી ગોસ્વામી આણંદ જિલ્લાના એક નાનકડા ગામ જિટોડિયામાં રહે છે. તેમણે પોતાની મહેનત અને સાહસના પરિણામે ઓલમ્પિક સુધી અને ત્યારબાદ છેક પી. આઈ. સુધી સફર ખેડી સફળતા પ્રાપ્ત કરી છે. લજ્જાકુમારી ગોસ્વામીના કુટુંબમાં પાંચ સભ્યો છે, બે ભાઈઓ છે, ભીષ્મ અને બ્રહ્મ. માતા ગીતાબેન અને પિતા તિલકપુરી. નાનપણથી જ લજ્જાબેનને તેમનાં માતા-પિતા તરફથી ખોબલે-ખોબલે સ્નેહ, પ્રેમ અને પ્રોત્સાહન પ્રાપ્ત થયાં હતાં. તેમનો આદર્શ જ હંમેશાં તેમનાં માતા-પિતા રહ્યાં છે. જ્યાં પણ તેઓ અટકતાં ત્યાં તેમના પિતાજીએ આંગળી ચિંધી યોગ્ય માર્ગ બતાવ્યો છે. લજ્જાબહેન કહે છે કે, 'નાનપણથી મારાં મમ્મીને મેં ફક્ત મને પ્રોત્સાહન જ આપતા જોયા છે એ પોતે દસ ધોરણ સુધી ભણ્યા છે, પરંતુ એમની હંમેશાં ઇચ્છા રહી છે કે તેઓ જે નથી કરી શક્યા તે તેમનાં બાળકો કરે.' મમ્મી લજ્જાબેનને ઘરકામ સંદર્ભે પણ ક્યારેય ટોકતા નહીં, કહેતાં કે, 'બેટા તું કંઈ કામ નહિ શીખે કે કરે તો કંઈ વાંધો નહિ પરંતુ તું એવી બનજે કે તું નોકર રાખી શકે.' આથી લજ્જાબેનને આગળ વધવામાં નવું બળ મળતું ને એમ તેઓ પોતાની સફરમાં આગળ વધતાં ગયાં. તેમના પિતાજી પોલીસમાં હતાં એટલે બદલીના કારણે એમનું સ્કૂલનું શિક્ષણ કરજણ, વાસદ, વિજાપુર, અમદાવાદ એમ ઘણી સ્કૂલોના અનુભવ સાથે પૂર્ણ થયું. ઈ.સ. ૧૯૯૯માં તેમના પિતાજી પોતાના વતન જીટોડિયા ગામે સ્થાયી થયા. તેમનું ઉચ્ચ શિક્ષણ પણ આણંદ-વિદ્યાનગરની કૉલેજમાં થયું જેમાં સ્નાતકની પદવી મુખ્ય વિષય સાયકોલોજી(મનોવિજ્ઞાન) સાથે નલિની આર્ટ્સ કોલેજમાંથી મેળવી. કૉલેજ પહેલાં તેઓ LAW (વકીલાત)ના અભ્યાસમાં પણ જોડાયા હતાં, પરંતુ સંજોગોવશાત તેઓ તેની પરીક્ષા આપી શક્યા નહિ. ત્યાર બાદ આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજમાં પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં જોડાયાં. આમ તેઓ શિક્ષણ ક્ષેત્રે આગળ વધતાં ગયાં. શિક્ષણની સાથે-સાથે તેમને સ્પોર્ટ્સ(રમતગમત)માં પહેલેથી જ રસ હતો અને તેમના પિતાજી પણ તેમને સ્પોર્ટ્સ માટે પ્રોત્સાહન આપતા તેથી તેઓ બી.એ.માં NCC માં જોડાયા જેમાંથી તેમને સ્પોર્ટ્સ શૂટિંગમાં જવાની તક મળી. તેઓ જ્યારે NCCમાં હતાં ત્યારે જ તેઓ ઇન્ડિયા ટીમ માટે પસંદગી પામ્યા હતાં.

લજ્જાકુમારી ગોસ્વામી NCCમાંથી સ્પોર્ટ્સ શૂટિંગમાં જોડાયાં અને તેમને એક પછી એક સુવર્ણ તકો મળતી ગઈ અને તેઓ છેક ઓલેમ્પિક સુધી પહોચ્યાં. સ્પોર્ટ્સમાં તેઓએ અત્યાર સુધી નેશનલ, ઇન્ટરનેશનલમાં ઘણાં મેડલો જીત્યા છે, જેમાં ઈ.સ. ૨૦૦૮માં સાઉથ એશિયન ચેમ્પિયનશીપમાં ચાર ગોલ્ડ મેડલ, ઈ.સ. ૨૦૦૯માં સાઉથ એશિયન ચેમ્પિયનશીપમાં ત્રણ ગોલ્ડ, એક બ્રોન્ઝ મેડલ, ઈ.સ. ૨૦૧૦માં કોમન વેલ્થમાં એક સિલ્વર મેડલ, ઈ.સ. ૨૦૧૧માં એશિયન ચેમ્પિયનશીપમાં એક સિલ્વર, એક બ્રોન્ઝ મેડલ, ઈ.સ. ૨૦૧૩માં વર્લ્ડકપમાં એક સિલ્વર મેડલ, ઈ.સ. ૨૦૧૪માં કોમન વેલ્થમાં એક બ્રોન્ઝ, ઈ.સ.

૨૦૧૫માં એશિયન ચેમ્પિયનશીપમાં એક બ્રોન્ઝ મેડલ મુખ્ય છે. આમ લજ્જાબેને સાત ગોલ્ડ મેડલ, ચાર બ્રોન્ઝ મેડલ અને ત્રણ સિલ્વર મેડલ એમ ચૌદ મેડલ પ્રાપ્ત કર્યા છે. તેમ જ અનેક નેશનલ કક્ષાના મેડલ મેળવ્યા છે. આ સિદ્ધિના પરિણામે લજ્જા ગોસ્વામીને ગુજરાત સરકારમાંથી પોલીસમાં જોડવા માટે ઓફર મળી અને ઈ.સ. ૨૦૧૪માં તેઓ નડિયાદમાં પી. આઈ. તરીકે જોડાયાં. તે પહેલાં પણ તેમને BSS, INCOME TAX તરફથી ઓફર મળી હતી પરંતુ તેમનું લક્ષ્ય પહેલેથી પોલીસમાં જોડાવાનું હતું તેથી તેઓ ગુજરાત પોલીસમાં જોડાયાં.

લજ્જાબેને પોતાના ગામ એટલે કે જીટોડિયામાં જ 'શૂટિંગ રેન્જ' બનાવી છે. ગામમાં શૂટિંગ રેન્જ બનાવવાનો એમનો મુખ્ય હેતુ એ રહ્યો છે કે જે બાળકોને શૂટિંગમાં રસ છે તેઓને યોગ્ય માર્ગદર્શન(કોચિંગ) મળી રહે અને પોતાને જે અગવડતા પડી છે તે અન્ય રસ ધરાવતા બાળકને આર્થિક સંકડામણના કારણે ભોગવવી ન પડે. આ શૂટિંગ રેન્જમાં ૮ વર્ષના બાળકથી લઈને મોટાં બાળકો સુધી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે અને આ એકેડમીમાં જે શૂટિંગની વસ્તુઓ ખરીદતા ચાર-પાંચ લાખ ખર્ચાતા તે બધી જ વસ્તુઓ, સુવિધાઓ બે-ત્રણ હજારમાં આપવામાં આવે છે. લજ્જાબેનનું માનવું છે કે 'બાળકને નાનપણથી જ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો તે ખૂબ આગળ વધી, સફળતા પ્રાપ્ત કરી શકે છે.' તેઓ આ સંદર્ભે આગળ વાત કરતાં જણાવે છે કે, 'ચીન કે અન્ય દેશોમાં બાર-તેર વર્ષનાં બાળકો ચેમ્પિયન બનતાં હોય છે જ્યારે અહીં આપણાં બાળકોને કૉલેજ સુધી શૂટિંગ શું છે તે પણ ખબર હોતી નથી.' માટે તેઓ પોતાની એકેડમીમાં આઠ વર્ષના બાળકને પણ પોતાના અઢાર વર્ષના અનુભવથી સ્પોર્ટ્સ શૂટિંગનું માર્ગદર્શન આપે છે જેથી એ મોટું થતાં પોતાના રસના ક્ષેત્રમાં આગળ વધી શકે.

લજ્જાબહેને આ મુકામ સુધી પહોંચવા ઘણો સંઘર્ષ કર્યો છે. તેઓની પાસે જ્યારે રાઇફલ નહોતી ત્યારે બે વર્ષ સુધી તેઓ રોજ સવારે ચાર વાગે પ્રેક્ટિસ માટે બસમાં વડોદરા જતાં અને એક રાઇફલમાં આઠ લોકો પ્રેક્ટિસ કરતાં તેથી લજ્જાબહેનેને બપોરે બે વાગે પ્રેક્ટિસ માટે રાઈફલ મળતી છતાં તેઓ સંયમ રાખીને ધીરજથી પોતાનું કાર્ય ચોકસાઈથી કરતાં. તેમની પાસે રાઇફલ નહોતી તો તેઓએ બીજા પાસેથી રાઇફલ માંગીને શૂટિંગ કર્યું. લજ્જાબેન પોતાના સંઘર્ષ વિશે જણાવતાં કહે છે કે જ્યારે તેઓને ઈ.સ. ૨૦૦૮માં સાઉથ એશિયન ચેમ્પિયનશીપમાં પાકિસ્તાન રમવા જવાનું હતું ત્યારે તેમની પાસે રાઇફલ નહોતી તો એ સમયે જવાના પંદર દિવસ પહેલાં તેમણે ગવર્નમેન્ટમાં રાઇફલ મેળવવા માટે બહુ પ્રયાસો કર્યા પરંતુ રાઇફલ મળી નહિ ત્યારે પાકિસ્તાન જતાં એરપોર્ટ પર તેમના ઇન્ડિયન ટીમના જે કોચ હતાં તેમણે રાઇફલ મેળવી આપી અને તે મેચમાં તેઓએ ચાર ગોલ્ડ મેડલ મેળવ્યાં.

**સાઉથ એશિયન ચેમ્પિયનશીપમાં રમવા જવાનું હતું ત્યારે તેમની પાસે રાઇફલ નહોતી. એરપોર્ટ પર ઇન્ડિયન ટીમના જે કોચ હતાં રાઇફલ મેળવી આપી. તે મેચમાં એમણે ચાર ગોલ્ડ મેડલ મેળવ્યાં...**

લજ્જા ગોસ્વામીની સફળતાના સફરમાં તેમના પિતાજીનો ખૂબ મોટો ફાળો રહેલો છે. લજ્જાબેન આઠમાં ધોરણમાં અભ્યાસ કરતાં હતાં ત્યારે તેમના પિતાજીએ તેમને બુલેટ ચલાવતા શીખવી દીધું હતું અને નવમાં ધોરણમાં ફોર વ્હીલર ચલાવતાં શીખવી દીધું હતું. તેમના પિતાજી આ સંદર્ભે તેમને કહેતાં કે ઘરમાં કોઈક અનહોની થાય અને ઘરે બીજું કોઈ ન હોય તો તને સાધન આવડતું હોય તો તું લઈને જઈ શકે માટે દરેક સાધન શીખવું જરૂરી છે. તેઓ એક ઘટના વિશે વાત કરતાં જણાવે છે કે એક વખત તેમને શૂટિંગ માટે કેરળ જવાનું હતું. રાત્રે નીકળવાનું હતું અને દિવસે એક અકસ્માત થયો, જેમાં તેમના પિતાજીને પગમાં ઘણું વાગ્યું હોવાથી ઑપરેશન કરવું પડ્યું. લજ્જાબહેનને પણ ઘણું વાગ્યું હતું. તેમણે કેરળ જવાનું માંડી વાળ્યું. થોડા સમયમાં પિતાજી ભાનમાં આવ્યાં એટલે પૂછ્યું કે 'તું કેરળ ગઈ નહીં?' તો લજ્જાબહેને જવાબ આપ્યો કે 'આવી

હાલતમાં કેવી રીતે જવાનું?' પિતાજીએ આગ્રહપૂર્વક કહ્યું કે 'તું ભલે ઝીરો સ્કોર લાવે પણ એક વખત ફરવા માટે પણ કેરળ જા.' અને લજ્જાબેન શૂટિંગ માટે કેરળ ગયા અને ઘણું વાગ્યું હોવા છતાં શૂટિંગ પણ કર્યું. પિતાજીનો વિશ્વાસ અને પુત્રીનું આજ્ઞાપાલન બંને સફળ થયા અને લજ્જાબહેને ત્રણ ગોલ્ડ મેડલ મેળવી નેશનલ રેકોર્ડ બનાવ્યો.

લજ્જાબહેનને તેમના ગોસ્વામી સમાજ તરફથી પણ સારો સાથ-સહકાર મળ્યો છે. તેઓ જણાવે છે કે તેમને તેમની પહેલી રાઇફલ તેમના સમાજના રાજુપુરી ગોસ્વામી જેઓ રાજકોટમાં ચાંદીના બહુ મોટા વેપારી છે તેઓએ આપી હતી. સાથે સાથે સામાજિક કોઈપણ કાર્યો હોય તો લજ્જાબહેન અગ્રણી રહે છે. સમાજના નાના-મોટા પ્રસંગોમાં પણ લજ્જાબહેનને મુખ્ય મહેમાન તરીકે નિમંત્રણ આપતા.

આજે લજ્જાબેન પોલીસમાં જોડાયા છતાં એક સક્રિય પ્લેયર જ છે. તેઓએ વર્લ્ડ પોલીસ એન્ડ ફાયરગેમ જે દર બે વર્ષે રમાય છે તેમાં પહેલા છ ગોલ્ડ મેડલ અને એક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો અને ત્યારબાદ ઈ.સ. ૨૦૧૭ આ રમત ચાઇનામાં રમાઈ હતી જેમાં તેઓએ વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો અને ચાર ગોલ્ડ મેડલ એક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત, ભારત અને ગુજરાત પોલીસનું નામ રોશન કર્યું છે.

અંતે લજ્જાબહેન બે-ત્રણ બાબતો કહે છે જેમાં ૧. NCC દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત હોવું જોઈએ ૨. NCC દ્વારા આપણે સ્થિરતા શીખીએ છીએ જે આપણે ઘરમાં રહી શીખી શકતા નથી. ૩. સમાજમાં સારી-નરસી બંને પ્રકારની બાબતો રહેવાની પણ તેમાં તમે શું ગ્રહણ કરો છો એ તમારા પર નિર્ભર છે. લજ્જાબહેન આ મુકામ સુધી પોતાના માતા-પિતા, શિક્ષકો, સમાજના વડીલો વગેરેના સાથ-સહકાર દ્વારા જ પહોંચી શક્યાં છે, એમાં ખાસ તેઓ એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના આચાર્ય ડૉ. મોહન પટેલ અને ડૉ. પ્રતીક્ષા પટેલ પ્રત્યે વિશેષ આભાર વ્યક્ત કરે છે.

(sanju.pari21@gmail.com)

જે દેશમાં 'લેડિઝ એન્ડ જેન્ટલમેન' એ સામાન્ય સંબોધન હતું ત્યાં 'સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ' અને 'બ્રેધરન' જેવા શબ્દો ઇલેક્ટ્રિક અસર ઉપજાવે એ સ્વાભાવિક હતું. સામાન્ય માન્યતા એવી છે કે સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મસભામાં એક જ પ્રવચન આપ્યું હતું. વિવેકાનંદે પ્રથમ પ્રવચન ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મીએ આપ્યું, પછી ૧૫ સપ્ટેમ્બરે અને ૧૯ સપ્ટેમ્બરે 'હિન્દુત્વ' વિશે એક દીર્ઘ પેપર વાંચ્યો, જેની મારી દૃષ્ટિએ ડૉ. રાધાકૃષ્ણના શ્રેષ્ઠ લેખન સાથે તુલના થઈ શકે. પછી સપ્ટેમ્બર ૨૦ અને ૨૬મીએ લઘુ પ્રવચનો અને અંતે છેલ્લા સત્રમાં સપ્ટેમ્બર ૨૭મીએ પૂર્ણાહુતિ પ્રવચન આપ્યું. આધુનિક પરિપ્રેક્ષ્યમાં હિંદુ ધર્મ સમજવા માટે આ પ્રવચનો આદર્શ છે. ૩૦ સપ્ટેમ્બર-૧૮૯૩ના 'બોસ્ટન ઈવનિંગ ટ્રાન્સસ્ક્રિપ્ટ' રિપૉર્ટમાં સ્વામી વિવેકાનંદનું વર્ણન હતું તેના થોડા અંશ વાંચવા જેવા છે, 'એ યુવાન છે, પ્રચંડ છે, સ્વસ્થ છે, સગર્વ ચાલે છે. ચહેરો ક્લિન શૅવ્ડ છે, વાત કરતી વખતે તેના પર સ્મિત હોય છે. એ ઉચ્ચ કક્ષાનું અંગ્રેજી બોલે છે. એ મંચ તરફ આવવા ઊભો થાય છે, ત્યાં જ તાળીઓનો અવાજ ગૂંજી ઊઠે છે. એની ઉંમર ૩૨થી વધારે લાગતી નથી.' સ્વામીજીએ કહ્યું હતું, 'મનુષ્યે આ પૃથ્વી પર કમળપત્રની જેમ જીવવું જોઈએ. પાણીમાં પણ પાણીથી અસ્પર્શ્ય. હૃદય ઈશ્વરને અને હાથ કર્મને સોંપીને.' 'અમારા વેદો કહે છે, સર્જન અનારંભ છે અને અનંત છે. મનુષ્ય શરીરમાં સ્થિત એક ચેતના છે. હિન્દુને માટે મનુષ્ય ભૂલથી સત્ય સુધીની યાત્રા કરતો નથી, એ સત્યથી સત્ય સુધીની યાત્રા કરે છે, નિમ્ન સત્યથી ઉચ્ચ સત્ય તરફની યાત્રા.'

\- ચંદ્રકાન્ત બક્ષી

## ૦૮. સંભારણાં

### સમાજોપયોગી લેખનકાર્યના પ્રણેતાઃ પ્રાણવન કાલરિયા

પ્રવીણચંદ્ર ઠક્કર

---

કોઈપણ પ્રયોગશીલ શૈક્ષણિક સંસ્થાના સ્થાપકો, અધ્યાપકો, કાર્યકરોની અધ્યયનશીલતા,—સર્જકતાની વિદ્યાર્થીઓ પર પ્રત્યક્ષ—પરોક્ષપણે લાંબાગાળાની પ્રભાવક અસરો નિષ્પન્ન થતી હોય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું એ પરમ સદ્‌ભાગ્ય રહ્યું છે કે સંસ્થાના સ્થાપકો નાનાભાઈ, મનુભાઈ અને તેમના શીલવંત સાથીદારો મૂળશંકરભાઈ, બુચભાઈ સાહિત્ય જગતના સમર્થ સ્વામીઓ હતા, વિચારશીલ લેખકો હતા. તેમના રંગસંગથી રસાયેલા અધ્યાપકો પણ સતત વાચન-લેખન પ્રવૃત્તિમાં ખૂંપેલા રહેતા હોય છે. જેની દાર્શનિક અસરને પરિણામે વિદ્યાર્થીઓને સારસ્વતભવનમાં પ્રયોજાતાં વ્યાખ્યાનોને ધ્યાનપૂર્વક સાંભળવાની, ગ્રંથાલયમાં નિયમિત જઈને નવું નવું જાણવા—સમજવાની, હસ્તલિખિત અંકો તૈયાર કરવાની, રાત્રિ-પ્રવૃત્તિઓમાં ચર્ચાઓ માટે કાર્યકરોને નિમંત્રવાની, ‘ઉદ્‌ભવ’ જેવા મંડળ સ્થાપવાની, કવિ મુશાયરા યોજવાની, ગદ્ય-પદ્યના સર્જનની, પોતાની સ્વરચનાઓને ભીંતપત્રોમાં સ્થાન આપવાની, જિજ્ઞાસા જન્મતી, જાગતી હોય છે.

લોકભારતીના સાહિત્યના મનપસંદ સ્વરૂપને વિકસાવી લેખન—સંપાદન—પ્રકાશન પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલા વિદ્યાર્થીઓમાં મનસુખભાઈ સલ્લા, ભરતભાઈ ભટ્ટ, યોગેશભાઈ ભટ્ટ, મધુસૂદન વ્યાસ, રમેશ ર. દવે, મનોહર ત્રિવેદી, પ્રતાપભાઈ પંડયા, પ્રવીણભાઈ શાહ, મોહન દાંડીકર, હીર નાકરાણી, રમેશ સંઘવી, જુગલકિશોર વ્યાસ, કાંતિભાઈ ત્રિવેદી, ડો. રવીન્દ્ર અંધારિયા, પુરુષોત્તમ ઢાંકેચા, કનુભાઈ—શાનુભાઈ અંધારિયા, ડો. હાજીભાઈ બાદી, ડો. દિલીપ મર્થક, વાસુદેવ સોઢા, રવ ગાબાણી, મોહન મઢીકર, પુષ્પાબેન વ્યાસ, દીવાબેન પાંડેય વગેરે સાદર ઉલ્લેખનીય છે.

આપણે ચર્ચા કરવી છે કૃષિ સ્નાતક ૧૯૮૧ પ્રાણવન કાલરિયાની, જેમણે પોતાની નિવૃત્તિ પછી વાનપ્રસ્થ અવસ્થામાં ઘનિષ્ઠ સંશોધન—અભ્યાસ કરીને લેખન—સંપાદન—પ્રકાશન ક્ષેત્રે યશસ્વી પગરણ કર્યાં છે. અત્યાર સુધી તેમણે પાંચ પુસ્તકો સમાજને ચરણે સમર્પિત કર્યા છે. છઠ્ઠું પુસ્તક ‘સુખનું સરનામું’ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. પ્રાણવનભાઈ(જન્મઃ ૦૯-૦૯-૧૯૬૦)નું વતન મોરબી તાલુકાનું ચકમપર ગામ. જન્મ સ્થળ ખાખરાળા. પ્રસિદ્ધ ચિંતક, ૧૫૦થી વધુ પુસ્તકોના આર્ષદૃષ્ટા—લેખક અને લોકભારતીમાં નવેક વર્ષ અધ્યાપકીય સેવાઓ પ્રદાન કરી ચૂકેલા ભાણદેવનું પણ આ ગામ. પ્રાણવનભાઈના મામા તરીકે તેમણે આ યુવાનને લોકભારતીમાં અભ્યાસ કરવા સૂચવ્યું.

પ્રાણવનભાઈ તેજસ્વી વિદ્યાર્થી. વાચન અને રમતગમતના ગજબના રસિયા. વર્ગો પૂરા થાય કે તુરંત ગ્રંથાલય પહોંચી જવાનું. દર્શક, મેઘાણી, મુનશી, પન્નાલાલ, પેટલીકર, ગુણવંતરાય આચાર્ય કે હરકિશન મહેતાના અસંખ્ય પુસ્તકોનો ભરપેટ આસ્વાદ માણવાનો. લોકભારતીની બે વિશેષતા તેમને સ્પર્શી ગયેલી. એક તો છાત્રાલયમાં રહેતા દરેક વિદ્યાર્થીઓ સાથે સમાન વર્તન-વ્યવહાર અને બીજું અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં સારસ્વત મનુભાઈએ શિક્ષણકાર્યને આપેલી પ્રધાનતા. (તેઓ ગુજરાત સરકારમાં શિક્ષણમંત્રી હતા ત્યારે પણ તેમને સોંપાયેલ ‘રાજનીતિના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ’ વિષયના અભ્યાસક્રમને સમયસર ન્યાય આપતા હતા. અલબત્ત તેમણે પ્રાશ્નિક—પરીક્ષક તરીકે

બીજા અધ્યાપકને કામગીરી સોંપી હતી)

પ્રાણવનભાઈ સ્નાતક થયા પછી ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન 'બાયફ'માં જોડાયા. સ્વાતંત્ર્યસેનાની મણિભાઈ દેસાઈએ નાના અને સીમાંત ખેડૂતોને સ્વમાનભેર સ્વરોજગારી આપવા ૧૯૬૭માં આ સંસ્થાની સ્થાપના કરેલી. ૧૯૮૭થી ગુજરાતમાં તેનું નામાભિધાન થયું છે, ગુજરાત રુરલ ઇન્સ્ટિટયૂટ ફોર સોસિયો-ઈકોનોમિક રિકન્સ્ટ્રક્શન 'ગ્રીસર્વ'. જ્યારે ભારતમાં ૧૯૮૮થી બાયફનું નામ છે બાયફ ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન. આ સંસ્થા દેશના ૧૬ રાજયોના ૬૦,૦૦૦ ગામોમાં ૪૦ લાખ કુટુંબોને વિવિધ સેવાઓ પ્રદાન કરી સ્વાવલંબી ગ્રામીણ સમાજ અને સાચા સ્વરાજના નિર્માણ માટે સક્રિય છે.

પ્રાણવનભાઈ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના વિવિધ વિસ્તારોમાં ૩૩ વર્ષ પ્રવૃત્ત રહ્યા. આ સમય દરમિયાન અભ્યાસ કરીને તેમણે એલએલ.બી.ની પદવી પણ મેળવી લીધી. પશુપાલન અને ખેતી ક્ષેત્રનો વિશાળ–પ્રત્યક્ષ અનુભવ–અભ્યાસ કર્યા બાદ, બાયફના મિશનરી કાર્યથી પ્રભાવિત થઈને તેમણે ગો-કૃષિ અને ઋષિ સંસ્કૃતિના પુનરુત્થાન માટે શેષ વર્ષો સમાજને અર્પણ કરવાનો સંકલ્પ કર્યો. તે માટે તેમણે માધ્યમ પસંદ કર્યું લેખનકાર્ય. તેમના સાકાર સ્વપ્ન, તપશ્ચર્યારૂપે ૨૦૧૬માં પ્રકાશિત થયું, પ્રથમ પુસ્તક 'સંસ્કૃતિનો પ્રાણઃ ગોપાલન.' પશુપાલન વિષયનાં ૨૪ પુસ્તકો અને નેટ પરથી પ્રાપ્ત માહિતીના આધારે રંગીન ફોટોગ્રાફથી સુશોભિત ૧૬૮ પાનાના મૂલ્યવાન પુસ્તકમાં પર્યાવરણ, જમીન, જળ, જંગલ, ગોચર અને પંચગવ્યને કેન્દ્રમાં રાખતાં પશુપાલનના આર્થિક,–સામાજિક,–ધાર્મિક,–સાંસ્કૃતિક તમામ પાસાંઓ વૈજ્ઞાનિક રીતે આવરી લેવામાં આવ્યાં છે; ઉદારણ તરીકે વેદ–પુરાણમાં ગાયના સ્થાન, મહત્ત્વ અંગે ભારતીય શાસ્ત્રોમાંથી ટાંકેલા સંસ્કૃત શ્લોકો અને તેની સમજણ, શ્રેષ્ઠ ૪૦ દેશી ગાયોની જાતો, લક્ષણો, ઓળખ, ગીર ગાયની વિશેષતા, શરીરના રોગો, માવજત, પશુઆહાર–પોષણ, ઘાસચારાના પ્રકારો, ગોચર, ગાયની પેદાશના ઔષધીય ઉપયોગ, વર્મિકમ્પોસ્ટ, ગોબરગેસ પ્લાન્ટ, સાયલેજ, ગુજરાતની નામાંકિત ગોશાળા, એનિમલ હોસ્ટેલ, ગોચર વિકાસ બોર્ડ, ગોપાલન ક્ષેત્રની ઉપેક્ષાનાં કારણો–ઉપાયો, ગોસ્તુતિ–ગીતો અને સંદર્ભ વેબસાઈટ.

આ પુસ્તકનું અધ્યયન કર્યા પછી વાચકને પ્રતીતિ થાય છે કે પ્રાણવનભાઈએ ગોપાલન ક્ષેત્રના જિજ્ઞાસુઓ, કર્મશીલો, અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી એક સંશોધક અધ્યાપકની અદાથી આ વિષયની સુપેરે છણાવટ કરી છે.

આ પ્રકાશનને સમાજના વિવિધ વર્ગનો બહોળો આવકાર સાંપડ્યા પછી પ્રાણવનભાઈએ બાળકો–વિદ્યાર્થીઓમાં ગોપાલનના સંસ્કાર કેળવાય તે હેતુથી એક પુસ્તક સુલભ કરાવ્યું છે 'ગોમાતા-સચિત્ર ગો કથા', જેમાં ભગવાન શીવ, વિષ્ણુ તેમ જ મહાપુરુષોના વનમાં કામધેનુ

**પશુપાલન અને ખેતીના વિશાળ અનુભવ–અભ્યાસ બાદ તેમણે ગો-કૃષિ અને ઋષિ સંસ્કૃતિના પુનરુત્થાન માટે શેષ વર્ષો સમાજને અર્પણ કરવાનો સંકલ્પ કર્યો...**

ગાયનું સ્થાન, ગાયની ઉત્પત્તિ, ગાયોની દુર્દશા અને પુનરુત્થાન જેવા વિષયોની સરળ–સહજ શૈલીમાં છણાવટ કરી છે.

ગો-વિજ્ઞાનને પ્રસ્તુત કર્યા પછી પ્રાણવનભાઈએ પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે લોકજાગૃતિ કેળવવા 'વન વગડાની વનસ્પતિઓ' નામક બે ભાગમાં, પાના ૫૦૪ ધરાવતું, ૪૨૬ વનસ્પતિઓનો પરિચય આપતું પુસ્તક પ્રકાશિત કર્યુ છે, જેમાં વનસ્પતિઓના રંગીન ચિત્ર, વિવિધ ભાષામાં નામ, વૈજ્ઞાનિક કુળ, વાનસ્પતિક વર્ણન, રાસાયણિક ઘટકો–ગુણધર્મો, તેના ઔષધીય તેમ જ રસોડામાં ઉપયોગોની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે.

પ્રાણવનભાઈએ અધ્યાત્મપ્રેમી યાત્રિકોને માર્ગદર્શક

બને તેવું એક ભાવપુસ્તક તૈયાર કર્યું છેઃ 'તપોભૂમિ ચિત્રકૂટ' જેમાં ચિત્રકૂટ અને આસપાસના ઐતિહાસિક સ્થળોનો પરિચય, સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટ તેમ જ નાના દેશમુખ જેવા ચરિત્રોના વર્ણનને ઉચિત સ્થાન અપાયું છે.

એમના છઠ્ઠા પુસ્તક 'સુખનું સરનામું' દ્વારા તેઓ પ્રતિપાદિત કરવા માગે છે કે વધુ ઉત્પાદન, વપરાશ અને વિતરણ કરવાથી સુખ નહીં મળે. સુખ આપણી પાસે જ છે. ઈશ્વર સર્જિત પંચમહાભૂતની ભક્તિ, જાળવણી કરીશું, આહાર—વિહારના નિયમોનું પાલન કરીશું, વનશૈલી સંતુલિત બનાવીશું, રિડ્યુસ, રિયુઝ, રિસાયકલના નિયમોનો અમલ કરીશું, આયુર્વેદ, આરોગ્ય, પર્યાવરણ, સજીવખેતી અને ગોપાલનનો સમન્વય યોજીશું. તો સુખના સ્વામી બનતા આપણને કોઈ અટકાવી શકશે નહીં.

પ્રાણવનભાઈ માત્ર લેખનકાર્ય કરીને અટક્યા નથી પણ સમાજને પ્રત્યક્ષપણે સહાયક બનવા માટે તેમણે મોરબીમાં ૨૦૨૦માં સાથી મિત્રો અને સંસ્થાઓના સહયોગથી વનસ્પતિ બીજબેંકની સ્થાપના કરી છે. આ બેંક દ્વારા ઘરના આંગણા, બાલ્કની, ટેરેસ, સાર્વજનિક પ્લોટ, મેદાન, નિશાળ, ખેતર—વાડી વગેરે સ્થળે વાવી ઉછેરી શકાય તેવાં વૃક્ષ-ક્ષુપ-છોડ-વેલી, શાકભાજી માટે આવશ્યક ૧૫૬ જેટલી વનસ્પતિનાં બીજ—રોપ વિના મૂલ્યે આપવામાં આવે છે. અત્યાર સુધી ૨ લાખ બીજ-રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે.

લોકભારતીના સંસ્કાર સાથે સત્ત્વશીલ વાચન અને સામાજિક નિસ્બતનો અનુબંધ કરવામાં આવે તો નિવૃત્તિ અવસ્થા પરમાત્માનું વરદાન બની શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે પ્રાણવનભાઈ (સંપર્કઃ ૯૪૨૬૨૩૨૪૦૦)

લોકભારતીના વિદ્યાર્થીઓ માટે તેમનો સંદેશ છે, 'શીખવા માટે કોઈ વય નથી, સતત શીખતા રહો.'

(૨૦૨,ઓર્કિડ,તસ્કીન સોસાયટી,શુકલાનગર ચાર રસ્તા,સમા,વડોદરા—૩૯૦૦૦૨,મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

ગાંધીજીને સમજવા અને ખોજ કરવા જતાં વિનોબાજીનું એક કથન સામે આવેઃ 'મહાત્મા ગાંધી શાંતિ અને ક્રાંતિના અપૂર્વ સંગમરૂપ હતા.'

પ્રશ્ન એ થાય કે ગાંધીજીને ક્રાંતિકારી કહેવાય ખરા?

ક્રાંતિ શબ્દ સાથે રાજકીય ક્રાંતિ જ સામે આવે. એટલે જ ગાંધીજીની ક્રાંતિકારિતા દેખાતી-સમજાતી નથી. અહિંસક આંદોલનો દ્વારા વ્યાપક રીતે પ્રજાનું જે ઘડતર કર્યું તે ભવ્ય ક્રાંતિ જ કહેવાય. દેશના સામાન્ય જન સાથે જોડાવું અને અને તેમને સ્વાતંત્ર્ય, સ્વરાજ ને દેશોત્થાનના કાર્યમાં જોડવા તે મજબૂત ક્રાંતિકારી માનસ તેમ જ કાર્યક્રમ વિના શક્ય નથી.

ગાંધીજીમાં મૂલ્યોની દઢતા સાથે ઊર્જસ્વીતા, એક ગતિશીલતા, એક પ્રયોગશીલતા હતાં. તેમનું મૂળ કાઠું જ ક્રાંતિકારીનું હતું, સુધારક કે ઉપર ઉપરના ફેરફાર કરનારનું નહીં. ક્રાંતિ તો એવો અગ્નિ છે કે તેથી જે આંતરિક વિસ્ફોટ થાય છે તે જ પછી કર્મમાં પરિણમે છે. શંકા-ભય, એષણા-આસક્તિ, અહંકાર-મમભાવ કે દ્વેષ-વેર તેમાં બળી જાય છે અને પછી જે જીવનપુષ્પ ખીલે છે તેની સૌરભથી અંતર-બાહ્ય સુરભિત બને છે. એટલે જ વિનોબાએ ગાંધીજીને શાંતિ અને ક્રાંતિના સંગમરૂપ કહ્યા.

- રમેશ સંઘવી

## 'સાત'માંથી 'પાંચ' અને 'પાંચ'માંથી 'સાત'

અચ્યુત મહેતા

---

સરદારસાહેબની કુનેહ અને કુશાગ્ર બુદ્ધિથી કાઠિયાવાડનાં રજવાડાંઓનું એકીકરણ થયું અને 'સૌરાષ્ટ્ર'નું નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. એ બનાવ ૧૯૪૮નો છે. નવનિર્મિત સૌરાષ્ટ્ર રાજ્યનું પાટનગર રાજકોટ હતું. તેના પહેલા મુખ્યમંત્રી શ્રી ઉચ્છરંગરાય ઢેબર હતા. ભાવનગરના શ્રી બળવંતરાય મહેતા ઉપમુખ્યમંત્રી અને રેલ્વે સહિત અનેક ખાતાંઓના મંત્રી હતા. ત્યારે રેલ્વે વિભાગ રાજ્યહસ્તક હતો. સરકારી કામ માટે ભાવનગર તથા અન્ય શહેરોમાંથી કર્મચારીઓને રાજકોટ જવાનું થતું. તે વખતે ભાવનગરથી રાજકોટની કોઈ સીધી ટ્રેન ન હતી. તેથી ભાવનગરથી ઓખા(અને પરત)ની એક ટ્રેન શરૂ કરવામાં આવી. લોકો મજાકમાં આ ટ્રેનને 'મહેતા મેલ' કહેતાં. ઘણા નોકરિયાતોની બદલી ભાવનગરથી રાજકોટ થયેલી અને આ બધા માટે સરકારે રાજકોટમાં ઘણાં સરકારી ક્વાર્ટર્સનું નિર્માણ કરેલું. આમાંના ઘણા શનિ-રવિમાં કેટલીક વખત પોતાનાં કુટુંબીજનોને મળવા ભાવનગર જતાં. આ પાર્શ્વભૂમિના સંદર્ભમાં નીચેનો પ્રસંગ- જે ૧૯૫૩-૫૪માં બન્યો હતો- તેની વાત કરું છું.

મારા બનેવી શ્રી રાજુભાઈ ઓઝા તાજેતરમાં બી.એસસી. પાસ થઈ ગયા હતા અને મનગમતી (શિક્ષકની) નોકરી ન મળે ત્યાં સુધી તેમણે રાજકોટમાં શરૂ થયેલી એકાઉન્ટન્ટ જનરલ(કેન્દ્ર સરકાર)ની કચેરીમાં મળી ગયેલી નોકરી સ્વીકારી હતી. અમારા બંનેનાં માતુશ્રી તરફથી સગા થતા એક વડીલ શ્રી બિંદુભાઈ મહેતા સૌરાષ્ટ્ર સરકારના નાણાંખાતામાં ઉચ્ચ હોદ્દા ઉપર હતા. તેમનાં પત્ની-પ્રભાવતી બહેન-મારાં માશી થતાં હતાં અને રાજુભાઈનાં બહેન થતાં હતાં. તેઓ બધાં તેમને દેવીબહેનને નામે ઓળખતાં. પ્રભાવતીમાશીનાં માતુશ્રી-રસીલાકાકી અને તેમનું કુટુંબ(પ્રભાવતીમાશીનું પિયર) ભાવનગરમાં હતું.

એક શનિ-રવિમાં હું અને રાજુભાઈ બંને ભાવનગર જવાના હતા. પ્રભાવતી માશી(દેવીબહેન)ને આ ખબર પડતાં તેમણે રાજુભાઈને કહ્યું કે પોતે તેમનાં માતુશ્રીના કુટુંબ માટે ભાવનગર થોડા લાડુ મોકલવા ઇચ્છે છે, તો તે લાડુ અને સાથે એક પત્ર દેવીબહેને રાજુભાઈને આપ્યો.

એ સંપેતરું લઈ અમે બંને શનિવારે રાજકોટ પહોંચ્યાં. ઓખામેલ ટ્રેઈન રાજકોટથી રાત્રે ૮.૩૦ કે ૯.૦૦ વાગે ઉપડતી. અમે સ્ટેશને પહોંચ્યા પછી થોડીવારે રાજુભાઈ મને કહે કે 'મને તો ભૂખ લાગી છે.' મેં કહ્યું આપણે સ્ટેશન ઉપરથી કંઈક ખાઈ લઈએ તેની તેઓએ ના પાડી અને મને કહ્યું કે પેલા લાડુમાંથી આપણે એક-એક લાડું ખાઈએ. મેં કહ્યું, 'પણ દેવીબહેને લાડુ સાથે આપેલા પત્રમાં લાડુની સંખ્યા લખી હોય તો?' તેથી અમે એ પત્ર ખુલ્લો જ હતો, તે વાંચ્યો. તેમાં ખરેખર લખ્યું હતું કે 'માતુશ્રી રસીલાબેન, આ સાથે રાજુ ત્યાં આવે છે તેની સાથે તમારા માટે સાત લાડુ મોકલું છું.' અમાદા સદ્ભાગ્યે એ પત્ર પેન્સિલથી લખાયેલ હતો. એટલે અમે બિન્દાસ થઈ, એક એક લાડુ ખાઈ ગયા અને રાજુભાઈએ ભાવનગર પહોંચી, રબરથી 'સાત' શબ્દ છેકી 'પાંચ' શબ્દ લખી નાંખ્યો અને તેમણે પત્ર અને લાડુ રસીલાકાકીને પહોંચાડ્યા. તેમણે એ જ વખતે દેવીબહેનની ઉપર એક ચિઠ્ઠી લખીને, લખ્યું કે 'તેં રાજુ સાથે મોકલેલા પાંચ લાડુ મળી ગયા છે.' એટલે રવિવારે રાત્રે અમે ભાવનગરથી રાજકોટ જવા નીકળ્યા એ પહેલાં રાજુભાઈએ રસીલાકાકીની એ ચિઠ્ઠીમાં, સદ્ભાગ્યે તે પણ પેન્સિલથી જ લખાયેલી હતી, 'પાંચ' શબ્દ રબરથી છેકીને તેની જગ્યાએ 'સાત' લખી નાખ્યું અને એ ચિઠ્ઠી દેવીબહેનને સોમવારે પહોંચાડી. આ આખી ઘટના બની તેમાંથી અત્યારે મારી સિવાય કોઈ હયાત નથી, મને લાગે છે કે અમારા આ 'કાવતરા'ની કોઈને ખબર નહિ પડી હોય, કારણ કે કોઈ એ બાબતમાં બોલ્યું નહિ. આ લેખના શીર્ષકની યથાર્થતા હવે વાચકોને સમજાઈ ગઈ હશે.

## ૧૦. સંસ્થા સમાચાર (ઑગસ્ટ ૧-૩૧, ૨૦૨૧)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- લોકભારતીના ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ પટેલ તા.૦૪ અને ૦૫ માટે લોકભારતી આવી ગયા અને તેઓએ બધા વિભાગોની મુલાકાત લીધી અને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું.
- તા.૦૬ના રોજ ભાવનગર રોટરી ક્લબ સમક્ષ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'નક્ષત્રો અને રાશિઓનું વિજ્ઞાન' વિષય પર પ્રેઝન્ટેશન સાથેનું વ્યાખ્યાન આપ્યું.
- તા.૦૯ના રોજ શ્રી ભાવનાબેન પાઠક નિવૃત્તિમાં માઈધાર ગયાં પછી પ્રથમ વખત એક દિવસની લોકભારતીની મુલાકાતે આવી ગયાં.
- ભાવનગરની જ્ઞાનમંજરી એન્જીનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓની બે બેચ તા.૧૧ અને ૧૨ એમ બે દિવસ 'ટકાઉ વિકાસ અને પુનઃ પ્રાપ્ય ઊર્જા' અંગે જોવા સમજવા લોકભારતીની મુલાકાતે આવી ગઈ.
- કવિ શ્રી મનોહરભાઈ ત્રિવેદી થોડા દિવસ પારિવારિક નિવાસ અર્થે લોકભારતીમાં આવીને રહી ગયા.
- સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે કોરોનાકાળને અનુલક્ષીને બધા જ પ્રકારની આચારસંહિતા સાથે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો, જેમાં શ્રી મનોહરભાઈ ત્રિવેદીની હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેઓએ પ્રસંગને અનુરૂપ ટૂંકું પ્રાસંગિક વક્તવ્ય પણ રજૂ કર્યું.
- લોકભારતી સાહિત્ય સભા દ્વારા તા.૧૫મીના સાંજે ૦૫-૦૦ કલાકે જાણીતા કવિ શ્રી મનોહરભાઈ ત્રિવેદી અને લેખિકા શ્રી સોનલબહેન પરીખ સાથેનો સાહિત્યિક વાર્તાલાપનો એક નાનકડો કાર્યક્રમ યોજાઈ ગયો.
- શ્રી અતુલભાઈ પંડ્યા તા.૧૬ અને ૧૭ પારિવારિક મુલાકાતે લોકભારતીમાં આવીને રહી ગયા.
- શ્રી મહેન્દ્રસિંહજી પરમાર તા.૧૭મીના રોજ શ્રી અરુણભાઈના ખબર-અંતર પૂછવા અને લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-જસદણનાં SHGsની મહિલાઓનો એક તાલીમ કાર્યક્રમ તા.૧૮-૧૯ દરમિયાન લોકભારતી ખાતે યોજાઈ ગયો, તેમાં પ્રારંભમાં શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીની શિક્ષણ પ્રણાલિ અંગે વાતો કરી.
- તા.૨૧ના રોજ લોકભારતીના શુભેચ્છક અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા જનઆશીર્વાદ યાત્રા નિમિત્તે સણોસરા ગામેથી પસાર થવાના હોઈ, તેમનું લોકભારતી સંસ્થા વતી અભિવાદન કરવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ સહિત થોડા કાર્યકરો ગયા અને તેમને એક પુસ્તક ભેટ આપીને અભિવાદન કર્યું.
- રક્ષાબંધન કાર્યક્રમ કોવિડ-૧૯ની પૂરેપૂરી પરેજી/કાળજી રાખીને તા.૨૨ના રોજ ઉજવવામાં આવ્યો. બે વિદ્યાર્થી ભાઈ-બહેને કાર્યક્રમનું સંચાલન કર્યું, બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યા અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ વક્તાનો

આવકાર અને પરિચય કરાવ્યો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી સોનલબહેન પરીખે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. આભારદર્શન મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહજી ગોહિલે કર્યું. મધુરાસ્વાદ સાથે કાર્યક્રમ પૂરો થયા પછી બપોરના બહેનોના રસોડે બધા જ વિદ્યાર્થીઓનું સમૂહ ભોજન રહ્યું.

- લોકભારતી અધ્યાપન મંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ અને પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશની કામગીરી પણ પૂર્ણ કરેલ છે. હાલમાં દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓનું ઓનલાઇન શિક્ષણ શરૂ છે.
- તા.૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો પ્રકૃતિ દર્શન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ ઉત્સાહ અને ઉમંગથી ભાગીદાર થયા. બપોરે કુદરતી સાંનિધ્યની વચ્ચે મેલડીમાના પવિત્ર સ્થળે  સંમેલન યોજવામાં આવ્યું. સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા. સૌએ બપોરના ભોજનની પણ મજા માણી.
- તા.૨૭ના રોજ પોતાના વ્યાવહારિક કાર્ય નિમિત્તે ગયેલા શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ચાંપરડાના વિદ્યા સંકુલની મુલાકાત પણ લીધી અને આ. સંત શ્રી મુક્તાનંદબાપુના દર્શન અને મુલાકાત પણ કર્યા.
- હરિત લોકભારતી યોજના અન્વયે પોતાના વિભાગના લોકભારતી પૂર્વ વિદ્યાર્થી ગ્રુપ સાથે સક્રિય એવા લોકભારતી પીટીસી વિભાગના પૂર્વવિદ્યાર્થી શ્રી જયેશભાઈ અમૃતિયા પોતાના પરિવાર સાથે વાવાઝોડા પછી પ્રથમ વખત લોકભારતીની મુલાકાતે આવી ગયા. તેમણે તા.૨૮ અને ૨૯ના રોજ અનુક્રમે લોકભારતી અને માઈધારની મુલાકાત લીધી.
- તા.૨૮-૨૯ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ માઈધાર કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા.
- કોવિડ-૧૯ને કારણે છેલ્લાં બે વર્ષથી આપણે કોઈ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનો ગોઠવી શક્યા નથી. આ વખતે દર્શક પુણ્યતિથિ નિમિત્તે તા.૨૯ના રોજ રાત્રે ૦૮-૩૦ એક વર્ચ્યૂઅલ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ વ્યાખ્યાનની વિશેષતા એ રહી કે તે અમેરિકા, યુરોપ અને ભારત એમ બધા દેશોમાં વસતા લોકભારતીના શુભેચ્છકો અને 'દર્શક'ના ચાહકો જોઈ શકે તે સારુ સૌને અનુકૂળ પડે તે માટે આવો સમય રાખવામાં આવ્યો હતો. અમેરિકાસ્થિત સાહિત્યના જાણીતા અભ્યાસી શ્રી મધુસૂદનભાઈ કાપડિયાએ 'સૌ સૌના કર્ણઃ ઉમાશંકર, રવીન્દ્ર, દર્શક અને બીજા' વિષય ઉપર અમેરિકાથી બહુ જ ઊંડાણપૂર્વકના અભ્યાસ સાથેનું વ્યાખ્યાન રજૂ કર્યું. ઇન્ટરનેટની સમસ્યાઓને કારણે કાર્યક્રમ નિર્ધારિત સમય કરતાં અડધોએક કલાક મોડો શરૂ કરી શકાયો તે કારણે યુટ્યૂબ પર જોડાયેલા કેટલાયે શુભેચ્છકોએ કાર્યક્રમ છોડ્યો ખરો, પણ પછીથી એ જ લિંક પર આ વ્યાખ્યાનનું રેકોર્ડિંગ ઉપલબ્ધ હોવાથી દુનિયાભરના અંદાજે પાંચસોએક જેટલા લોકોએ આ વ્યાખ્યાન સાંભળ્યું. કાર્યક્રમ મોડો શરૂ થઈ શક્યો તેથી અને શ્રી પ્રકાશભાઈ શાહ પણ ઇન્ટરનેટની સમસ્યાને કારણે ન જોડાઈ શકેલા તેથી તેમણે જે કાર્યક્રમની ભૂમિકા અને વક્તાશ્રીનો પરિચય આપવાનો હતો તે ઉપક્રમ ન જળવાઈ શક્યો, તે ઉપક્રમ વક્તાશ્રીના વ્યાખ્યાન પછી એકદમ ટૂંકમાં શ્રી હસમુખભાઈ

દેવમુરારિએ જાળવવા પ્રયત્ન કર્યો. અંતે યુ.કે.થી શ્રી વિપુલભાઈ કલ્યાણીએ સમાપન અને આભારદર્શન કર્યું.

**આંબલા સમાચાર**

- તા.૧૪ના રોજ સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ, સૌ કાર્યકરો ઉત્સાહથી જોડાયા.
- સ્વાતંત્ર્ય દિન નિમિતે સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર શ્રી અશોકભાઈ ડાભીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા કવાયતના દાવ રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગ્રામજનો, સૌ કાર્યકર પરિવારજનો તથા પંચાયત સભ્યો જોડાયા.
- સ્વાતંત્ર્ય દિન નિમિતે સાંજે સમૂહ ગરીબીનું આયોજન કરવામાં આવ્યું. સૌ વિદ્યાર્થીઓ તથા કાર્યકરો ઉત્સાહથી જોડાયા.
- શ્રી નીતિનભાઈ પંચોલી પાંચ દિવસ સંસ્થાના વિદ્યાર્થીઓમાં સેવા અને રાષ્ટ્ર પ્રેમ જાગે તે અંગેના વક્તવ્ય આપવા માટે આવી ગયા.
- તા.૨૧ના રોજ યજ્ઞાર્થે સફાઈ રાખવામાં આવી, જેમાં સૌએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા.૨૨ના રોજ રક્ષાબંધન પર્વ પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાની અધ્યક્ષતામાં યોજાઈ ગયું. વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય તેવી તેમણે આગવી શૈલીમાં વાતો કરી. આ પ્રસંગે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ આ પર્વનું મહત્ત્વ સમજાવતા સ્વાધ્યાય રજૂ કર્યા. મહેમાનનો પરિચય તથા સ્વાગત શ્રી વાઘજીભાઈ કરમટિયાએ કર્યું, આભારદર્શન શ્રી રાજેન્દ્રસિંહજી વાળાએ કર્યું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૌરાંગભાઈ વોરાએ કર્યું.
- તા. ૨૨ના રોજ રક્ષાબંધન પર્વ નિમિત્તે સાંજે સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, તેમાં શ્રી શ્યામભાઈ મકવાણાએ વિદ્યાર્થીઓને સુમધુર ગીતો સાથે લોકસાહિત્ય પીરસી મજા કરાવી.
- તા. ૨૫ના રોજ યુવક મહોત્સવમાં સમૂહગાન સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત થયો. હવે આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જશે. સમગ્ર સંગીત ટુકડી તથા સંગીત શિક્ષક શ્રી તુષારભાઈને શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી રાજેન્દ્રસિંહજી વાળાએ અભિનંદન પાઠવ્યા.
- તારીખ ૨૬ના રોજ જિલ્લા રાજીસ્ટ્રાર શ્રી ડી. સી. ડીરથાણી સાહેબ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- શ્રી વાઘજીભાઈ કરમટિયા વાળુકડ મુકામે ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- મણાર લોકશાળાના તમામ શૈક્ષણિક કાર્યકરોએ ‘દિક્ષા પોર્ટલ’ પર ત્રણ દિવસ ‘નિષ્ઠા’ની તાલીમ તાલીમ લીધી.
- ગુજરાત નઈ તાલીમ સંઘની કારોબારીની મીટિંગમાં તા.૫ના રોજ અમદાવાદ મુકામે શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ સ્વ. મૃદુલાબહેન મહેતાની સ્મૃતિમાં યોજાતી ‘પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા’ કોરોનાને કારણે સ્થાનિક રીતે યોજાઈ. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભાષાવિદ્ અને આજીવન શિક્ષક એવા શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરુએ ‘પ્રેરણા પુરુષ પં. સુખલાલજી’ વિષય પર વ્યાખ્યાન આપ્યું.

- તા.૧૩ના રોજ એન.સી.સી.ના કેડેટ્સ દ્વારા શ્રી અંકુરભાઈ શાહના માર્ગદર્શન નીચે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર-મણારના પ્રાંગણમાં ઉત્સાહભેર ઉજવવામાં આવી. તળાજા તાલુકા પંચાયતના સદસ્યા શ્રીમતી શૈલીબહેનના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે એન.સી.સી.ના બીજા વર્ષના કેડેટ્સને 'એ' સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું.
- ગ્રામદક્ષિણામૂર્તિ વ્યવસ્થાપક મંડળની મીટિંગ લોકભારતી મુકામે શ્રી અરુણભાઈ દવેના પ્રમુખસ્થાને તા. ૧૭ના રોજ યોજાઈ ગઈ. જેમાં નિયામકશ્રી, વ્યવસ્થાપકશ્રી અને બંને લોકશાળાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા.
- તા.૧૭થી ૧૯ એમ ત્રણ દિવસ ધો. ૧૧ના ગુજરાતી, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાનની નિદાન કસોટીઓ યોજવામાં આવી.
- તા.૨૦ના રોજ નવા કન્યા છાત્રાલયના પ્રાંગણમાં ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો.
- 'રક્ષાબંધન'ના કાર્યક્રમમાં શ્રી ભાવનાબહેન પાઠક તથા શ્રી અવનીબહેન રાવળ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં તેઓએ વિદ્યાર્થીઓ સમક્ષ સરસ વાતો કરી. પ્રતીકરક્ષાબંધન બાદ તમામ છાત્ર-છાત્રાઓને વિદ્યાર્થિનીઓ દ્વારા જાતે બનાવેલ રાખડી બાંધવામાં આવી.
- શ્રી મધુકરભાઈ પારેખના ૭૫મા જન્મદિવસની ઉજવણી પ્રસંગે કળસાર મુકામે યોજાયેલ વ્યાખ્યાનમાળાના દ્વિતીય મણકામાં શ્રી ડાયાભાઈ ડાંગર તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા.
- તા.૨૨ના રોજ સોયાબીનના બ્રીડરસીડ પ્લોટનું નિરીક્ષણ કરવા ડૉ. સી. પી. સિંગ આવી ગયા.
- તા.૨૪ના રોજ ૩ ગુજરાત નેવલ એન.સી.સી. ભાવનગરનો પી.આઈ. સ્ટાફ ધો.૦૯ના એન.સી.સી.ના કેડેટ્સના એનરોલમેન્ટ માટે આવી ગયો. તેમણે અહીંના એન.સી.સી. પ્રોગ્રામના ભરપૂર વખાણ કર્યાં. શ્રી અંકુરભાઈ શાહના કાર્યને બીરદાવ્યું.
- 'બેલા' લોકશાળા મુકામે યોજાયેલ પીજીવીસીએલના એન્જીનિયરોના સન્માન કાર્યક્રમમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ તથા શ્રી પૃથ્વીરાજસિંહજી ગોહિલ જઈ આવ્યા.

ગાંધીજીની સૌથી મોટી દેણગી શી હતી? એમની દેણગી અનેક છે. સૌથી પહેલું, એમણે કાયરતાને સ્થાને હિંમત પેદા કરી, સ્વાતંત્ર્ય માગવાની હિંમત. તેમ છતાં, કેવળ ભારતને માટે જ નહીં, આખા જગત માટે તેમણે જે મોટામાં મોટી વસ્તુ કરી તે તો અહિંસાનો પાઠ શીખવ્યો એ છે. સ્વતંત્રતા આવી તે પણ એની મારફતે આવી. ગાંધીજીની અહિંસા કાયરની નહીં પણ વીરની હતી. જે કંઈ અનિષ્ટ બન્યું તે અહિંસાને કારણે નહોતું બન્યું, પણ લોકોએ અહિંસા પૂરેપૂરી ઝીલી કે પચાવી ન હતી માટે બન્યું હતું.

લોકો ગાંધીજીની ટીકા કરતા હોય કે એમનું મૂલ્ય ઓછું આંકતા હોય તો આંકવા દો. દુનિયાની તો રીત જ એ છે. એમના ગૌરવમાં આપણે પ્રશંસાથી ઉમેરો કરી શકીએ એમ નથી તેમ એમની ટીકા કરીને એમને જગતની નજરમાં હલકા પાડી શકીએ એમ નથી. તેઓ સદા મહાન હતા અને મહાન જ રહેશે.

- ખાન અબ્દુલ ગફારખાન

## સ્વાતંત્ર્ય-દિવસની ઉમંગભેર ઉજવણી...







## જન્માષ્ટમીની ભાવસભર ઉજવણી...





## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે રક્ષાબંધનની ઉજવણી









To.

From :


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-